# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

01 MARCH, 2026 SUNDAY



પેજ 2



ડભોઈ માં સૈયદ અબ્દુલરસીદ મીયા કાદરી નો ૪૨ મા ઉર્સ ની ભવ્ય ઉજવણી કરાઈ

પેજ 3



ગુજરાત સરકારનો મોટો નિર્ણયઃ 14-15 વર્ષની કિશોરીઓને ફ્રીમાં અપાશે સર્વાઇકલ કેન્સરની રસી

પેજ 7




આશારામ આશ્રમના ગેટ પાસેથી દારૂ ઝડપાયો

પેજ 5



ઓલપાડ પોલીસે શામજી નગરમાંથી રૂ. ૪૩.૮૭ લાખની કિંમતના ગાંજાના જથ્થા સાથે ત્રણને ઝડપ્યા



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 343 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### ઈરાની રક્ષા મંત્રી માર્યા ગયાનો દાવો; ઈરાને 400 મિસાઈલો છોડી, દુનિયાભરની ફ્લાઈટને અસર

# ઈઝરાયલ-અમેરિકાનો ઈરાન પર હુમલો, 201નાં મોત:700થી વધુ ઘાયલ

### ઇરાની શાળામાં મિસાઇલથી હુમલો થયો, જેમાં 85 વિદ્યાર્થિનીઓનાં મોત થયાં અને 45 અન્ય ઘાયલ થયાં, હુમલાઓની આસપાસની પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે

• ઈરાન

શનિવારે સવારે ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર મોટો હુમલો કર્યો. ઈરાનની રેડ ક્રેસેન્ટ સોસાયટી અનુસાર, અમેરિકા અને ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા 201 લોકો માર્યા ગયા છે અને 747 ઘાયલ થયા છે.

ઈરાની શાળામાં મિસાઈલથી હુમલો થયો, જેમાં 85 વિદ્યાર્થિનીઓનાં મોત થયાં અને 45 અન્ય ઘાયલ થયાં. સૂત્રોને ટાંકીને રોઈટર્સે દાવો કર્યો છે કે ઈઝરાયલી હુમલામાં ઈરાની રક્ષા મંત્રી અમીર નાસિરઝાદેહ અને રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) કમાન્ડર મોહમ્મદ પાકપુર માર્યા ગયા.

ઈઝરાયલે અમેરિકા સાથે મળીને 10 ઈરાની શહેરો પર હવાઈ હુમલા કર્યા. હુમલા બાદ, ટ્રમ્પે એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે ઈરાન પર હુમલો અમેરિકન નાગરિકોને બચાવવા માટે કરવામાં આવ્યો હતો., ઈરાને ઈઝરાયલ પર આશરે 400 મિસાઈલો છોડી અને કતાર, કુવૈત, જોર્ડન, બહેરીન, સાઉદી અરેબિયા અને UAEમાં યુએસ બેઝને પણ નિશાન બનાવ્યા. એટલું જ નહીં, ઈરાને UAEના સૌથી વધુ વસ્તી ધરાવતા શહેર દુબઈ પર પણ હુમલો કર્યો. અમેરિકાએ હુમલાની ધમકી આપી હતી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલાની ધમકી આપી હતી. અમેરિકી સેના પહેલાથી જ ઈરાનને ચારેય બાજુથી ઘેરી ચૂકી છે. આ પહેલા શુક્રવારે અમેરિકાએ પોતાના નાગરિકોને તાત્કાલિક ઈઝરાયલ છોડવા માટે કહ્યું હતું.તો બીજી તરફ, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે ઈરાન પર હુમલાની જાણકારી આપતા તેને 'પ્રિવેન્ટિવ એટેક' ગણાવ્યો છે. તેહરાન સહિત ઘણા શહેરોમાં ધમાકા સંભળાયા છે અને હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે.હુમલા બાદ ઈરાને તમામ ફ્લાઈટ્સ રોકી દીધી છે અને એરસ્પેસ સંપૂર્ણપણે ખાલી કરાવી દેવામાં આવ્યું છે. અહીં ઈઝરાયલમાં પણ એર એટેકના સાયરન સંભળાઈ રહ્યા છે. સંવેદનશીલ વિસ્તારોને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. લોકોને



ઘરોમાં રહેવાની અપીલ કરવામાં આવી છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF)એ તેના ઈતિહાસમાં સૌથી મોટું હવાઈ ઓપરેશન હાથ ધરવાનો દાવો કર્યો છે. સૈન્યના જણાવ્યા અનુસાર, આ ઓપરેશનમાં આશરે 200 ફાઈટર જેટ દ્વારા અનેક ઈરાની લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ વિમાનોએ એક સાથે આશરે 500 ટાર્ગેટ પર હુમલો કર્યો હતો. રોઈટર્સ દ્વારા માહિતી આપવામાં આવેલા એક અધિકારીના જણાવ્યા અનુસાર, શનિવારે અત્યાર સુધીમાં કતાર પર 44 મિસાઈલો અને 8 ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો છે.હુમલાઓની આસપાસની પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે, અને સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. અનાદોલુ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને ઈસ્લામિક વિશ્વને મિડલ ઈસ્ટમાં વધતા તણાવને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે. કુવૈતની બધી શાળાઓમાં આવતીકાલે ઓનલાઈન ક્લાસ પ્રાદેશિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કુવૈતી સરકારે જાહેરાત કરી છે કે બધી શૈક્ષણિક સંસ્થાઓ આવતીકાલે રવિવારે ઓનલાઈન વર્ગો યોજશે. આ નિર્ણય તમામ સ્તરની શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડે છે.

ઈરાની મીડિયાએ રેડ ક્રેસેન્ટને ટાંકીને અહેવાલ આપ્યો છે કે યુએસ-ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં 201 લોકો માર્યા ગયા અને 747 ઘાયલ થયા. અહેવાલો અનુસાર, આ હુમલાઓ દેશના 24 પ્રાંતોમાં કરવામાં આવ્યા હતા. ઘાયલોની વિવિધ હોસ્પિટલોમાં સારવાર કરવામાં આવી રહી છે. ઈરાન પરના હુમલા બાદ અમેરિકાના પરિવહન વિભાગે કોમર્શિયલ જહાજોને ગલ્ફ ક્ષેત્રથી દૂર રહેવાની સલાહ આપી છે. યુએસ મેરીટાઈમ એડમિનિસ્ટ્રેશનના એક નિવેદનમાં જણાવાયું છે કે હોર્મુઝ સ્ટ્રેટ ઓમાનના અખાત અને અરબી સમુદ્રમાં નોંધપાત્ર લશ્કરી પ્રવૃત્તિ ચાલી રહી છે. તેથી, જહાજોને શક્ય હોય તો આ વિસ્તાર ટાળવાની સલાહ આપવામાં આવે છે. UAEના સંરક્ષણ મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે દેશની એર ડિફેન્સ સિસ્ટમે ઈરાન દ્વારા શરૂ કરાયેલા નવા મિસાઈલ અને ડ્રોન હુમલાને અટકાવ્યા. મંત્રાલયના જણાવ્યા અનુસાર આ કાર્યવાહી ઉચ્ચ કાર્યક્ષમતા સાથે હાથ ધરવામાં આવી હતી અને તેના પરિણામે કોઈ ભૌતિક નુકસાન થયું ન હતું.

# પાકિસ્તાન-અફઘાનિસ્તાન સંઘર્ષમાં 300નાં મોત, 500થી વધુ ઘાયલ

### ટ્રમ્પે કહ્યું- પાકિસ્તાન સારું પ્રદર્શન કરી રહ્યું છે; PAKનો દાવો- ત્યાં થતા આતંકી હુમલાઓ પાછળ ભારતનો હાથ

• ઈસ્લામાબાદ

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સૈન્ય સંઘર્ષમાં બંને પક્ષના 300થી વધુ લોકો માર્યા ગયા છે, જ્યારે 500થી વધુ ઘાયલ થયા છે. બંને દેશો એકબીજાને આગળ પણ સૈન્ય કાર્યવાહી કરવાની ધમકી આપી રહ્યા છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જ્યારે પૂછવામાં આવ્યું કે શું અમેરિકા પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે દખલગીરી કરશે? ત્યારે તેમણે કહ્યું કે હું દખલગીરી કરી શકું છું, પરંતુ મારા પાકિસ્તાન સાથે ખૂબ સારા સંબંધો છે. પાકિસ્તાન આ સમયે ઘણું સારું કરી રહ્યું છે.બીજી તરફ, પાકિસ્તાનના સૈન્ય પ્રવક્તાએ આરોપ લગાવ્યો કે દેશમાં થતા આતંકી હુમલાઓ પાછળ ભારતની ભૂમિકા છે. તેમનું કહેવું છે કે આ ગતિવિધિઓ માટે અફઘાન તાલિબાનના ક્ષેત્રનો ઉપયોગ કરવામાં આવે છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં સંઘર્ષની શરૂઆત ગુરુવારે મોડીરાત્રે થઈ, જ્યારે અફઘાનિસ્તાને 22 ફેબ્રુઆરીના રોજ થયેલા પાકિસ્તાની એરસ્ટ્રાઈકના જવાબમાં કાર્યવાહી કરી. ત્યાર બાદ પાકિસ્તાને 'ઓપરેશન ગઝબ-લિલ-હક' શરૂ કર્યું. પાકિસ્તાની વાયુસેનાએ કાબુલ, કંધાર, પક્તિયા, નંગરહાર અને અન્ય પ્રાંતોમાં એરસ્ટ્રાઈક કરી.

પાકિસ્તાની સેનાના પ્રવક્તા અહેમદ શરીફ ચૌધરીના જણાવ્યા અનુસાર, અત્યારસુધીમાં 274 તાલિબાન લડવૈયાઓ માર્યા ગયા છે અને 400થી વધુ ઘાયલ થયા છે.

તેમનું કહેવું છે કે 115 ટેન્ક અને બખ્તરબંધ વાહનો નષ્ટ કરવામાં આવ્યાં, 74 ચોકી તબાહ કરવામાં આવી અને 18 ચોકી પર પાકિસ્તાની સેનાએ નિયંત્રણ મેળવી લીધું છે. પાકિસ્તાને એ પણ સ્વીકાર્યું કે તેના 12 સૈનિકો માર્યા ગયા અને 27 ઘાયલ થયા છે.જ્યારે તાલિબાનનું કહેવું છે કે તેના માત્ર 8થી 13 લડવૈયા માર્યા ગયા અને કેટલાક ઘાયલ થયા છે. તેણે દાવો કર્યો કે 55 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને બે સૈન્ય મુખ્યાલયો સહિત અનેક ચોકીઓ પર કબજો કરવામાં આવ્યો.



તાલિબાને ચેતવણી આપી છે કે જો પાકિસ્તાને આગળ હુમલો કર્યો તો વધુ સખત જવાબ આપવામાં આવશે.

પાકિસ્તાનના હુમલાથી તબાહ થયેલા અફઘાન ઠેકાણાના સેટેલાઈટ ફૂટેજ.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાને શુક્રવારે અફઘાનિસ્તાનમાં અનેક રહેણાક ઠેકાણાં પર પણ હુમલા કર્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાને શુક્રવારે અફઘાનિસ્તાનમાં અનેક રહેણાક ઠેકાણાં પર પણ હુમલા કર્યા હતા.અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો કે તેણે પાકિસ્તાનની અંદર ડ્રોનથી સૈન્ય ઠેકાણાંને નિશાન બનાવ્યા. જ્યારે પાકિસ્તાનના સૂચનામંત્રી અત્તાઉલ્લાહ તરારે કહ્યું હતું કે એબટાબાદ, સ્વાબી અને નૌશેરામાં નાના ડ્રોન પાડી દેવામાં આવ્યા અને કોઈ મોટું નુકસાન થયું નથી. આ ઘટનાઓ પછી પાકિસ્તાનના ગૃહ મંત્રાલયે સમગ્ર દેશમાં ખાનગી ડ્રોન ઉડાડવા પર તાત્કાલિક પ્રતિબંધ લગાવી દીધો છે.પૂર્વ પાકિસ્તાની સેના અધિકારી આદિલ રાજાએ દાવો કર્યો કે અફઘાનિસ્તાનથી ઉડાડવામાં આવેલા ડ્રોને ઈસ્લામાબાદ નજીક એક ન્યૂક્લિયર એનર્જી સેન્ટર સહિત અનેક મહત્ત્વપૂર્ણ સૈન્ય ઠેકાણાંને નિશાન બનાવ્યા, જોકે એની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પાકિસ્તાનની સેનેટે અફઘાનિસ્તાન વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ પસાર કર્યો. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે આગળ કોઈપણ ઉશ્કેરણી પર "માપેલો, પરંતુ કડક અને નિર્ણાયક" જવાબ આપવામાં આવશે. વડાપ્રધાન શાહબાઝ શરીફે સેના મુખ્યાલયની મુલાકાત લીધી અને ઝીરો ટોલરન્સની નીતિનું પુનરાવર્તન કર્યું. પાકિસ્તાનના સૂચનામંત્રીએ અફઘાન તાલિબાન સરકારને ગેરકાયદે ગણાવતા આરોપ લગાવ્યો કે ત્યાં મહિલાઓ અને લઘુમતીઓના અધિકારો છીનવી લેવામાં આવી રહ્યા છે.22 ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં એરસ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાનના ઉપ-ગૃહમંત્રી તલાલ ચૌધરીએ દાવો કર્યો હતો કે સરહદી વિસ્તારોમાં TTPનાં ઠેકાણાં પર કાર્યવાહીમાં ઓછામાં ઓછા 70 લડવૈયા માર્યા ગયા. બાદમાં પાકિસ્તાની અખબાર ડોને આ સંખ્યા 80 સુધી પહોંચવાનો દાવો કર્યો હતો. અફઘાનિસ્તાને આ હુમલાઓની સખત નિંદા કરી હતી. તાલિબાનનું કહેવું હતું કે હુમલાઓમાં સામાન્ય નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા. ટોલો ન્યૂઝના રિપોર્ટ અનુસાર, નંગરહારમાં એક ઘર પર હુમલા બાદ એક જ પરિવારના 23 લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. જ્યારે અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે પાકિસ્તાનને 'યોગ્ય સમયે સખત જવાબ' આપવામાં આવશે. મંત્રાલયે આ હુમલાઓને દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈપણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી ઓપરેટ થઈ રહ્યું છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોનો સતત ઈનકાર કરતી રહી છે.

# ઈઝરાયેલના હુમલામાં ખોમૈનીના મોતનો દાવો ઈઝરાયેલી અધિકારીઓ બોલ્યા- મૃતદેહ મળ્યો

• ઈરાન

ઈઝરાયેલે શનિવાર સવારે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર મોટો હુમલો કર્યો. રોયટર્સે ઈઝરાયેલી અધિકારીઓના હવાલાથી ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામૈનીના મોતનો દાવો કર્યો છે. ઈઝરાયેલી અધિકારીઓના જણાવ્યા મુજબ ખામૈનીનો મૃતદેહ મળી આવ્યો છે. આ પહેલા ઈઝરાયેલી PM બેન્જામિન નેતન્યાહુએ કહ્યું હતું કે ખામૈની માર્યા ગયા હોવાના સંકેત છે. જોકે તેમણે કોઈ પુરાવા આપ્યા નથી. બીજી તરફ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે સુપ્રીમ લીડર જીવિત છે. તેઓ સુરક્ષિત જગ્યાએ હાજર છે.ઈરાનની રેડ ક્રેસન્ટ સોસાયટીએ જણાવ્યું છે કે અમેરિકા અને ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા 201 લોકોના મોત થઈ ચૂક્યા છે અને 747 લોકો ઘાયલ થયા છે.ઈરાનની એક સ્કૂલ પર મિસાઈલ પડવાથી 85 વિદ્યાર્થિનીઓના મોત થયા, જ્યારે 45 ઘાયલ છે. ન્યૂઝ એજન્સી રોયટર્સે સૂત્રોના હવાલાથી દાવો કર્યો છે કે ઈઝરાયેલી હુમલામાં ઈરાની રક્ષામંત્રી અમીર નાસિરઝાદેહ અને રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) ના કમાન્ડર મોહમ્મદ પાકપોરના મોત થયા છે.ઈઝરાયેલે અમેરિકા સાથે મળીને ઈરાનના 10 શહેરો પર એરસ્ટ્રાઈક કરી છે. હુમલા બાદ ટ્રમ્પે વીડિયો જાહેર કરીને કહ્યું કે ઈરાન પર આ હુમલો અમેરિકી નાગરિકોની રક્ષા માટે કરવામાં આવ્યો છે.જવાબમાં ઈરાને ઈઝરાયેલ પર અંદાજે 400 મિસાઈલો દાગી અને કતાર, કુવૈત, જોર્ડન, બહેરીન, સાઉદી અરેબિયા અને UAE માં આવેલા અમેરિકી ઠેકાણાઓને પણ નિશાન બનાવ્યા. એટલું જ નહીં,

### ઈઝરાયલી PM નેતન્યાહુએ કહ્યું, ખામેનીને સત્તા પરથી હટાવવાના છે

# 'ઈરાનને પરમાણુ તાકાત નહીં બનવા દઈએ':હુમલા બાદ ટ્રમ્પનું પહેલું નિવેદન

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે થોડા સમય પહેલાં જ અમેરિકાએ ઈરાનમાં 'મેજર કોમ્બેટ ઓપરેશન્સ' શરૂ કર્યું છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર જાહેર કરેલા વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે આ સૈન્ય અભિયાનોનો ઉદ્દેશ અમેરિકન જનતાની રક્ષા કરવાનો અને ઈરાની શાસન દ્વારા ઊભા થયેલા ખતરાઓને ખતમ કરવાનો છે. ટ્રમ્પે ઈરાની શાસનને ખૂબ જ કઠોર અને ખતરનાક જૂથ ગણાવતાં કહ્યું હતું કે અમેરિકા ઈરાનને ક્યારેય પણ પરમાણુ હથિયાર મેળવવા દેશે નહીં. તેમના જણાવ્યા મુજબ, ઈરાને તેના પરમાણુ કાર્યક્રમને ફરીથી ઊભો કરવાનો પ્રયાસ કર્યો છે અને એ લાંબા અંતરની મિસાઈલો વિકસાવી રહ્યું છે, જે અમેરિકા અને તેના સાથી દેશો માટે ગંભીર ખતરો છે.

ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, અમે તેમની મિસાઈલોને નષ્ટ કરી દઈશું અને તેમની મિસાઈલ ઈન્ડસ્ટ્રીને જમીનમાં મેળવી દઈશું. અમેરિકા ઈરાનની નૌકાદળને સંપૂર્ણપણે તબાહ કરી દેશે અને એ સુનિશ્ચિત કરશે કે તેહરાન પરમાણુ હથિયાર મેળવી ન શકે. તેમણે ઈરાની સેના IRGCને શરણાગતિ સ્વીકારવા માટે કહ્યું છે. એક અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે ઈરાન વિરુદ્ધ કાર્યવાહી હવાઈ અને સમુદ્ર બંને માર્ગોથી કરવામાં આવી રહી છે. તાજેતરના અઠવાડિયામાં અમેરિકાએ મધ્યપૂર્વમાં પોતાનાં સૈન્ય સંસાધનોની ભારે તહેનાતી કરી છે. ટ્રમ્પે એને વિશાળ નૌકા સૈન્ય કાફલો ગણાવ્યો છઆ તહેનાતીમાં વિશ્વનાં સૌથી મોટાં યુદ્ધ જહાજોમાં સામેલ USS Gerald R. Ford અને USS Abraham Lincoln પણ સામેલ છે. 'ફોર્ડ' અમેરિકાનું સૌથી નવું અને વિશ્વનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર છે, જેમાં પરમાણુ રિએક્ટર લાગેલું છે અને જે 75થી વધુ લશ્કરી વિમાનો લઈ જઈ શકે છે. બીજી તરફ 'અબ્રાહમ લિંકન', જે પરમાણુ ઊર્જાથી સંચાલિત છે, તે લગભગ 90 લશ્કરી વિમાનો તહેનાત કરી શકે છે. ટ્રમ્પના આ આક્રમક નિવેદન બાદ આ વિસ્તારમાં તણાવ વધુ વધી ગયો છે.બીજી તરફ ઈઝરાયલી વડાપ્રધાન નેતન્યાહુએ રાષ્ટ્રજોગ સંબોધન કર્યું છે. તેમણે કહ્યું કે, મારા ભાઈઓ અને બહેનો, ઈઝરાયલના નાગરિકો, થોડા સમય પહેલા ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનના આતંકી શાસન દ્વારા ઉભા થયેલા અસ્તિત્વના જોખમને ખતમ કરવા માટે એક અભિયાન શરૂ કર્યું છે.

### હાઇવે પર વિખરાયેલી નોટો લૂંટવા લોકોની પડાપડી

# બોલિવિયામાં કરન્સીથી ભરેલું પ્લેન ક્રેશ, 15નાં મોત:30 ઘાયલ

• લા પાઝ

બોલિવિયાના અલ આલ્ટો શહેરમાં શનિવારે સવારે (ભારતીય સમય અનુસાર) વાયુસેનાનું હર્ક્યુલસ વિમાન ક્રેશ થઈ ગયું. આ દુર્ઘટનામાં 15 લોકોનાં મોત થયાં, જ્યારે 30થી વધુ લોકો ઘાયલ થયા છે. વિમાન દેશની સેન્ટ્રલ બેંકની નવી નોટો લઈને જઈ રહ્યું હતું. રોઈટર્સના અહેવાલ મુજબ, ખરાબ હવામાન વચ્ચે વિમાન લેન્ડિંગ પછી રનવે પરથી લપસીને નજીકના વ્યસ્ત રસ્તા પર પડ્યું. જે રસ્તા પર એ પડ્યું ત્યાં ઊભેલી 10થી 15 ગાડી પણ એની ઝપેટમાં આવી ગઈ અને એને નુકસાન થયુંએરક્રાફ્ટનો કાટમાળ, તૂટેલી કારો અને મૃતદેહો રસ્તા પર વિખરાયેલા જોવા મળ્યાં. રસ્તા પર બેંકની નોટો પણ વિખરાયેલી જોવા મળી, જેને લૂંટવા માટે લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા. દુર્ઘટના પછી એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં અકસ્માત બાદ અફરાતફરીનો માહોલ જોવા મળ્યો. સ્થિતિને નિયંત્રિત કરવા માટે સ્થાનિક અધિકારીઓને પાણીનો છંટકાવ અને ટિયરગેસનો ઉપયોગ કરવો પડ્યો, જોકે આ વીડિયોની સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી.અકસ્માત બાદ એલ આલ્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું. રાષ્ટ્રીય એરલાઈને નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે દુર્ઘટનાગ્રસ્ત પ્લેન તેના કાફલાનો ભાગ નહોતું, એ વાયુસેનાનું વિમાન હતું. સ્થાનિક મીડિયામાં પ્રસારિત ફૂટેજમાં વિમાન ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત જોવા મળ્યું. અકસ્માત બાદ પ્લેન બે ટુકડામાં વહેંચાઈ ગયું.

# ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ; દુબઈમાં બુર્જ ખલીફા પાસે હુમલો:એરપોર્ટ બંધ

### એર ઇન્ડિયાની લંડન, ટોરોન્ટો, પેરિસ, શિકાગો ફ્લાઇટ્સ રદ, વિશ્વભરની ફ્લાઇટ્સ પર અસર

• દુબઈ

ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ વચ્ચે મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ ઝડપથી બગડી છે, જેની અસર દુબઈથી લઈને ભારત સુધી જોવા મળી રહી છે. દુબઈની પ્રખ્યાત ઈમારત બુર્જ ખલીફા નજીક ડ્રોન હુમલો થયો.સાવચેતીના ભાગરૂપે બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવ્યું અને તેની લાઈટ્સ બંધ કરી દેવામાં આવી. હુમલા બાદ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને અલ મકતૂમ એરપોર્ટ પર ફ્લાઈટ્સનું સંચાલન આગામી આદેશ સુધી રોકી દેવામાં આવ્યું.ઘણા દેશોએ તેમનો એરસ્પેસ અસ્થાયી રૂપે બંધ કરી દીધો, જેના કારણે વિશ્વભરની ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ. એર ઈન્ડિયાએ જાહેરાત કરી છે કે 1 માર્ચના રોજ લંડન, ટોરોન્ટો, ફ્રેન્કફર્ટ, પેરિસ અને શિકાગો માટેની તેની તમામ નિર્ધારિત ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. DGCA એ પણ એરલાઈન્સને 11 દેશોના એરસ્પેસથી બચવાની સલાહ આપી છે. મુસાફરોને એરપોર્ટ ન જવા અને તેમની એરલાઈન્સ પાસેથી તાજી માહિતી લેવાની સલાહ આપવામાં આવી છે.ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે દુબઈના બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવ્યું છે. આખી બિલ્ડિંગની લાઈટો પણ બંધ કરી દેવામાં આવી છે. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને અલ મકતૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ ઓપરેશન આગામી સૂચના સુધી રોકી દેવામાં આવ્યા છે. મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે તેઓ એરપોર્ટ ન જાય અને લેટેસ્ટ ફ્લાઈટ શેડ્યૂલ અપડેટ માટે સીધા તેમની એરલાઈન્સનો સંપર્ક કરે.UAE, કતાર, બહેરીન અને કુવૈતે થોડા સમય માટે તેમની એરસ્પેસ બંધ કરી દીધી હતી, જેના કારણે એરલાઈન્સને સાવચેતીના ભાગરૂપે સેવાઓ રદ કરવી, રૂટ બદલવા અથવા સ્થગિત કરવી પડી હતી.એર ઈન્ડિયાએ જણાવ્યું કે અમે અમારા ફ્લાઈટ ઓપરેશન માટે સુરક્ષા વાતાવરણનું મૂલ્યાંકન કરતા રહીશું અને જરૂરિયાત મુજબ ઓપરેશનને અગાઉથી જ એડજસ્ટ કરીશું.ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar24.com પર ઉપલબ્ધ માહિતી અનુસાર, બોઈંગ 777 એરક્રાફ્ટ દ્વારા સંચાલિત આ ફ્લાઈટ પાંચ કલાકથી વધુ સમય સુધી હવામાં રહી અને એરલાઈને સાઉદી અરેબિયાના એરસ્પેસમાં પ્રવેશ્યા પછી પાછા ફરવાનો નિર્ણય કર્યો.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# ડભોઈ માં સૈયદ અબ્દુલરસીદ મીયા કાદરી નો ૪૨ મા ઉર્સ ની ભવ્ય ઉજવણી કરાઈ



• ડભોઈ

ડભોઈ નવાપુરા દયારામ હાઈસ્કૂલ નજીક આવેલ સૈયદ અબ્દુલ રસીદ મીયા કાદરી ના ૪૨ મા ઉર્ષ ની ઉજવણી કરાઈ ૮ રમજાન ૧૯૮૪ ના દિવસે એમને શહિદી વ્હોરી હતી શહેરી દુનિયા માં કરી ઈફતારી જન્નત માં કરી હતી આપ હયાતે જીંદગી માં નિખાલસ સ્વભાવ અને અલ્લાહ ની ઈબાદત માં તલ્લીન જોવા મળતા અત્રેઉલ્લેખનીય છે કે ડભોઈ માં ઈદેમિલાદ ના જુલુસ ની શરૂઆત મદ્રેસા ના તલ્બા ઓ સાથે સૌ પ્રથમ કાદરી બાપુ એ શરૂઆત કરી જે આજે રેલી નહીં રેલા ના શકલ માં જોવા મળે છે ડભોઈ ને ઈદેમિલાદ ના જુલુસ ની આગવી ઓળખ સૈયદ અબ્દુલરસીદ કાદરી બાપુ ની શરૂઆત ને કારણે જોવા મળી છે આજે એમના સંદલ શરીફ સૈયદ આબીદ બાપુ ના ત્યાં થી શરૂ થઈ દરગાહ પહોંચી ત્યારે મોટી સંખ્યામાં અકીદત મંદ હાજર રહ્યા હતા આ પ્રસંગે સૈયદ અબ્દુલ રસીદ બાપુ ના સાહબજાદા ખાસ ઉપસ્થિત રહ્યા હતા સૈયદ સુબ્હાની બાપુ સૈયદ તાહિર બાપુ નવાપુરા મસ્જીદ ના ઈમામ અને સૈયદજાદા ઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# વીજ કર્મચારીઓની હડતાળ પર પ્રતિબંધ:6 મહિના માટે ESMA અમલમાં; સ્ટ્રાઈક, કામબંધીના પ્રયાસો કાનૂની ગુનો ગણાશે

• ગાંધીનગર

રાજ્યમાં વીજ પુરવઠો સતત અને અવરોધરહિત રહે તે હેતુસર ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી આવશ્યક સેવા જાળવણી અધિનિયમ (ESMA) હેઠળ વીજ ક્ષેત્રે હડતાળ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામું 20 માર્ચ, 2026થી આગામી 6 મહિના સુધી અમલમાં રહેશે. સરકારે જણાવ્યું છે કે રાજ્યમાં વીજ પુરવઠો ખોરવાય નહીં અને સામાન્ય જનજીવન, ઉદ્યોગો તથા કૃષિ ક્ષેત્ર પર કોઈ અસર ન થાય તે માટે આ પગલું લેવામાં આવ્યું છે. તાજેતરમાં વીજ કર્મચારીઓ દ્વારા હડતાળની શક્યતાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. આ પ્રતિબંધ નીચેના તમામ ક્ષેત્રો અને કર્મચારીઓ માટે લાગુ પડશેવીજળી ઉત્પન્ન કરતી કંપનીઓવીજ ટ્રાન્સમિશન સેવાઓ.

**સોનું જપ્ત** | ધાર્મિક વિધિના બહાને સોના-ચાંદીના દાગીના પડાવી લેતી બે મહિલાઓની ધરપકડ કરી છે

# બ્યુટી પાર્લરમાં ધાર્મિક વિધિના બહાને છેતરપિંડી કરતી બે મહિલાઓ ઝડપાઈ, સોનું જપ્ત કરાયું

## અમદાવાદ શહેરની નરોડા પોલીસે બ્યુટી પાર્લર ચલાવતા વેપારીઓ અને ગ્રાહકોને નિશાન બનાવી

• અમદાવાદ

અમદાવાદ શહેરની નરોડા પોલીસે બ્યુટી પાર્લર ચલાવતા વેપારીઓ અને ગ્રાહકોને નિશાન બનાવી, ધાર્મિક વિધિના બહાને સોના-ચાંદીના દાગીના પડાવી લેતી બે મહિલાઓની ધરપકડ કરી છે. પોલીસે આ મામલે છેતરપિંડીનો મુદ્દામાલ ખરીદનાર વેપારી સહિત કુલ ત્રણ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહિલાઓ ધાર્મિક વિધિના નામે જાળ ફેલાવતી

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ મહિલાઓ અત્યંત શાતિર રીતે છેતરપિંડી કરતી હતી. મહિલાઓ ગ્રાહક બનીને બ્યુટી પાર્લરમાં જતી હતી. સર્વિસ લેતી વખતે એક મહિલા રડવાનું નાટક કરી સામેવાળી વ્યક્તિની સહાનુભૂતિ મેળવતી. બીજી મહિલા દાવો કરતી કે તેની માતા પાસે એવી શક્તિ છે જે કોઈપણ



'દુર્ભાગ્ય' કે 'દુઃખ' દૂર કરી શકે છે. વિધિ કરવાના બહાને બંને પીડિતાને રોકડ અથવા દાગીના લાવવા સમજાવતી અને નજર ચૂકવીને તે લઈને ફરાર થઈ જતી હતી.

ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન નરોડા પોલીસને મળેલા ચોક્કસ ઈનપુટ્સના આધારે શંકાસ્પદોને ધરપકડ કરાઈ છે. આરોપીની ઓળખ ગાંધીનગર જિલ્લાના દહેગામ રોડ પર આવેલા બહિયાલ ગામની રહેવાસી 40 વર્ષીય મીનાબેન ઉર્ફે ટીના અને ખેડા જિલ્લાના દાણાદરા ગામની રહેવાસી 40 વર્ષીય રૂપલબેન તરીકે થઈ છે.

પૂછપરછ દરમિયાન બંનેએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો. પોલીસના જણાવ્યાનુસાર, મુખ્ય આરોપી મીનાબેનનો ગુનાહિત ઈતિહાસ ઘણો મોટો છે અને તેની સામે ગુજરાતના અનેક પોલીસ સ્ટેશનોમાં છેતરપિંડી અને ચોરીના ગુના નોંધાયેલા છે.

મહિલાઓએ ચોરેલા દાગીના દસક્રોઈ વિસ્તારમાં જ્વેલર્સ ચલાવતા ધીરેન અરવિંદભાઈ સોનીને વેચ્યા હોવાનું કબૂલ્યું હતું. પોલીસે ઝવેરી પાસેથી 18.57 ગ્રામ સોનાની ત્રણ લગડીઓ કબજે કરી છે, જેની બજાર કિંમત આશરે 1.77 લાખ રૂપિયા થાય છે. હાલમાં પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ વધુ કાનૂની તપાસ હાથ ધરી છે અને આ ગેંગે અન્ય કેટલા લોકોને શિકાર બનાવ્યા છે તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

## રાજપીપળાની માય શેનન પ્રી સ્કૂલમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપનું વિજ્ઞાનલક્ષી મનનીય પ્રવચન

**મનનીય પ્રવચન** | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપનું વિજ્ઞાનલક્ષી મનનીય પ્રવચન

• રાજપીપલા:

28મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી રાજપીપળા ખાતે આવેલ માય શેનન પ્રિ સ્કૂલમાં નાના બાળકો દ્વારા વિજ્ઞાન પ્રદર્શન યોજી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપ, નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ, ઉપ-પ્રમુખ ગીરીરાજસિંહ ખેર,પ્રિન્સિપાલ મહાજન ભાઈ ભાલાણી સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે એલ કેજી,યુ કેજીના નાના ભૂલકાઓ દ્વારા વિજ્ઞાન વિષયને અનુલક્ષીને વિજ્ઞાનના



જુદા જુદા વિષયપર વિજ્ઞાનના થીમ આધારિત વિજ્ઞાનના પ્રયોગો, પ્રોજેક્ટ, ચાર્ટ,મોડેલ્સ વગેરે રજુ કરવામાં આવ્યા હતા. અને નાના ભૂલકાઓએ આ વિજ્ઞાન પ્રોજેક્ટને સમજાવ્યા પણ હતા. આ પ્રસંગે નાના ભૂલકાઓએ ચંદ્રયાનની સફળતાનું સુંદર ગીત ગીત રજૂ કર્યું હતું.જેમાં ચન્દ્રયાન 3 ની સફળતા સાથે ભારત ગૌરવ નો પ્રોજેક્ટ પણ રજૂ કર્યો હતો. આં પ્રસંગે નોબેલ પારિતોષિક વિજેતા વિજેતા ડો. સી વી રામન સહિત ભારતના વૈજ્ઞાનિકોનીતસવીરોનું પણ પ્રદર્શન યોજાયું હતું જે બાળકોને ભાવી વૈજ્ઞાનિકો બનવાની પ્રેરણા આપતાં હતાં.

આ પ્રસંગે જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનું મહત્વ સમજાવી આજના દિવસે રામન ઈફેક્ટની શોધ કરનાર ડો. સી વી રામનને નોબેલ પારિતોષિક એનાયત થયું હતું એની શોધના ઉપલક્ષમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાતો હોવાનું જણાવ્યું હતું. આજના વિજ્ઞાન પ્રદર્શનમાં બાળકોએ રજુ કરેલી સુંદર કૃતિઓ દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક વલણ કેળવાય.જીવનમાં અને વ્યવહારમાં ડગલેને પગલે વિજ્ઞાનનો ઉપયોગ કરતા થાય એવો વાલી વિદ્યાર્થીઓને અનુરોધ કરી વિજ્ઞાન દિવસની શુભેચ્છા પાઠવી હતી. જયારે સાંસદમાં મનસુખ વસાવા એ જણાવ્યું હતું કે 2047 માં ભારતને વિકસિત ભારત બનાવવાનું છે ત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે ભારત અન્ય દેશોની હરોળમાં આગળ વધી રહ્યું છે ત્યારે નર્મદામાં પણ બાળ વૈજ્ઞાનિકો તૈયાર થાય તે માટે વાલીઓને નાનપણથી જ બાળકો ને ગણિત વિજ્ઞાન અને અંગ્રેજી વિષય ઉપર ભાર મૂકવા અનુરોધ કર્યો હતો અને સુંદર પ્રદર્શન કરવા બદલ બાળકોને વાલીઓને અભિનંદન પાઠ્યા હતા.

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

# બજારમાં ધાણી, ચણા, ખજૂર, કોપરા, હારડા ઘઉંની સેવનો નવો ઢગલો માલ ખડકાયો

## રાજપીપલામાં હોળી પર્વે આદિવાસીઓ દ્વારા હોળીની ખરીદી શરૂ

• રાજપીપળા,તા. 28

નર્મદા જિલ્લો આદિવાસી વિસ્તાર ગણાય છે. હોળી ધુળેટી એ આદિવાસીઓનો મુખ્ય તહેવાર છે. નર્મદા જિલ્લામાં 80% આદિવાસી લોકો વસે છે. હોળી ટાણે આદિવાસીઓ પોતાના વતન માટે પાછા ફરે છે. હાલમાં પ્રાંતમાં મજૂરી અર્થે ગયેલા આદિવાસીઓ નર્મદામાં પોતાના માદરે વતન પાછા ફર્યા છે. નર્મદા વડામથક રાજપીપળા માં હાલ હોળીની ધૂમ ખરીદી શરૂ થઈ છે. હાલ બજારમાં ધાણી, ચણા, ખજૂર, કોપરા, ઘઉંની સેવનો ઢગલો માલ બજારમાં ખડકાયો છે. દર વર્ષ કરતાં ધાણી, ચણા, ખજૂરના ભાવ વધારે હોવા છતાં બજારમાં તેની ધૂમ ખરીદી નીકળી છે.

હોળી ટાણે રાજપીપળા ઉપરાંત દેડિયાપાડા, સાગબારા, મા હોળીના ખાસ હાટ બજાર ભરાય છે. જેમાં પર પ્રાંતમાંથી પાછા ફરેલા આદિવાસી હોળી ની ધૂમ ખરીદી કરે છે. જેમાં ધણી, ચણા, કોપરા, ઘઉંની સેવ ખરીદી હોળીની પૂજા કરે છે.



આદિવાસીઓનું હોળીના ગીતો ગાયને હોળીના વધામણા લે છે.

રાજપીપળાના બજારમાં લીમડાચોક, શાકમાર્કેટ, સફેદ ટાવર પાસે, સ્ટેશન રોડ, લીમડા ચોક, વિસ્તારમાં ઘણી, ચણા, ખજૂર, કોપરાનો નવો ઢગલો માલ ખડકાયો છે. જેની લોકો ધૂમ ખરીદી શરૂ થઈ છે. તેની સાથે સાથે રંગો, રંગબેરંગી વિવિધ પીચકારીઓનો નવો ઢગલો માલ ખડકાતા તેની પણ ધૂમ ખરીદી શરૂ થઈ છે. ધાણી, ચણા, ખજૂર, કોપરા કફનાશક હોય શરદી, ખાંસી, કફ જેવી બીમારીઓ ખાવાથી દૂર થાય છે. શિયાળાની ઠંડીમાં કફ, ખાંસી ની બીમારી વધતા ફાગણમાં કફનો નાશ થાય તેવા પદાર્થોનું સેવન કફ માટે ફાયદાકારક છે.

તસવીર : દીપક જગતાપ, રાજપીપળા

# સુપ્રીમ કોર્ટે લોન ગેરન્ટરની જવાબદારી અંગે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપ્યો

સુપ્રીમ કોર્ટે લોન ગેરન્ટરની જવાબદારી અંગે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપ્યો છે, જે એવા લોકો માટે લાલબત્તી સમાન છે જે મિત્રો કે સગાં-સંબંધીની લોનમાં ગેરન્ટર તરીકે સહી કરે છે. કોર્ટે કહ્યું છે કે 'ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ' (IBC) હેઠળ જો કોઈ લોન ડિફોલ્ટ થાય છે, તો બેંક લોન લેનાર મુખ્ય વ્યક્તિ અને કોર્પોરેટ ગેરન્ટર બંને સામે એકસાથે વસૂલાતની પ્રક્રિયા શરૂ કરી શકે છે. ભારતીય કરાર અધિનિયમની કલમ 128 પ્રમાણે લોન ચૂકવવાની જવાબદારી જેટલી મુખ્ય ઉધાર લેનારની છે, તેટલી જ જવાબદારી ગેરન્ટરની પણ છે.અહીં નોંધવુ જરૂરી છે કે, અગાઉના નિયમ પ્રમાણે જો એક લોન માટે બે ગેરન્ટર હોય તો બેંક એક સમયે માત્ર એક જ વ્યક્તિ સામે કાયદાકીય કાર્યવાહી કરી શકતી હતી, જેના કારણે વસૂલાતની પ્રક્રિયામાં ઘણો સમય વીતી જતો હતો. જો કે, જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે જૂના ચુકાદા રદ કરીને હવે બેંકોને લેણદાર અને તમામ ગેરન્ટરો સામે એક જ દિવસે કેસ દાખલ કરવાની છૂટ આપી છે. આ નિર્ણયથી બેંકો અને નાણાકીય સંસ્થાઓને રાહત મળી છે.



આ ચુકાદાની સૌથી ગંભીર અસર એ છે કે, હવે ગેરન્ટર માત્ર કંપનીની હરાજી પ્રક્રિયા પૂરી થવાની રાહ જોઈને નિશ્ચિંત રહી શકશે નહીં. જો કંપનીની અસ્કયામતો વેચાયા પછી પણ બેંકનું સંપૂર્ણ દેવું ભરપાઈ નહીં થાય, તો બેંક બાકીની રકમ વસૂલવા માટે ગેરન્ટર કે પ્રમોટરોની અંગત મિલકતો જેવી કે ફિક્સ ડિપોઝિટ, બેન્ક બેલેન્સ, મ્યુચ્યુઅલ ફંડ કે અન્ય પ્રોપર્ટી પણ જપ્ત કરી શકે છે. આથી, હવે કોઈ પણ વ્યક્તિની લોનમાં ગેરન્ટર બનતા પહેલા તેની આર્થિક સદ્ધરતા અને જવાબદારીને ગંભીરતાથી સમજવી અનિવાર્ય થઈ ગઈ છે.

# મહીસાગર જીલ્લા કક્ષાનો ઔદ્યોગિક ભરતી મેળો/તથા સ્વ રોજગાર માર્ગદર્શન શિબિર લુણાવાડા મોટા સોનેલા ખાતે યોજાશે

• કાનજી ધામોત મહીસાગર

મહીસાગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તારીખ ૦૯/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે લુણાવાડા,મોટા સોનેલા,ડૉ બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે મહિલા તથા પુરુષ ઉમેદવાર માટે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો તેમજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરેલ છે જેમાં ઉમેદવારોને રોજગારલક્ષી-સ્વરોજગારલક્ષી સેવાઓ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે તેમજ રોજગાર ભરતી મેળામાં ખાનગી ક્ષેત્રમાં નોકરીદાતાઓ દ્વારા રોજગારીની તક પૂરી પાડવામાં આવશે ધોરણ ૧૦ પાસ, ધોરણ ૧૨પાસ ડિપ્લોમા, આઈ.ટી. આઈ તથા ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષનિ વય મર્યાદા ધરાવતા અનુભવી બિન અનુભવી ઉમેદવારો ને ખાનગી ક્ષેત્રમાં રોજગારની તક આપવામાં આવશે આ ભરતીમેળામાં નોકરીદાતાઓ દ્વારા ટેકનિકલ તથા નોન ટેકનિકલ જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ પ્રક્રિયા કરવામાં આવશે. વધુ માહિતી જિલ્લા રોજગાર વિનિમય કચેરી,લુણાવાડા-મહીસાગર, કલેકટર કચેરી કમ્પાઉન્ડ,રુમ નંબર ૨૨૨,૨૨૩ લુણાવાડા ,મહીસાગર ખાતે રૂબરૂ સંપર્ક કરવો અથવા કચેરી નાં હેલ્પલાઈન નંબર -(૦૨૬૭૪)૨૫૦૩૦૬ પર સંપર્ક કરવો.

## પરણીતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

# મામાને દારૂડિયા પતિના અસહ્ય ત્રાસના આખરી આક્રંદની કથની વર્ણવ્યાના બે કલાકમાં અંતિમ પગલું ભર્યું , દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના ના કલોલ તાલુકાના છત્રાલ ખાતે રહેતી 24 વર્ષીય પરણીતાએ પતિના અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. દારૂડિયા પતિ દ્વારા અવારનવાર કરવામાં આવતી મારઝૂડ અને ગાળાગાળીથી કંટાળીને આખરે બે માસૂમ બાળકોની માતાએ પોતાના મામાને આખરી આક્રંદની કથની વર્ણવ્યાના બે કલાકમાં અંતિમ પગલું ભરતા કલોલ તાલુકા પોલીસે દુષ્પ્રેરણાનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ ભરૂચમાં પાણીપુરીની લારી ચલાવી ગુજરાન ચલાવતા



મનોજભાઈ કુશવાહની ભાણી સોનમ ઉર્ફે બુલબુલ છેલ્લા કેટલાક સમયથી તેના પતિ દીપક કેશનારાયણ કુશવાહ સાથે છત્રાલની સૂર્યકિરણ સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતી હતી.

આ લગ્ન જીવનથી તેમને સંતાનમાં 5 વર્ષની દીકરી પીહુ અને 4 વર્ષનો પુત્ર પ્રિયાંશ છે. છેલ્લા પંદરેક દિવસથી દીપક દરરોજ દારૂ પીને ઘરે આવતો હતો અને સોનમ તેમજ તેના નાનકડા બાળકોને ઢોર માર મારતો હતો. આ અંગે રવિવારે સવારે સોનમે તેની માતા અને મામીને ફોન કરીને રડતા રડતા જણાવ્યું હતું કે, દીપક મને બહુ મારે છે, મામાને મોકલી મને અહીંથી લઈ જાઓ નહીતર હું મરી જઈશ. મારે હવે તેની સાથે રહેવું નથી. મારે છૂટાછેડા લેવા છે.

જોકે સોનમના મામા મનોજભાઈએ ફોન પર દીપક સાથે વાત કરી તેને શાંતિથી રહેવા સમજાવ્યો હતો. તે સમયે દીપકે જણાવ્યું હતું કે, હું બાળકો માટે નાસ્તો લેવા બહાર આવ્યો છું. હવે ઝઘડો નહીં કરીએ અને હું દારૂ પણ નહીં પીવું. આ વાતચીતના માત્ર બે કલાક બાદ દીપકે જ મામા સસરાને ફોન કરીને જાણ કરી કે સોનમે પંખે ગળેફાંસો ખાઈ લીધો છે.આ ઘટનાની જાણ થતા જ ભરૂચથી મનોજભાઈ અને તેમનો પરિવાર છત્રાલ પહોંચ્યો હતો. ત્યાં ભાણીનો મૃતદેહ જમીન પર પડેલો જોવા મળ્યો હતો અને ગળાના ભાગે ફાંસાના નિશાન હતા. બનાવની જાણ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ત્યારે મૃતકની અંતિમક્રિયાઓ પૂર્ણ થતા મામા મનોજભાઈની ફરિયાદના આધારે કલોલ તાલુકા પોલીસે દીપક વિરુદ્ધ આત્મહત્યા માટે મજબૂર કરવા અને શારીરિક માનસિક ત્રાસ આપવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત સરકારનો મોટો નિર્ણય: 14-15 વર્ષની કિશોરીઓને ફ્રીમાં અપાશે સર્વાઈકલ કેન્સરની રસી

• અમદાવાદ

મળતી માહિતી અનુસાર, રાજ્યની આશરે 5.5 લાખ કિશોરીઓને આ રસીકરણ હેઠળ આવરી લેવામાં આવશે. આ રસીકરણ ઝુંબેશ શાળાઓ અને સરકારી આરોગ્ય કેન્દ્રો પર ચલાવવામાં આવશે. ગંભીર બીમારીઓ સામે પૂર્વ-તૈયારી કરી આરોગ્યપ્રદ સમાજનું નિર્માણ કરવું અને મહિલા સશક્તિકરણને વેગ આપવો.



રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોને ઘર આંગણે જ આધુનિક સારવાર મળી રહે એ માટે હયાત 27ના મહેકમમાંથી કુલ 40ના મહેકમ પ્રમાણે નવીન મહેકમ મુજબ સામુદાયિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવાનો રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ધાનેરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવીન મહેકમ મુજબ વધારાના 5 તજજ્ઞો જેવા કે, બાળરોગ નિષ્ણાંત, સ્ત્રી-રોગ નિષ્ણાંત, ફિઝિશિયન, જનરલ સર્જન, એનેસ્થેશિઓલૉજીસ્ટ અને પેરામેડિકલ સ્ટાફ જેવા કે, એક્સ-રે ટેકનીશીયન, લેબોરેટરી ટેકનીશીયન, સ્ટાફ નર્સ તેમજ અન્ય વર્ગ-3 અને વર્ગ-4ની વધારાની જગ્યાઓ મંજુર કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જે આગામી વર્ષોમાં તબક્કાવાર તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં નવીન મહેકમ પેટર્ન મુજબ વધારાની જગ્યાઓ મંજૂર કરવા અને તે મુજબ જરૂરીયાત પ્રમાણે આનુંષાગિક કાર્યવાહી કરવામાં આવશે. જો 14 થી 15 વર્ષની વયે જ આ રસી આપી દેવામાં આવે, તો ભવિષ્યમાં કેન્સર થવાનો ખતરો નહિવત થઈ જાય છે. આ રસી વાયરસ સામે મજબૂત રોગપ્રતિકારક શક્તિ કેળવે છે.સરકારની આ પહેલથી હવે મોંઘી ગણાતી આ રસી સામાન્ય પરિવારની દીકરીઓને પણ ઉપલબ્ધ થશે, જે લાંબે ગાળે માતૃત્વ અને મહિલા સ્વાસ્થ્ય માટે વરદાન સાબિત થશે.

આરોગ્ય મંત્રી દ્વારા આપેલી માહિતી અનુસાર, ગત વર્ષે દેશમાં સર્વાઈકલ કેન્સરના 79 હજારથી વધુ કેસ નોંધાયા હતા, જેમાંથી આશરે 34 હજાર મહિલાઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ ભયાનક આંકડાઓ જ દર્શાવે છે કે સમયસર રસીકરણ કેટલું અનિવાર્ય છે.

મહિલાઓમાં સર્વાઈકલ કેન્સર મુખ્યત્વે હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) ના કારણે થાય છે, જેમાં ખાસ કરીને HPV 16 અને HPV 18 પ્રકારના વાયરસ જવાબદાર હોય છે. જો 14 થી 15 વર્ષની વયે જ આ રસી આપી દેવામાં આવે, તો ભવિષ્યમાં કેન્સર થવાનો ખતરો નહિવત થઈ જાય છે. આ રસી વાયરસ સામે મજબૂત રોગપ્રતિકારક શક્તિ કેળવે છે.સરકારની આ પહેલથી હવે મોંઘી ગણાતી આ રસી સામાન્ય પરિવારની દીકરીઓને પણ ઉપલબ્ધ થશે, જે લાંબે ગાળે માતૃત્વ અને મહિલા સ્વાસ્થ્ય માટે વરદાન સાબિત થશે.

ક્રાઈમ બ્રાંચ

આશારામ આશ્રમના ગેટ પાસેથી દારૂ ઝડપાયો

# મુંબઈથી પાર્સલની આડમાં પહોંચેલા જથ્થાની રિક્ષા ચાલક ડિલિવરી કરે તે પહેલાં ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો

**થોડા દિવસ પહેલા આઈસક્રીમની ટ્રકમાં દારૂની હેરફેરનો પર્દાફાશ થયો હતો ત્યારે હવે ટ્રાન્સપોર્ટ કંપનીની આડમાં દારૂની હેરફેરનો ઘટસ્ફોટ**

• અમદાવાદ

બુટલેગર્સની નવી નવી મોડસ ઓપરેન્ડી દિવસેને દિવસે સામે આવી રહી છે. થોડા દિવસ પહેલા આઈસક્રીમની ટ્રકમાં દારૂની હેરફેરનો પર્દાફાશ થયો હતો ત્યારે હવે ટ્રાન્સપોર્ટ કંપનીની આડમાં દારૂની હેરફેરનો ઘટસ્ફોટ થયો છે. ભુતિયા કંપનીના નામે મુંબઈના ઠેકેદારો દારૂના પાર્સલ કુરિયર મારફતે અમદાવાદમાં મોકલે છે અને ત્યારબાદ લોડીંગ રિક્ષામાં તેનું ડીલવરી થાય છે. ક્રાઈમ બ્રાંચની ટીમે મોટેરા આશારામ આશ્રમના ગેટ નજીકથી ગઈકાલે બીયરનો જથ્થો ઝડપી લીધો છે. બીયરનો જથ્થો બોગસ બીલ્ટી બનીને અમદાવાદ મુંબઈથી આવ્યો હતો. આ પહેલા પણ ક્રાઈમ બ્રાંચની ટીમે ટ્રાન્સપોર્ટ મારફતે આવતો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.




ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતીકે ડેલ્હી વેરી એપ્લીકેશન મારફતે ચાલતી લોડિંગ રિક્ષાના પાર્સલોમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો છે. આ લોડીંગ રિક્ષા રખીયલ અજીત મીલથી નીકળી મોટેરા ગામ તરફ આવી રહી છે. ક્રાઈમ બ્રાંચની ટીમ વોચમાં હતી અને તેમેની સાથે બે પંચો પણ હાજર હતા. ક્રાઈમ બ્રાંચ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પાસે છુટી છવાઈ ઉભી હતી ત્યારે એક લોડીંગ રિક્ષા આવી હતી. ક્રાઈમ બ્રાંચની ટીમે રિક્ષાનો પીઠો કર્યો હતો જ્યા થોડે દુર જઈને તે આશારામ આશ્રમ તરફ જવા લાગી હતી. આશ્રમ નજીકજ રિક્ષા ઉભી રહી હતી ત્યારે એક ટુવ્હિલર ચાલક આવ્યો હતો. લોંડીગ રિક્ષાનો ડ્રાઈવર ઉભો ઉભો વાતચીત કરી રહ્યો હતો ત્યારે ક્રાઈમ બ્રાંચની ટીમે તેમને કોર્ડન કરી લીધો હતો. ટુવ્હિરલ ચાલકનું નામ ધવલ રાવલ છે અને તે ગાંધીનગર જીલ્લા અડાલજ ગામમાં રહે છે જ્યારે લોંડિગ રિક્ષા ચાલકનું નામ શૈલેષ પટણી છે જે સરસપુર વિસ્તારમાં આવેલા ગલારઘાની ચાલીમાં રહે છે. શૈલેષ ડેલ્હી વેરીમાં પોતાનું લોહિંડ રિક્ષામાં માલની હેરફેર કરવાનું કામ કરીને ગુજરાન ચલાવે છે. રિક્ષામાં ચાર પાર્સલો હતા જે સફેદ મીણીયાની થેલીમાં લપેટાયેલા હતા.

તમામ પાર્સલો મુંબઈથી આવ્યા હતા અને અમદાવાદ બી.એચ.આર. વેન્ચર પ્રાઈવેટ લીમીટેડ અને ટુ.એમ.એમ. એન્ટરપ્રાઈઝના નામે આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચે પંચોની સામે પાર્સલ ખોલીને જોતા તેમા દારૂ તેમજ બીયરનો જથ્થો મળી આવ્યો હતો. મોડીરાત થઈ ગઈ હતી અને માહોલ તંગ થાય નહી તે માટે ધવલ અને શૈલેષની અટકાયત કરીને ક્રાઈમ બ્રાંચની કચેરીએ લોડિંગ રિક્ષા સાથે લાવ્યા હતા. બન્નેની આગવી સ્ટાઈલથી પુછપરછ કરતા તેમને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ગાંધીનગર જીલ્લાના ધવલે કબુલાત કરી હતીકે મુંબઈના બાંદ્રા ખાતે રહેતા સલીક શેખે પાર્સલમાં દારૂનો જથ્થો મોકલાવ્યો હતો. જ્યારે શૈલેષ પટણીએ કબુલાત કરી હતીકે તે રખીયાલ અજીતમીલ ઘનલક્ષ્મી ટ્રાન્સપોર્ટ ખાતે ડીલીવરીનું કામ કરે છે. ઘનલક્ષ્મી ટ્રાન્સપોર્ટ ખાતેથી ચાર પાર્સલ ડીલીવરી કરવા માટે જણાવ્યુ હતું. શૈલેષના મોબાઈલમાં પાર્સલની ડીલીવરી કરવાનું લોકેશન હતુ જેના આધારે તે મોટેરા આશારામ આશ્રમ ખાતે આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે 25 હજારથી વધુનો દારૂ અને ટુવ્હિલર સહિત કુલ 80 હજારનો મુદ્દામલ જપ્ત કર્યો છે.

ચાલુ ટ્રેનમાં ચઢવા જતાં મુસાફરનો પગ લપસ્યો, CCTV

# પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના જોખમી ગેપમાં ફસાયો, અમદાવાદમાં RPF જવાનોની સતર્કતાથી જીવ બચ્યો

**RPFના જવાનોએ મુસાફરને ખેંચી લીધો**

**જ્યારે તમે નિયમ તોડો છો ત્યારે એ તમારા માટે ચોક્કસથી જોખમ ઊભું કરે છે**

• અમદાવાદ

જ્યારે તમે નિયમ તોડો છો ત્યારે એ તમારા માટે ચોક્કસથી જોખમ ઊભું કરે છે. આપણે એવું ઘણીવાર સાંભળ્યું અને વાંચ્યુ હશે કે ચાલુ ટ્રેન-બસમાં ચઢવાથી જીવ જોખમમાં મુકાઈ શકે છે, પણ આનું પાલન કેટલા લોકો કરતા હશે? એ એક સંશોધનનો વિષય છે, ત્યારે ચાલુ ટ્રેનમાં ચઢવું કેટલું જોખમી હોઈ શકે એવું દર્શાવતા એક CCTV સામે આવ્યા છે. ગઈકાલે(27 ફેબ્રુઆરી) અમદાવાદ રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરતા એક મુસાફરનો પગ લપસી ગયો હતો. આ મુસાફર પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના જોખમી ગેપમાં ફસાઈ ગયો હતો. સદનસીબે ત્યાં હાજર RPFના જવાનોની સમયસૂચકતાએ તેને બચાવી લીધો અને એક મોટી દુર્ઘટના ટળી હતી.RPFના જવાનોની સમયસૂચકતાથી મુસાફરનો જીવ બચ્યો CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે ટ્રેન ચાલી રહી છે ત્યારે કોઈ એક મુસાફર પહેલા ટ્રેનમાં ચડી જાય છે. ત્યાર બાદ આ મુસાફર પણ ચડવા જતાં ટ્રેનની સ્પીડ વધી જતાં એ પોતાનું બેલેન્સ ગુમાવી દેતાં ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે ફસાઈ જતાં તાત્કાલિક ત્યાં હાજર RPFના જવાનોની નજર પડતાં તરત જ દોડીને તેને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેથી દૂર ખેંચી લીધો હતો અને તેનો જીવ બચાવ્યો હતો.



પ્લેટફોર્મ નં-5 પર એક મુસાફર ચઢવા જતાં બેલેન્સ ગુમાવી બેઠોગઈકાલે રાત્રે આશરે 10:30 કલાકે પ્લેટફોર્મ નંબર 5 પરથી ટ્રેન નંબર 12297 રવાના થઈ રહી હતી, ત્યારે ચન્ના ગોવિંદભાઈ નામના 36 વર્ષીય એક મુસાફર ચાલુ ટ્રેને જનરલ કોચમાં ચઢવા જતાં તેનું બેલેન્સ ગુમાવી બેઠો હતો. આ દરમિયાન પ્લેટફોર્મ પર તહેનાત CPDS ટીમના કોન્સ્ટેબલ પુરનમલ સમોતા અને છોટુલાલે પોતાની સતર્કતાથી આ મુસાફરને બચાવી લીધો હતો. બંને જવાનોએ તાત્કાલિક દોડી જઈને મુસાફરને ખેંચી લીધો હતો.મુસાફરનો પુત્ર ICUમાં દાખલ હોવાથી તેઓ ઉતાવળમાં હતા પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે મુસાફરનો પુત્ર પુણેની હોસ્પિટલમાં ICUમાં દાખલ હોવાથી તેઓ ઉતાવળમાં હતા અને ટ્રેનમાં ચઢવા જતાં પડી ગયા હતા, કોન્સ્ટેબલની સતર્કતાથી તેને બચાવી લેવામાં આવ્યો હતો.

# પી.એમ. મોદી દ્વારા સાણંદમાં માઈક્રોન ટેક્નોલોજીના અત્યાધુનિક પ્લાન્ટનું ઉદ્ઘાટન

**સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતની મોટી છલાંગ**

• અમદાવાદ

ભારતને ગ્લોબલ સેમિકન્ડક્ટર હબ બનાવવાની દિશામાં આજે (28મી ફેબ્રુઆરી) એક ઐતિહાસિક દિવસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ (28મી ફેબ્રુઆરી) તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન સાણંદ GIDC ખાતે રોડ શો બાદ માઈક્રોન ટેક્નોલોજી (Micron Technology)ના અત્યાધુનિક ATMP (એસેમ્બ્લી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સુવિધાના પ્રારંભ સાથે જ દેશની પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' (Made In India) ચિપ ગુજરાતની ધરા પરથી બનશે. માઈક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા સાણંદમાં 22,516 કરોડનું જંગી રોકાણ કરવામાં આવ્યું છે, જે ભારતીય ટેકનોલોજી ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે તેવું માનવામાં આવે છે. આ પ્લાન્ટમાં સોલિડ સ્ટેટ ડ્રાઈવ (SSD) જેવા સ્ટોરેજ ઉપકરણો તેમજ DRAM અને NAND પ્રકારના મેમરી ઉત્પાદનો તૈયાર કરવામાં



આવશે. હાલમાં આ પ્લાન્ટમાં 2000 લોકોની ટીમ કાર્યરત છે, જે આગામી સમયમાં વધીને 5000 થશે. નોંધનીય છે કે, આ ટીમમાં દિવ્યાંગ નાગરિકોને પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે રોજગારી આપીને સમાવેશ કરવામાં આવ્યો છે.આ પ્લાન્ટમાં થતી કામગીરી ટેકનિકલ દ્રષ્ટિએ અત્યંત જટિલ અને મહત્વપૂર્ણ છે. સેમિકન્ડક્ટર ચિપ બનાવવાની પ્રક્રિયા રેતીમાંથી શુદ્ધ સિલિકોન અલગ કરવાથી શરૂ થાય છે, જેને ઓગાળીને સિલિન્ડર (ઈનગોટ) બનાવાય છે અને ત્યારબાદ તેના બારીક ટુકડા કરીને 'વેફર્સ' તૈયાર કરવામાં આવે છે. ફેબ્રિકેશન પ્લાન્ટમાં આ વેફર્સ પર ફોટોલિથોગ્રાફી દ્વારા ઈલેક્ટ્રિક પેટર્ન અને ટ્રાન્ઝિસ્ટર્સ કંડારીને મેમરી તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ આ વેફર્સ સાણંદના ATMP પ્લાન્ટમાં પહોંચે છે, જ્યાં તેની એસેમ્બલી, સ્પીડ અને મેમરીનું સચોટ ટેસ્ટિંગ, માર્કિંગ અને અંતે પેકેજિંગ કરવામાં આવે છે.

# બાયડ તાલુકામાં નકલી દૂધના મોટા નેટવર્કનો પર્દાફાશ: બે વ્યક્તિઓ દ્વારા ચાર મંડળીઓમાં ભરાતું રોજનું 8 લાખનું દૂધ શંકાના દાયરામાં

• બાયડ

બાયડ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી નકલી દૂધનું મોટું નેટવર્ક સક્રિય હોવાનો ચોંકાવનારો પટસ્ફોટ થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બે શખ્સો દ્વારા ચાર જેટલી દૂધ મંડળીઓમાં દૈનિક અંદાજે 8 લાખ જેટલી માતબર રકમનું દૂધ ભરવામાં આવતું હતું. યુવરાજસિંહ જાડેજા દ્વારા પકડવામાં આવેલ નકલી દૂધના ટેન્કર આ ચાર મંડળીઓમાં ઠાલવવામાં આવતું હોવાની ચર્ચા એ જોર પકડયું છે આ દૂષ નકલી હોવાની પ્રબળ શંકાને પગલે સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર આવા તત્વોને ખુલ્લા પાડીને કડકમાં કડક સજા થવીજોઈએ એવી લોકમાગ ઉઠી રહી છ તપાસના દાયરામાં આવેલી મુખ્ય મંડળીઓ ચર્ચાઈ રહેલી વિગતો મુજબ, આ શંકાસ્પદ દૂધ નીચે મુજબની મંડળીઓમાં જમા કરાવવામાં આવતું હતું. તાલોદ ડેરી બોરડી આદર્શ દૂધ મંડળી આમોદરા દૂધ મંડળી પીપોદરા દૂધ મંડળી (સાબર ડેરીના ચેરમેન શામળભાઈ પટેલનું વતન) શીત કેન્દ્ર (ચિલિંગ સેન્ટર) ની ભૂમિકા સામે સવાલો સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારોની મંડળીઓમાં કડક ટેસ્ટિંગ વગર દૂષ સ્વીકારવામાં આવતું નથી, ત્યારે આટલા મોટા જથ્થામાં નકલી દૂધ કેવી રીતે પાસ થઈ ગયું તે એક ગંભીર પ્રશ્ન છે. આ કૌભાંડમાં અરજણવાવ ખાતે આવેલ શીત કેન્દ્રના કર્મચારીઓ પણ શંકાના દાયરામાં છે. 'જ્યારે સામાન્ય પશુપાલકના દૂધનું સેમ્પલ લેવામાં આવતું હોય, ત્યારે આટલું મોટું નેટવર્ક ટેસ્ટિંગ પ્રક્રિયામાંથી કેવી રીતે બચી ગયું? શું આમાં કોઈ મિલીભગત છે?' આ દૂધના જથ્થા પાછળ કયા કેમિકલ કે પદાર્થોનો ઉપયોગ થતો હતો અને આ આર્થિક વ્યવહારોના તાર ક્યાં જોડાયેલા છે, તેની તટસ્થ તપાસ કરવાની માંગ ઉઠી છે. સહકારી ક્ષેત્રના અગ્રણીઓના ગામની મંડળીઓમાં પણ આવું દૂધ ભરાતું હોવાની વાત વહેતી થતા પશુપાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જો ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે તો આ કૌભાંડમાં અનેક મોટા માથાઓના નામ બહાર આવવાની શક્યતા છે.

# વડોદરામાં અગોરા સિટી સેન્ટરના 17 માળેથી લિફ્ટમાંથી પટકાતા કર્મચારીનું કમકમાટીભર્યું મોત, 6 દિવસ પછી ઘરે ઈદ મનાવવા જવાનો હતો

• વડોદરા

અગોરા બિલ્ડિંગના 17માં માળે લિફ્ટની પુલીમાં વાયર બદલવાના કામ દરમિયાન શાફ્ટમાં પટકાતા 30 વર્ષીય યુવકનું મોત. વડોદરા શહેરના સમા વિસ્તારમાં આવેલા અગોરા સિટી સેન્ટર પરથી પડી જતા વધુ એક યુવકનું મોત થયું છે. અઠવાડિયા પહેલા પણ એક યુવક બિલ્ડિંગ પરથી પટકાઈને નીચે પડતા મોત થયું હતું. એક અઠવાડિયામાં અગોરા સિટી સેન્ટર પરથી પડી જતા બે યુવકના મોત થયા છેઆજે(28 ફેબ્રુઆરી) અગોરા સિટી સેન્ટરમાં લિફ્ટના મેન્ટેનન્સનું કામ કરતા કર્મચારીનું કામ કરતી વખતે 17 માળેથી લિફ્ટમાં પડી જતા કમકમાટીભર્યું મોત થયું છે. પતિના મોતથી પત્ની આઘાતમાં સરી પડી છે અને આક્રંદ સાથે કહ્યું હતું કે, મને કંઈ ના જોઈએ, મારે મારો પતિ પાછો જોઈએ. આ ઘટનાની જાણ થતાં સમા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. સમા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. 30 વર્ષીય મૃતક શાર્દુલ અલી અગોરા બિલ્ડિંગના 17માં માળે લિફ્ટની પુલીમાં વાયર બદલવાનું કામ કરી રહ્યા હતા. લિફ્ટનો વાયર ખેંચતી વખતે સંતુલન બગડતા તેઓ સીધા લિફ્ટની અંદર શાફ્ટમાં ઉપરથી નીચે પટકાયા હતા. 17માં માળેથી પડવાને કારણે તેમને ગંભીર ફ્રેક્ચર અને અન્ય આંતરિક ઈજાઓ થઈ હતી.

**હોળીના દિવસો નજીક આવતા જ રાજ્યના વિવિધ શહેરોમાંથી લોકો પોતાના ગામ અને શહેરોમાં પરત ફરવા માટે નીકળ્યા છે**

# હોળી-ધુળેટી પર્વ માટે પતનગરથી વધારાની 153 બસ દોડાવાશે: વાયા અમદાવાદ થઈ વિવિધ રૂટ પર દોડશે

• ગાંધીનગર

હોળીને કારણે રાજ્યભરમાંથી લોકો પોતાના વતન તરફ જવા નીકળતા હોવાથી જાહેર પરિવહન સેવાઓમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને દર વર્ષે રાજ્યના મોટા શહેરોમાંથી ગ્રામ્ય વિસ્તારો અને અન્ય જિલ્લાઓમાં જતાં મુસાફરોની સંખ્યા રીતે વધે છે. વધતી માંગને ધ્યાનમાં રાખીને ગાંધીનગર એસટી ડેપોએ 1 માર્ચ સુધી વ્યસ્ત રૂટ પર કુલ 153 વધારાની બસો દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ બસો વાયા અમદાવાદ દોડશે.હોળીના દિવસો નજીક આવતા જ રાજ્યના વિવિધ શહેરોમાંથી લોકો પોતાના ગામ અને શહેરોમાં પરત ફરવા માટે નીકળ્યા છે. આ દિવસોમાં પરિવાર સાથે તહેવાર ઉજવવા માટે લોકો



અગાઉથી જ મુસાફરી શરૂ કરે છે. પરિણામે બસ સ્ટેશન પર મુસાફરોની લાઈનો જોવા મળી રહી છે. ખાસ કરીને અમદાવાદ તરફ જતાં અને અમદાવાદ માર્ગે અન્ય જિલ્લાઓમાં જતાં રૂટ પર મુસાફરોની સંખ્યા વધી છે. આ પરિસ્થિતિમાં મુસાફરોને સુવિધા મળે અને અવરજવર સરળ બને તે માટે ગાંધીનગર ડેપોએ વધારાની બસો દોડાવવાની વ્યવસ્થા કરી છે. ગાંધીનગરથી અમદાવાદ અને ત્યારબાદ અમદાવાદ માર્ગે દાહોદ તેમજ અન્ય જે સ્થળોએ જતાં રૂટ પર જ્યાં વધુ ભીડ રહેતી હોય તેવા રૂટને પ્રાથમિકતા આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. પરિસ્થિતિ મુજબ બસોની સંખ્યામાં વધઘટ પણ કરવામાં આવશે. તહેવારના દિવસોમાં બસ સ્ટેશન પર મુસાફરોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. વધારાની બસોથી રાહ જોવાનો સમય ઓછો થશે અને મુસાફરોને સમયસર પોતાના સ્થાને પહોંચવામાં મદદ મળશે. હોળી-ધુળેટીના તહેવારને લઈ નાગરિકો માટે આ બસો શરૂ કરાઈ છે. ગાંધીનગરથી 153 વધારાની બસો મૂકાઈ છે જે ગાંધીનગરથી અમદાવાદ જશે જ્યાંથી ક્યા વિસ્તારમાં દોડાવવી તેનું સંચાલન અમદાવાદ ડેપો દ્વારા કરવામાં આવશે. જેથી આ બસોમાં અમદાવાદ સુધી ગયા બાદ મુસાફરોએ બસ બદલવી પડે તેવી પણ સ્થિતિ સર્જાઈ શકે છે.

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.4890 અને ચાંદીના વાયદામાં રૂ.18276નો ઉછાળો:

### કોમોડિટી વાયદાઓમાં રૂ.278820.75 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.4184873.73 કરોડનું સાપ્તાહિક ટર્નઓવર




• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર 20થી 26 ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.4463716.26 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.278820.75 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.4184873.73 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો 39489 પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.35105.58 કરોડનું થયું હતું.સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.216234.76 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.155105ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.161729 અને નીચામાં રૂ.154890ના મથાળે અથડાઈ, રૂ.154819ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.4890ના ઉછાળા સાથે રૂ.159709ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.1917ની તેજી સાથે રૂ.130058ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.340 વધી રૂ.16393ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.4580ની વૃદ્ધિ સાથે રૂ.157588 થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.157220ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.162999 અને નીચામાં રૂ.157000ના મથાળે અથડાઈ, રૂ.156935ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.3459ના ઉછાળા સાથે રૂ.160394 થયો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.243874ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.270500 અને નીચામાં રૂ.241245ના સ્તરને સ્પર્શી, રૂ.241393ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.18276ની તેજી સાથે રૂ.259669ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.20249 ઊછળી રૂ.271567ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.20033 ઊછળી સપ્તાહના અંતે રૂ.271590 થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.35098.36 કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.20.25 વધી રૂ.1207.3ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.2.7 વધી રૂ.326.95ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો સપ્તાહના અંતે રૂ.1.05 વધી રૂ.312.1ના ભાવે બોલાયો હતો. સીસું માર્ચ વાયદો 55 પૈસા વધી સપ્તાહના અંતે રૂ.189.45ના ભાવે બંધ થયો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ.27408.46 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.3675ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.4092 અને નીચામાં રૂ.3641ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.316 વધી રૂ.4004ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.6078ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.6134 અને નીચામાં રૂ.5801ના સ્તરને સ્પર્શી, રૂ.6058ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.5 ઘટી રૂ.6053ના ભાવે બંધ થયો હતો.

**આતંક** સેક્ટર-13માં માથાભારે ચરસીનો આતંક

# અશ્લીલ ગીતો બંધ કરવાનું કહેતા રહીશો પાછળ કૂતરાને દોડાવ્યો, જાહેરમાં ચપ્પુ લઈ જાનથી મારી નાખવાની ધમકી આપી

### ગાંધીનગરના સેક્ટર-13 A વિસ્તારમાં 26 ફેબ્રુઆરીની રાત્રિ એક શખસે આતંક મચાવી આખા પ્લોટ વિસ્તારને બાનમાં લીધો હતો

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-13 A વિસ્તારમાં 26 ફેબ્રુઆરીની રાત્રિ એક શખસે આતંક મચાવી આખા પ્લોટ વિસ્તારને બાનમાં લીધો હતો. ધો.10ની બોર્ડની પરીક્ષાઓ ચાલતી હોવાથી બાળકોના અભ્યાસમાં ખલેલ ન પહોંચે તે માટે અશ્લીલ ગીતો બંધ કરાવવા ગયેલા પાડોશીઓ પર ચરસી માનસિંહ ધર્મેન્દ્રસિંહ પરમાર નામના શખસે પાળતું કૂતરો પાછળ દોડાવતા રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી. એટલું જ નહીં તેણે રહીશોને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ ઉપરાંત યુવતીની છેડતી કરી હોવાનું પણ સામે આવતા સેક્ટર 7 પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.




માનસિંહે સાઉન્ડ સિસ્ટમ પર જોરજોરથી અશ્લીલ ગીતો વગાડતો ગાંધીનગર સેક્ટર 13/એ, પ્લોટ નંબર 664/1 માં રહેતા અરવિંદભાઈ અને તેમના પડોશીઓ અનિલભાઈ, જીતેન્દ્રભાઈ, પ્રમોદરાય, પાર્થ અને હસમુખભાઈ ચોકમાં બેઠા હતા. આ દરમિયાન સામેના પ્લોટ નં-662/2 માં રહેતા માનસિંહ ધર્મેદ્રસિંહ પરમારે પોતાના ઘરે અત્યંત ઉંચા અવાજે સાઉન્ડ સિસ્ટમ પર અશ્લીલ ગીતો વગાડવાનું શરૂ કર્યું હતું. આથી અરવિંદભાઈ સહિતના વસાહતીઓ બાળકોની પરીક્ષા ચાલતી હોવાથી માનસિંહને વિનંતી કરવા ગયા હતા. રહીશો વિનંતી કરવા જતાં પાળતું કૂતરો તેમની પાછળ દોડાવ્યો

રહીશોએ કહ્યું હતું કે, છોકરાઓની પરીક્ષા છે, વાંચવામાં તકલીફ પડે છે, માટે ટેપ બંધ કરો. ત્યારે આટલી વાત સાંભળતા જ માનસિંહ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો બોલવા લાગ્યો હતો. બાદમાં માનસિંહે પોતાના ઘરમાં બાંધેલો પાળતું કૂતરો ચોકમાં છોડી મુકતા રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી. જેથી બધા જીવ બચાવવા પોતાના ઘરમાં ભરાઈ ગયા હતા. ત્યારબાદ પણ સંતોષ નહીં થતા માનસિંહ હાથમાં તીક્ષ્ણ ચપ્પુ જેવું હથિયાર લઈને જાહેરમાં ચીકમાં ધસી ગયો હતો.

રહીશોને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપમાનસિંહ બૂમો પાડી ધમકી આપી હતી કે, જો ફરીથી મારા ઘરે આવ્યા તો બધાને જાનથી મારી નાખીશ અને મારા કૂતરાથી કરડાવી ફાડી ખવડાવીશ. આ ઘટનાના પગલે અત્રેના વિસ્તારના રહીશોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ મામલો વધુ બિચકતા વસાહતી સુનિલભાઈ સાકરીયાએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમ પર ફોન કરી પોલીસને જાણ કરી હતી.યુવતીનો હાથ પકડી છેડતી કર્યાનો ચોંકાવનારો ખુલાસો

આ હંગામા દરમિયાન પાડોશમાં રહેતી યુવતીએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, બે દિવસ પહેલા જ્યારે તે નોકરીથી પરત ફરી રહી હતી, ત્યારે માનસિંહે રસ્તામાં તેનો હાથ પકડી રોકી રાખો અભદ્ર વર્તન કરી છેડતી કરી હતી.

જોકે, માનસિંહના ઝનુની અને માથાભારે સ્વભાવને કારણે અત્યાર સુધી કોઈ તેની સામે બોલવાની હિંમત કરતું નહોતું. પરંતુ આ વખતે તેણે તમામ હદો વટાવી દેતા તમામ રહીશોએ એકઠા થઈ કડક કાર્યવાહીની માગ કરી હતી. જેના પગલે પોલીસે માનસિંહ પરમારને જેલના સળિયા ગણતો કરી દીધો છે.ઉપરાંત મનપાની ટીમ પણ તેના ખુંખાર કૂતરાને પકડી લઈ ગઈ છે. ત્યારે પોલીસ તપાસમાં માનસિંહ ચરસી હોવાની સાથે તેના વિરુદ્ધમાં હત્યાના પ્રયાસનો ગુનો અગાઉ નોંધાઈ ચૂક્યો હોવાની પણ હકીકત બહાર આવી છે. જેના વિરુધ ગુનો નોંધી પોલીસે કાયદાનો મજબૂત ગાળિયો કસવાની તૈયારીઓ કરી છે.

### પ્રાકૃતિક ખેતીથી રાણાકંડારણા ના પ્રકાશભાઈ સુરેલા ખેતીની નવી રાહ માટે બન્યા પ્રેરણાસ્ત્રોત

# 'વેલનાથ પ્રાકૃતિક ફાર્મ'માં ૨.૫ વિઘિથી લઈ ૨૧ વિઘા પર ઝેરમુક્ત ખેતીથી મેળવ્યો આર્થિક લાભ અને આત્મસંતોષ

**'ઝેરમુક્ત ખેતી'** જીવાત નિયંત્રણ માટે પ્રાકૃતિક રીતે બનાવેલા પાંચ-પાંદડિયા અર્ક સહિતનો ઉપયોગ કરી ખેતીને બનાવીએ ખરા અર્થમાં નફાકારક



• ગોસા(ઘેડ) તા.૨૮

આધુનિક સમયમાં રાસાયણિક ખેતીના કારણે જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય બંને પર પડતા પ્રતિકૂળ પ્રભાવ વચ્ચે પોરબંદર જિલ્લાના ખેડૂતો 'ઝેરમુક્ત ખેતી' તરફ આગળ વધી રહ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રાકૃતિક કૃષિ પ્રોત્સાહન સંકલ્પને સાકાર કરવામાં પોરબંદરના પ્રગતિશીલ કૃષિકારો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.આ સંદર્ભમાં રાણાવાવ તાલુકાના રાણાકંડારણા ગામના પ્રગતિશીલ કૃષિકાર પ્રકાશભાઈ મનસુખભાઈ સુરેલા ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. તેમની વાડીમાં આજે પક્ષીઓનો કલરવ અને જમીનની તાજગી પ્રાકૃતિક ખેતીની સફળતાની સાક્ષી આપે છે. સ્થાનિક પ્રગતિશીલ કૃષિકાર દેવાભાઈ ખૂંટીના માર્ગદર્શન હેઠળ રાસાયણિક ખેતીના વધતા ખર્ચ અને ઘટતી ઉપજથી ચિંતિત પ્રકાશભાઈએ શરૂઆતમાં ૨.૫ વિઘામાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કર્યો હતો.

પ્રયોગ સફળ થતા તેમણે વર્ષ ૨૦૧૭થી 'વેલનાથ પ્રાકૃતિક ફાર્મ' દ્વારા સંપૂર્ણ રીતે પ્રાકૃતિક પદ્ધતિ અપનાવી. આજે તેઓ ૨૧ વિઘામાં શાકભાજી, મગફળી, તલ, જીરૂ, ધાણા અને ઘઉં જેવા વિવિધ પાકો સફળતાપૂર્વક લઈ રહ્યા છે. પાંચ-દસ પાંદડિયા અર્ક અને અગ્નિઅસ્ત્ર જેવી કુદરતી દવાઓથી તેઓ જીવાતનું અસરકારક નિયંત્રણ કરે છે.

પ્રકાશભાઈ જણાવે છે કે રાસાયણિક ખેતીમાં ખર્ચ વધારે અને જમીન બગાડતી હતી, જ્યારે પ્રાકૃતિક ખેતી અપનાવ્યા પછી ખર્ચ ઘટ્યો, જમીનની શક્તિ વધી અને પાકની ગુણવત્તા સુધરી. ઝેરમુક્ત પેદાશોને ગ્રાહકો તરફથી સારો પ્રતિસાદ મળતા તેઓને બજારમાં દોઢ ગણો ભાવ પણ મળે છે. તેમના મતે પ્રાકૃતિક ખેતી માત્ર ખેતી પદ્ધતિ નહીં, પરંતુ સ્વસ્થ જીવનશૈલી છે.

આ રીતે પ્રકાશભાઈ સુરેલાએ સાબિત કર્યું છે કે મક્કમ સંકલ્પ અને યોગ્ય માર્ગદર્શનથી પ્રાકૃતિક ખેતી દ્વારા ધરતી માતાની ફળદ્રુપતા પુનઃસ્થાપિત કરી ખેતીને નફાકારક બનાવી શકાય છે. તેમની સફળતા સમગ્ર જિલ્લાના ખેડૂતો માટે પ્રેરણારૂપ બની છે અને 'ઝેરમુક્ત ખેતી'ના રાષ્ટ્રીય અભિયાનને પણ મજબૂત બનાવે છે.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

# સાળંગપુર ખાતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને કેસુડાના ફુલનો દિવ્ય શણગાર કરાયો

### ધાણી,ખજુર અને ડાળિયા,તલના લાડું-મમરાના,લાડુ-સીંગપાક નો અન્નકૂટ ધરાવાયો,હજારો ભક્તોએ કર્યા

• તસવીર:વિપુલ લુહાર,બોટાદ

બોટાદ જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી આજરોજ શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને કેસુડાના વાઘા ધરાવી દાદાના સિંહાસનને કેસુડાનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો સાથે હનુમાનજી દાદાને ધાણી,ખજુર-ડાળીયા-તલના લાડું-મમરાના લાડુ-સીંગપાક વિગેરેનો અન્નકૂટ ધરાવવામાં આવેલ તેમજ મંદિરના પરિસર મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ અનેક ભક્તો દ્વારા દાદાને ધજા ચઢવામાં આવી હતી જેના દર્શન-અન્નકૂટ-આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી...



# બિહોલા તથા તેમની સમગ્ર ટીમ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવતી કામગીરી ખરેખર સરાહનીય અને પ્રેરણાદાયક

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પી.આઈ. કિરીટસિંહ બિહોલા તથા તેમની સમગ્ર ટીમ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવતી કામગીરી ખરેખર સરાહનીય અને પ્રેરણાદાયક છે. તેમના દ્રઢ નેતૃત્વ અને કડક વલણને કારણે વિસ્તારમાં ગુનાખોરી પર નોંધપાત્ર અંકુશ આવ્યો છે.શિહોરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ, જુગાર અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સતત અભિયાન ચલાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેના પરિણામે અસામાજિક તત્વોમાં ભય અને સામાન્ય નાગરિકોમાં વિશ્વાસનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને શાળાઓ આસપાસ અને જાહેર સ્થળોએ નિયમિત પેટ્રોલિંગ દ્વારા વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. માતા-પિતાને પણ હવે સંતાનોની સુરક્ષા અંગે નિશ્ચિંતા અનુભવાઈ રહી છે. શિહોરી પોલીસ સ્ટેશન ના સ્ટાફ દ્વારા 24 કલાક સતર્ક રહી નાગરિકોની સુરક્ષા માટે કાર્યરત છે. રાત્રિ પેટ્રોલિંગ, અચાનક ચેકિંગ, ટ્રાફિક નિયમોની કડક અમલવારી અને જાહેર સ્થળોએ નજર રાખી કાયદાનું પાલન કરાવામાં આવી રહ્યું છે. ઉપરાંત, જનતા સાથે મિત્રતા ભાવથી સંવાદ સાધી પોલીસ અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ મજબૂત બનાવવામાં આવી રહ્યો છે. શિહોરી પી.આઈ.કિરીટસિંહ બિહોલા ની કાર્યશૈલી, પારદર્શિતા અને નિષ્પક્ષતા તેમજ એક લોકપ્રિય અધિકારી તરીકે સ્થાપિત કરે છે. સમગ્ર વિસ્તારના લોકો તેમની કામગીરીની પ્રશંસા કરી રહ્યા છે તેવુ લોક મુખે ચર્ચા ચાલી રહી છે અને શિહોરી પોલીસની ટીમને અભિનંદન પાઠવી રહ્યા છે.આવી જ નિષ્ઠાપુર્વક સાથે પોલીસ વિભાગ આગળ વધે અને સમાજમાં શાંતિ, સુરક્ષા અને વિશ્વાસનું વાતાવરણ વધુ મજબૂત બને તેવી સૌની અપેક્ષા છે.

# વી હેલ્પ ફાઉન્ડેશન દ્વારા 'ઊર્જા એવોર્ડ્સ 8.0 ' ની જાહેરાત

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે અનાર પટેલના મુખ્ય આતિથ્યમાં નારી શક્તિનો થશે સન્માન ઉત્સવ અમદાવાદ, ગુજરાત – વી હેલ્પ ફાઉન્ડેશન (V Help Foundation) દ્વારા આ ગામી ૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની વિશેષ ઉજવણીના ભાગરૂપે તેના પ્રતિષ્ઠિત 'ઊર્જા એવોર્ડ્સ'ની ૮મી આવૃત્તિ (Urja Awards 8.0) નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના વસ્ત્રાપુર સ્થિત અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે સાંજે ૫:૦૦ થી ૮:૦૦ દરમિયાન આ સમારોહ યોજાશે.મુખ્ય અતિથિ વિશેઃ આ વર્ષના સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગ્રામશ્રી (Gramshree) અને ક્રાફ્ટરૂ ટ (Craftroot) ના ફાઉન્ડર તેમજ ખોડલધામ ટ્રસ્ટ માં નેતૃત્વની ભૂમિકા ભજવનાર આદરણીય અનારબેન પટેલ ખાસ ઉપસ્થિત રહી વિજેતાઓને પ્રોત્સાહિત કરશે. ગ્રામીણ કલાકારો અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે તેમનું યોગદાન સમગ્ર ગુજરાત માટે પ્રેરણારૂપ છે.સન્માન અને ઊર્જાઃ વી હે લ્પ ફાઉન્ડેશન છેલ્લા એક દાયકાથી વધુ સમયથી સમાજસેવા ક્ષેત્રે સક્રિય છે. 'ઊર્જા એવોર્ડ્સ' દ્વારા એવી મહિલાઓને મંચ પૂરું પાડવામાં આવે છે જેમણે શિક્ષણ, સામાજિક સેવા, કલા અને ઉદ્યોગ સાહસિકતામાં મક્કમ ડગલાં માંડ્યા છે.સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી સચિન શાહે જણાવ્યું હતું કે, 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ના અવસરે અનારબેન પટેલ જેવા અનુભવી અને સેવાભાવી વ્યક્તિત્વ આ વર્ષે આપણા એવોર્ડ વિજેતાઓને પ્રોત્સાહિત કરશે તે ગર્વની વાત છે.

### કમલાબાગમાં મળેલ ૨ તોલાનો ચેન મૂળ માલિકને શોધી પોલીસ સ્ટેશનમાં સોંપ્યો

# ઈમાનદારીનો અનોખો દ્રષ્ટાંતઃ છાયા કન્યા શાળાના શિક્ષકે ૩ લાખનો મળેલો સોનાનો ચેન મૂળ માલિકને પરત કર્યો

• ગોસા(ઘેડ) તા.૨૮

આધુનિક યુગમાં ચોરી, લૂંટફાટ અને છેતરપીંડી જેવી ઘટનાઓ વચ્ચે પણ ઈમાનદારીના કિસ્સાઓ "ખારા રણમાં મીઠી વીરડી" સમાન લાગે છે. પોરબંદરમાં આવી જ એક પ્રમાણિકતા અને માનવતાનો પ્રસંગ સામે આવ્યો છે, જેમાં છાયા કન્યા પ્રાથમિક શાળાના શિક્ષક ચંદ્રેશભાઈ રજનીકાંત જોશીએ અંદાજિત રૂ.૩ લાખની કિંમતનો ૨ તોલાનો સોનાનો ચેન તેના મૂળ માલિકને પરત કરી સમાજ માટે પ્રેરણાસ્ત્રોત પૂરું પાડ્યું છે.

આ ઘટના પોરબંદરના કમલાબાગ ખાતે બની હતી. કમલાબાગ વિસ્તારમાં રહેતા અને એમ.જી. રોડ પર "ઓમ ઝેરોક્ષ" નામની દુકાન ધરાવતા તેમજ વકીલાત કરતા કેયુરભાઈ ભાનુપ્રતાપ જોશી દરરોજની જેમ વહેલી સવારે વોકિંગ કરવા ગયા હતા. તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ વોકિંગ દરમિયાન તેમના ગળામાં પહેરેલો બે તોલા ઉપરનો સોનાનો ચેન અજાણતા પડી ગયો હતો. શોધખોળ છતાં ચેન ન મળતા તેમણે આ બાબતે કમલાબાગ પોલીસ સ્ટેશન ખાતે તા.૨૨/૦૨/૨૦૨૬ના રોજ જાણ કરી હતી.

બીજી તરફ, પોરબંદર એરપોર્ટ સામે માધવાણી કોલેજ નજીક કર્મચારી સોસાયટીમાં રહેતા અને છાયા કન્યા શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ચંદ્રેશભાઈ જોશી પણ દરરોજ કમલાબાગમાં વોકિંગ કરવા જતા હોય છે. તે જ દિવસે તેમને રોકેટ લસરપટ્ટી ગ્રાઉન્ડ પાસે સોનાનો ચેન મળ્યો. આસપાસ કોઈ માલિક ન દેખાતા તેમણે ચેન સુરક્ષિત રાખી કમલાબાગના પગી પાસે જાણ કરી. પગી દ્વારા કેયુરભાઈનો સંપર્ક મળતા ચંદ્રેશભાઈએ જાતે જ મૂળ માલિકને શોધી કાઢ્યા.

ગઈ તા.૨૭/૦૨/૨૦૨૬ના રોજ ચંદ્રેશભાઈ જોશી કમલાબાગ પોલીસ સ્ટેશન પહોંચી સોનાનો ચેન સત્તાવાર રીતે મૂળ માલિક કેયુરભાઈ ભાનુપ્રતાપ જોશીને પરત સોંપ્યો.

ચંદ્રેશભાઈ જોશી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે પ્રેરિત સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે. તેમની સંસ્કારિતા અને ઈમાનદારીનો આ દાખલો સમગ્ર શિક્ષક સમાજ માટે ગૌરવની બાબત બન્યો છે.

વિશેષ વાત એ પણ છે કે આશરે ૧૭ વર્ષ પહેલા ચંદ્રેશભાઈ કોઈ કામસર કેયુરભાઈની ઓફિસે ગયા હતા ત્યારે પોતાનો પર્સ ત્યાં ભૂલી ગયા હતા. કેયુરભાઈએ તેમાં રહેલા દસ્તાવેજો અને રોકડ રકમ તપાસી મૂળ માલિકનો સંપર્ક કરી પર્સ પરત આપ્યો હતો. આમ, વર્ષો પછી બંને વચ્ચે ઉપકારનો ઋણ ચૂકવાઈ ગયો હોય તેવો અનોખો સંયોગ પણ સર્જાયો છે.

આ ઘટના એ સાબિત કરે છે કે ઈમાનદારી અને સંસ્કાર આજે પણ જીવંત છે. ઉપકારનો બદલો ક્યારેક મોડો મળે, પણ જરૂર મળે - એવો સકારાત્મક સંદેશ સમાજમાં ફેલાયો છે.

# ભાજપ સરકારની રહેમનજર હેઠળ રાજ્યમાં 'સફેદ ખોરાક'માં 'કાળો કારોબાર' બેફામ! : અમિત ચાવડા

### ભ્રષ્ટ કમિશનખોરી અને હપ્તારાજને કારણે નકલી દૂધ, પનીર, ઘી અને માખણનું ઝેર પીરસાય છે : અમિત ચાવડા

• ગુજરાત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ એક સત્તાવાર અખબારી યાદીમાં ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં દૂધ, ઘી, માખણ અને પનીર જેવી પાયાની જરૂરિયાતની વસ્તુઓમાં વ્યાપક અને સંગઠિત ભેળસેળ ચાલી રહી છે. સરકારનું વહીવટી તંત્ર આ માફિયાઓ સામે ઘૂંટણિયે પડ્યું હોય તેમ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. રાજ્યમાં 'સફેદ ખોરાકમાં કાળો કારોબાર' ખુલ્લેઆમ ધમધમી રહ્યો છે, છતાં સત્તાધારી પક્ષના આશીર્વાદથી જવાબદાર તંત્ર કુંભકર્ણી નિદ્રામાં છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં દૂધના 3,000થી વધુ નમૂનાઓ ગુણવત્તાના માપદંડોમાં નિષ્ફળ ગયા હોવા છતાં, સરકારે કોઈ કડક કે દાખલારૂપ પગલાં લીધા નથી, જે નાગરિકોના જીવ પ્રત્યેની ગુનાહિત બેદરકારીનો જીવતો જાગતો પુરાવો છે.

અમિત ચાવડાએ વધુમાં વિગતો આપતા જણાવ્યું કે, ગુજરાતમાં દૂધ જેવા પવિત્ર વ્યવસાયમાં ડિટર્જન્ટ, યુરિયા અને જીવલેણ કેમિકલ્સના મિશ્રણના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. અમદાવાદમાં તાજેતરમાં તપાસ દરમિયાન પનીરના 10 નમૂનાઓ નાપાસ થયા અને 173 કિલો જેટલું અત્યંત શંકાસ્પદ પનીર જપ્ત કરવામાં આવ્યું છે. એવી જ રીતે સુરતમાં પણ એક યુનિટમાંથી 750 કિલોથી વધુ ઝેરી પનીર ઝડપાયું હોવાની ઘટનાઓ ચિંતાજનક છે. બજારમાં 'એનાલોગ પનીર'ના નામે વનસ્પતિ તેલ અને સ્ટાર્ચના જોખમી મિશ્રણને શુદ્ધ 'મિલ્ક પનીર' તરીકે વેચીને લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ દગો કરવામાં આવી રહ્યો છે.

શ્રી અમિત ચાવડાએ સનસનીખેજ આક્ષેપ કર્યો કે, હવે નકલી ઘી અને ભેળસેળયુક્ત માખણનું નેટવર્ક છેક ઘર-ઘર સુધી પહોંચી ગયું છે. શુદ્ધ દેશી ઘીના લેબલ હેઠળ પામ ઓઈલ, કૃત્રિમ એસેન્સ અને નીચી ગુણવત્તાવાળી ચરબીયુક્ત પદાર્થો ભેળવીને વેચવામાં આવે છે. પવિત્ર મંદિરો, પ્રસાદ, મીઠાઈ ઉદ્યોગ અને સામાન્ય પરિવારોના રસોડામાં પહોંચતું આ ઝેર આવનારી પેઢીને બીમાર કરી રહ્યું છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરી પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે, વિભાગ માત્ર દેખાડા ખાતર દરોડા પાડે છે, પરંતુ લેબ રિપોર્ટ આવતા એટલો સમય વીતી જાય છે કે ત્યાં સુધીમાં તો હજારો નિર્દોષ નાગરિકો આ ભેળસેળયુક્ત ખોરાક ખાઈ ચૂક્યા હોય છે. સ્થળ પર જ તપાસ કરવા માટે જરૂરી આધુનિક સાધનો કે મોબાઈલ લેબની ઘોર અછત છે. સૌથી આઘાતજનક બાબત એ છે કે નમૂના ફેઈલ થયા પછી પણ તંત્ર માત્ર નજીવો દંડ ફટકારીને સંતોષ માની લે છે. ગુનેગારોને જેલના સળિયા પાછળ મોકલવાની કોઈ મક્કમ ઈચ્છાશક્તિ સરકારમાં દેખાતી નથી, જેના કારણે ભેળસેળિયા તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી.

તેમણે સરકાર પાસે માંગ કરી છે કે, સમગ્ર રાજ્યમાં યુદ્ધના ધોરણે વિશેષ ચકાસણી અભિયાન ચલાવવામાં આવે, પૂરતી સંખ્યામાં મોબાઈલ ટેસ્ટિંગ લેબ ફાળવવામાં આવે અને ભેળસેળ કરનારા તત્વો સામે માત્ર દંડ નહીં પણ કડક ગુનાહિત કાયદા હેઠળ કાર્યવાહી કરીને જનતાના આરોગ્યની સુરક્ષા માટે ત્વરિત પગલાં લેવામાં આવે.

**પ્રસ્તાવના** બંને પક્ષે કુલ મળીને અંદાજે ૧૮ લાખથી વધુ સૈનિકો મૃત્યુ પામ્યા છે અથવા ઘાયલ થયા છે

# રશિયા-યુક્રેન યુદ્ધના ચાર વર્ષ: વિનાશની હોળીમાં હોમાતું વિશ્વ અને અનિશ્ચિત ભવિષ્ય

### યુદ્ધનો ઈતિહાસ આપણને શીખવે છે કે કોઈપણ યુદ્ધ શરૂ કરવું જેટલું સરળ છે, તેને ખતમ કરવું એટલું જ કપરું હોય છે

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

યુદ્ધનો ઈતિહાસ આપણને શીખવે છે કે કોઈપણ યુદ્ધ શરૂ કરવું જેટલું સરળ છે, તેને ખતમ કરવું એટલું જ કપરું હોય છે . ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ જ્યારે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું, ત્યારે વિશ્વના સંરક્ષણ નિષ્ણાતો અને રાજકીય વિશ્લેષકો એવી આગાહી કરતા હતા કે રશિયાની વિશાળ સૈન્ય શક્તિ સામે યુક્રેન માંડ એક અઠવાડિયું ટકી શકશે. પરંતુ આજે ચાર વર્ષ વીતી ગયા હોવા છતાં આ યુદ્ધનો કોઈ અંત દેખાતો નથી. આ યુદ્ધ હવે માત્ર બે દેશો વચ્ચેની લડાઈ નથી રહી, પરંતુ તે લોકશાહી અને સરમુખત્યારશાહી, પશ્ચિમ અને પૂર્વ વચ્ચેના વૈશ્વિક સંઘર્ષનું કેન્દ્ર બની ગયું છે.

૧. અપેક્ષા વિરુદ્ધની વાસ્તવિકતા: શા માટે રશિયા જીતી ન શક્યું?

યુદ્ધ શરૂ થયું ત્યારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને એવી ખાતરી હતી કે કિવ (Kyiv) થોડા જ દિવસોમાં શરણે આવી જશે. રશિયાની સેનાએ કિવ તરફ કૂચ પણ કરી હતી, પરંતુ યુક્રેનના સૈનિકો અને નાગરિકોએ જે પ્રતિકાર બતાવ્યો તેનાથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ થઈ ગયું. રશિયાની ગણતરીઓ ઊંધી પડી કારણ કે:

યુક્રેનિયન પ્રજાની મક્કમ મનોબળ અને રાષ્ટ્રપ્રેમ.

પશ્ચિમી દેશો (અમેરિકા, યુરોપિયન યુનિયન) દ્વારા અત્યાધુનિક હથિયારોની સહાય.

રશિયન સૈન્યની સપ્લાય ચેઈનમાં જોવા મળેલી ક્ષતિઓ.

૨. વોલોડીમિર ઝેલેન્સ્કી: એક કોમેડિયનથી કમાન્ડર સુધીની સફર

આ યુદ્ધના સૌથી મોટા નાયક તરીકે જો કોઈ ઉભરી આવ્યું હોય, તો તે છે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી. યુદ્ધ પહેલા વિશ્વ તેમને એક પૂર્વ 'કોમેડિયન' તરીકે જોતું હતું અને એવું માનવામાં આવતું હતું કે યુદ્ધ શરૂ થતા જ તેઓ દેશ છોડીને ભાગી જશે. અમેરિકાએ જ્યારે તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવાની ઓફર કરી, ત્યારે તેમનો જવાબ હતો: 'મારે સવારી



(Ride) નથી જોઈતી, મારે દારૂગોળો (Ammunition) જોઈએ છે.'

ઝેલેન્સ્કીએ જે રીતે મેદાનમાં રહીને લડત આપી, તેણે યુક્રેનની જનતામાં એક નવો પ્રાણ ફૂંક્યો છે. આજે ચાર વર્ષ પછી પણ તેઓ અડગ ઊભા છે, જોકે યુદ્ધના લાંબા ખેંચાણના કારણે તેમની લોકપ્રિયતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે મળતી સહાય પર પ્રશ્નાર્થો ઊભા થવા લાગ્યા છે.

૩. અમેરિકા અને ડોનાલ્ડ ટ્રમ્પનું પાસું

યુદ્ધ ખતમ કરવા માટેના પ્રયાસોમાં અમેરિકાની ભૂમિકા નિર્ણાયક રહી છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર દાવો કર્યો છે કે જો તેઓ સત્તામાં હોત અથવા જો તેઓ સત્તામાં આવશે, તો ૨૪ કલાકમાં આ યુદ્ધ ખતમ કરી દેશે. ટ્રમ્પનું માનવું છે કે અમેરિકાએ યુક્રેનને અબજો ડોલરની સહાય કરવાનું બંધ કરવું જોઈએ અને રશિયા સાથે ટેબલ પર વાતચીત કરીને સમાધાન લાવવું જોઈએ.

જોકે, ઝેલેન્સ્કી અને અન્ય યુરોપિયન દેશોને ડર છે કે ટ્રમ્પનું સમાધાન યુક્રેનના ભોગે રશિયાને ફાયદો કરાવી શકે છે. રશિયા પણ કદાચ અમેરિકામાં સત્તા પરિવર્તનની રાહ જોઈ રહ્યું છે, જેથી તેને આ યુદ્ધમાં ઉપરવટ થવાની તક મળે.

૪. વિનાશના આંકડા: માનવતાની હાર

ચાર વર્ષના આ યુદ્ધમાં જે નુકસાન થયું છે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. તાજેતરના અહેવાલો મુજબ:

બંને પક્ષે કુલ મળીને અંદાજે ૧૮ લાખથી વધુ સૈનિકો મૃત્યુ પામ્યા છે અથવા ઘાયલ થયા છે.

લાખો નાગરિકો બેઘર બન્યા છે અને શરણાર્થી તરીકે અન્ય દેશોમાં આશ્રય લઈ રહ્યા છે.

યુક્રેનના માળખાકીય સુવિધાઓ, વીજળીના પ્લાન્ટ્સ અને હોસ્પિટલો કાટમાળમાં ફેરવાઈ ગઈ છે.

રશિયાએ યુક્રેનનો અંદાજે ૨૦% જેટલો વિસ્તાર (ક્રિમિયા, લુહાન્સ્ક, ડોનેત્સ્ક વગેરે) કબજે કરી લીધો છે.

૫. ઉત્તર કોરિયા અને ઈરાનનો સાથ

રશિયા માટે પણ આ યુદ્ધ સરળ નથી રહ્યું. પશ્ચિમી દેશોના આર્થિક પ્રતિબંધો છતાં રશિયા ટકી રહ્યું છે કારણ કે તેને ઉત્તર કોરિયા અને ઈરાન જેવા દેશો તરફથી શસ્ત્રો અને દારૂગોળાની મદદ મળી રહી છે. પુતિને પોતાના મિત્ર કિમ જોંગ ઉન પાસેથી હજારો સૈનિકો અને મિસાઈલો મંગાવ્યા હોવાના અહેવાલો છે, જે દર્શાવે છે કે આ યુદ્ધ હવે વૈશ્વિક સ્તરે જૂથબંધીમાં ફેરવાઈ રહ્યું છે.

૬. યુદ્ધની આર્થિક અસરો

આ યુદ્ધની અસર માત્ર રશિયા-યુક્રેન પૂરતી મર્યાદિત નથી. સમગ્ર વિશ્વમાં ખાદ્ય સુરક્ષા અને ઊર્જા સંકટ ઊભું થયું છે. યુક્રેન જે 'બ્રેડ બાસ્કેટ ઓફ યુરોપ' ગણાય છે.

### ગાંજાના વેપલાનું હબ બનેલ ઓલપાડ તાલુકાના કારેલી ગામની સીમ રેસીડેન્સીઓ

# ઓલપાડ પોલીસે શામજી નગરમાંથી રૂ.૪૩.૮૭ લાખની કિંમતના ગાંજાના જથ્થા સાથે ત્રણને ઝડપ્યા

**ઓલપાડ પોલીસ** પોલીસે કુલ રૂ.૫૧,૩૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે લઈ ત્રણેને જેલમાં ધકેલી દીધા



• ઓલપાડ,તા.૨૮

સુરત જિલ્લા એસ.ઓ.જી. પોલીસે ગત તા.૨૩ મી ફેબ્રુઆરીએ કારેલી ગામની સીમમાં આવેલ મધુવન રેસીડેન્સી માંથી રૂ.૨૭.૭૪ લાખની કિંમતના ગાંજાના જથ્થા સાથે ચાર આરોપીઓને દબોચી ૦૭ વોન્ટેડ આરોપીઓને ઝડપે તે પહેલા છ દિવસમાં જ ઓલપાડ પોલીસે

કારેલીની શામજી નગર સોસાયટી માંથી રૂ.૪૩.૮૪ લાખની કિંમતના ગાંજાના જથ્થા સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. જેના પગલે ઓલપાડ તાલુકાની પ્રજા અહેસાસ કરી રહી છે કે,કારેલી ગામની સીમ રેસીડેન્સીમાંથી ઘણી વખત ગાંજાનો જથ્થો ઝડપાતા જાણે કારેલી ગામની સીમની કેટલીક રેસીડેન્સીઓ ગાંજાના વેપલાનું હબ બની ચુકી છે. ગત શુક્રવાર,તા. ૨૭ ના રોજ ઓલપાડ પોલીસ મથકની ટીમ સાયણ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી,તે સમયે અ.હે.કો.અશોક ગણપતભાઈ તથા આ.પો.કો.પ્રતિક પ્રવિણને સંયુક્ત બાતમી મળી હતી કે,કારેલી ગામની સીમમાં આવેલ શામજી નગર સોસાયટીના મકાન નંબર-૧૨ માં કેટલાક ઈસમોએ તેના મળતીયાઓ મારફત ગાંજાનો જથ્થો મંગાવી સંગ્રહ કરીગેરકાયદેસર વેપલો કરી રહ્યા છે. આ ઈસમો સાંજે ચાર વાગ્યેના સુમારે ગાંજાનો જથ્થો લેવા માટે આવનાર છે.આ બાતમીના પગલે પોલીસ ટીમે છાપો મારતા મકાનમાંથી ગાંજાના જથ્થા સાથે ત્રણ ઈસમો પૈકી મુળ ઓરીસ્સા રાજયના ગંજામ જિલ્લાનો વતની કાનો રવિન્દ્રચરણ જૈના(હાલ રહે:જે/૩,રૂમ નં:૦૯, એસ.એમ.સી. ટેર્નામેન્ટ,અર્ચના સ્કુલની પાસે, બોમ્બે માર્કેટ રોડ, વરાછા-સુરત શહેર)તેમજ રાજસ્થાન રાજ્યના બે આરોપીઓ પૈકી મુળ રાજસમંદ જિલ્લાનો વતની દિનેશચંદ્ર બંસીલાલ કીર (હાલ રહે:મ.નં. ૭૦,હંસદેવ વિલા સોસાયટી,નનસાડ, બારડોલી રોડ, તા.કામરેજ)અને ચિતોડગઢ જિલ્લાનો રાહુલ રતનલાલ ખટીક (હાલ રહે:શેરી નંબર-૩,મકાન નં-૧૬૭,સીતારામ સોસાયટી,અર્ચના સ્કુલ પાસે બોમ્બે માર્કેટ રોડ સુરત શહેર)મળી ત્રણ આરોપીઓને દબોચી લીધા હતાં. પોલીસે મકાનમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ૮૭.૭૪૨ કિલોગ્રામ ગાંજાનો જથ્થો, જેની કિ.રૂ. ૪૩,૮૭,૧૦૦, આરોપીઓની અંગઝડતીથી મળેલ મોબાઈલ નંગ-૦૪,જેની કિ.રૂ.૫૦,૦૦૦, રોકડા રૂ.૧,૫૦૦ તથા હુન્ડાઈ કંપનીની ક્રેટા કાર નં:આરજે-૧૪, એલ.સી-૦૫૩૭,જેની કિંમત રૂ. ૭,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૧,૩૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

પોલીસે ઝડપાયેલ ત્રણે આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી આરોપીઓના ગુનાહિત ઈતિહાસની તપાસ કરી હતી. પોલીસે ગાંજાનો જથ્થો પુરો પાડનાર મુખ્ય સપ્લાયરની વધુ તપાસ માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સિદ્ધપુર ગ્રામ્ય પંથક માટે ૨૪.૯૦ કરોડના રોડ-રસ્તાના કામો મંજૂર

### ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના પ્રયાસોથી ૧૨ નવા રસ્તાઓ માટે જોબ નંબર ફાળવાયા

• સિદ્ધપુર

સિદ્ધપુર અને સરસ્વતી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન સુવિધા સુદ્રઢ બનાવવા માટે રુ ૨૪.૯૦ કરોડના ખર્ચે નવા રોડ-રસ્તાના કામોને વહીવટી મંજૂરી મળી છે. પૂર્વ કેબિનેટ મંત્રી અને સિદ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના પ્રયાસોથી સરકારે આ ભંડોળ ફાળવ્યું છે.આ વિકાસકામોમાં કુલ ૧૨ માર્ગોનો સમાવેશ થાય છે, જેની કુલ લંબાઈ ૧૭ કિલોમીટર છે. આમાં ૧૧ નિયમિત રોડ અને એક ખાસ કિસ્સામાં મંજૂર કરાયેલ મુખ્ય માર્ગનો સમાવેશ થાય છે.મંજૂર થયેલા કામોમાં સિદ્ધપુર તાલુકાના વિહતપુરા મંદિર એપ્રોચ રોડ માટે રુ ૧૬૦ લાખ, ધનપુરાથી વાઘરોલ એપ્રોચ રોડ માટે રુ ૧૦૦ લાખ, નાગવાસણથી ભાઠાપરા રોડ માટે રુ ૨૩૦ લાખ, વરસિલાથી ઈન્દિરાનગર લિંક રોડ માટે રુ ૧૦૦લાખ, લવારાથી ગણેશપુરા રોડ માટે રુ ૧૩૦લાખ અને પાટણ હાઈવેથી ખળી પ્રાથમિક શાળા સુધીના



સીસી રોડ માટે રુ ૭૦ લાખની રકમ ફાળવાઈ છે.આ ઉપરાંત, સરસ્વતી તાલુકાના લક્ષ્મીપુરાથી સાણોદરડા રોડ માટે રુ ૨૨૦ લાખ, કોઈટા ગામે જહુપુરા અને વનવીરપુરા લિંક રોડ માટે રુ ૨૩૦ લાખ, સરાવલ્લીપુરાથી ચમનપુરા રોડ માટે રુ ૨૧૦ લાખ તથા કિમ્બુવા માતાજી મંદિરથી કોટાવડ રોડ માટે રુ ૩૯૦લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.વનાસણથી હીસોર હરસિદ્ધ માતાજી મંદિર સુધીના મહત્વના માર્ગ માટે ખાસ કિસ્સામાં રુ ૬.૫ કરોડ (રુ ૬૫૦ લાખ)ની મોટી રકમ મંજૂર કરવામાં આવી છે. આ માર્ગ માટે ક્ષત્રિય સમાજ દ્વારા લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી.આ તમામ કામો માટે સરકાર દ્વારા જોબ નંબર જાહેર કરી દેવામાં આવ્યા છે. આગામી સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી માર્ગોનું કામ શરૂ કરવામાં આવશે. એકસાથે આટલી મોટી રકમના રસ્તાના કામો મંજૂર થતા ગ્રામ્ય વિસ્તારના કાર્યકરો આભાર સહ અભિનંદનની વર્ષા કરી રહ્યા છે તેમ જ સમગ્ર વિધાનસભા વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# છોટાઉદેપુરમાં હોળીના મહાપર્વનો પ્રારંભ થતા આજે ભંગોરિયાના મેળામાં આદિવાસી સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો

• છોટાઉદેપુર

આદિવાસી સંસ્કૃતિ અને આદિવાસી વસ્તી ધરાવતા છોટાઉદેપુર જિલ્લામાં દિવાળી કરતાં પણ હોળીના પર્વનું વિશેષ મહત્વ હોય છે. હોળીના સાત દિવસ અગાઉથી જ અહીં આદિવાસી સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. આ તહેવારના ભાગરૂપે યોજાતા 'ભંગોરિયાના મેળા' એ આદિવાસી પરંપરાનું અભિન્ન અંગ છે. જ્યાં સાપ્તાહિક હાટ ભરાતા હોય, ત્યાં હોળી તહેવાર પૂર્વે વિશેષ મેળાનું આયોજન થાય છે, જેને ગ્રામજનો 'ભંગોરિયાના મેળા' તરીકે ઓળખે છે.છોટાઉદેપુરમાં યોજાયેલ ભંગોરીયા મેળામાં પરંપરાગત વાજિંત્રો સાથે એકસમાન પહેરવેશ અને શિસ્તબદ્ધ નૃત્ય થકી આજના આધુનિક યુગમાં સ્થાનિક સમુદાયે પોતાની પરંપરાને જીવંત રાખી છે. આ મેળામાં જુદાજુદા ગામની પુરુષો અને મહિલાઓની ટુકડીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. છોટાઉદેપુર ભંગોરિયાના મેળામાં આસ પાસના ગામોમાંથી મોટી



સંખ્યામાં લોકો જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ખરીદી કરવા આવ્યા હતા. આજના ભંગોરીયા મેળામાં સ્થાનિક ટુકડીઓ સાથે છોટાઉદેપુર સાંસદ જશુભાઈ રાઠવાએ પરંપરાગત નૃત્યનો આનંદ માણ્યો હતો. આ વર્ષે છોટાઉદેપુર જિલ્લામાં રંગપુર સઢલી હાટ થી પરંપરાગત ભંગોરિયાના મેળાનો વિધિવત પ્રારંભ થયો હતો.અને આજે છોટાઉદેપુર ના ભંગોરીયા મેળાના દિવસે સ્થાનિકો રામઢોલના તાલે ઝૂમી ઉઠ્યા હતા.

# રેલવેટ્રેક પાસે યુવકનું માથું અને ધડ 10 ફૂટ દૂરથી મળ્યાં:આપઘાત કે અકસ્માત એ રહસ્ય અકબંધ

• વડોદરા

વડોદરા નજીક નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા સાકરીયાપુરા ગામ પાસે ભયાનક ઘટના સામે આવી છે. સાકરીયાપુરા રેલવે ફાટક પાસેથી માત્ર 300 મીટર દૂર રેલવે ટ્રેક પરથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે, જેનું માથું અને ધડ અલગ-અલગ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા નંદેસરી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. રેલવે ટ્રેક પાસે યુવકનું માથું મળ્યું છે અને ધડ તેનાથી 10 ફૂટ દૂર મળ્યું છે. હજુ સુધી મૃતદેહની ઓળખ થઈ શકી નથી. પોલીસે મૃતદેહની ઓળખ કરવાની દિશામાં તપાસ શરૂ કરી છે. આ બધા વચ્ચે યુવકે આપઘાત કર્યો છે કે અકસ્માત કે અન્ય કોઈ ઘટના ઘટી છે તે રહસ્ય અકબંધ છે. સાકરીયાપુરા રેલવે ફાટકથી માત્ર 300 મીટર દૂર રેલવે ટ્રેક પરથી યુવકનો મૃતદેહ મળ્યો.ગુરુવારે(26 ફેબ્રુઆરી) રાત્રિના સમયે લગભગ 8:30 વાગ્યાની આસપાસ રેલવે કંટ્રોલ રૂમમાંથી નંદેસરી પોલીસ સ્ટેશનને કોલ મળ્યો હતો કે, સાકરીયાપુરા રેલવે ફાટક પાસે એક મૃતદેહ મળ્યો છે. કોલ મળતા જ નંદેસરી પોલીસ સ્ટેશનના એએસઆઈ મૂળજીભાઈ આહિર સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. નંદેસરી પોલીસની ટીમે આ મામલે તાત્કાલિક પહોંચીને તપાસ હાથ ધરી હતી અને મૃતદેહની ઓળખ કરવાની દિશામાં પ્રયાસો શરૂ કર્યા છે.

### મલાણા સહિત આસપાસના ગામોના ખેડૂતોને હવે સ્પષ્ટતા જોઈએ છે

# મલાણા તળાવમાં નર્મદાના નિર તો ઠાલવ્યા પરંતુ એક જ દિવસમાં બંધ થઈ જતાં ખેડૂતો મૂંઝવણમાં

બનાસકાંઠા જિલ્લાના મલાણા ગામનું તળાવ છેલ્લા કેટલાય વર્ષોથી સૂકું રહેતા વિસ્તારનું ભૂગર્ભજળ સતત ઊંડું જતું રહ્યું હતું. જેના કારણે ખેડૂતોને ખેતીમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. બે વર્ષ અગાઉ મલાણા સહિત આસપાસના દસથી વધુ ગામોના હજારો પુરુષ અને મહિલા ખેડૂતો રસ્તા પર ઉતર્યા હતા અને તળાવ ભરવાની માંગ સાથે આંદોલન છેડ્યું હતું. મલાણા સહિત આસપાસના દસથી વધુ ગામોના ખેડૂતોની વર્ષોથી ચાલી રહેલી માંગણી બાદ સરકાર દ્વારા કશરા-દાંતીવાડા પાઈપલાઈન મારફતે પાણી છોડવામાં આવ્યું ખેડૂતોએ શ્રીફળ વધેરી નર્મદા



નીરને વધાવ્યા આશાની નવી કિરણ દેખાઈ. પરંતુ માત્ર એક દિવસ બાદ પાણી ફરી બંધ થઈ જતા હવે પ્રશ્નો ઉભા થયા છે. ખેડૂતોની આ લડત પછી સરકાર દ્વારા કશરા-દાંતીવાડા પાઈપલાઈન દ્વારા નર્મદાનું પાણી મલાણા તળાવમાં છોડવામાં આવ્યું ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ. શ્રીફળ વધેરી આ નીરને વધાવવામાં આવ્યા અને આશા વ્યક્ત કરવામાં આવી કે હવે ભૂગર્ભજળ ઊંચું આવશે અને ખેતીમાં રાહત મળશે. પરંતુ ખેડૂતોની ખુશી ટૂંકી રહી. માત્ર એક દિવસ પાણી છોડ્યા બાદ ફરી પાણી બંધ કરી દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. હવે પ્રશ્ન એ છે કે શું આ માત્ર ઔપચારિકતા હતી કે પછી નિયમિત રીતે પાણી છોડવાની કોઈ યોજના છે મલાણા સહિત આસપાસના ગામોના ખેડૂતોને હવે સ્પષ્ટતા જોઈએ છે નર્મદા નીર કાયમી રીતે મળશે કે માત્ર એક દિવસની ખુશી પુરતી હતી મલાણા તળાવમાં નર્મદા નીર આવતા ખેડૂતોમાં નવી આશા જાગી છે પરંતુ પાણી બંધ થતાં ફરી અનિશ્ચિતતા સર્જાઈ છે. હવે સરકાર અને તંત્ર તરફથી સ્પષ્ટ જવાબ અને કાયમી ઉકેલની રાહ જોવાઈ રહી છે.

રોકાણ-વેપાર સોદા પર ધ્યાન; કેનેડિયન અધિકારીએ કહ્યું- કેનેડામાં ગુનાઓ સાથે ભારતને કોઈ લેવાદેવા નથી

# કેનેડિયન PM 4 દિવસની મુલાકાતે ભારત પહોંચ્યા

## સીટીવીના રિપોર્ટ અનુસાર, એક વરિષ્ઠ કેનેડિયન અધિકારીએ કહ્યું કે જો કેનેડાને લાગતું હોત કે ભારત તેની લોકતાંત્રિક પ્રક્રિયામાં દખલ કરી રહ્યું છે, તો વડાપ્રધાન ભારતની યાત્રા ન કરત

• નવી દિલ્હી

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીઆજે 4 દિવસના પ્રવાસે ભારત પહોંચી ગયા છે. આ પ્રવાસનો હેતુ ભારત અને કેનેડા વચ્ચે વેપાર, ઊર્જા, ટેકનોલોજી અને સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં નવી ભાગીદારીને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

વડાપ્રધાન તરીકે માર્ક કાર્નીનો આ પહેલો ભારત પ્રવાસ છે. કેનેડામાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે કાર્ની મુંબઈમાં બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લીન એનર્જી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગમાં રોકાણ પર ચર્ચા થશે. કાર્નીની ભારત યાત્રા પહેલા કેનેડાના અધિકારીઓ હવે ભારત પર લગાવવામાં આવેલા કેટલાક ગંભીર આરોપો પરથી પીછેહઠ કરતા જોવા મળી રહ્યા છે. પહેલા કેનેડાએ આરોપ લગાવ્યો હતો કે ભારત તેની જમીન પર હસ્તક્ષેપ કરી રહ્યું છે અને સરહદ પાર દબાણ જેવી ગતિવિધિઓમાં સામેલ છે.

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં ગયા વર્ષે G20 સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની મુલાકાત થઈ હતી.દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં ગયા વર્ષે G20 સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની મુલાકાત થઈ હતી.કાર્ની 1 માર્ચે નવી દિલ્હી પહોંચશે અને 2 માર્ચે નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેના મુખ્ય એજન્ડામાં કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA) ની વાટાઘાટો શરૂ કરવાનો સમાવેશ થાય છે, જે લાંબા સમયથી અટકેલી છે.

આ ઉપરાંત, સુરક્ષા અને સંરક્ષણ સહયોગ પર ચર્ચા થશે. સાથે જ બંને દેશો વચ્ચે વેપારને બમણો કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. આ પછી કાર્ની ઓસ્ટ્રેલિયા અને જાપાનની યાત્રા પર રવાના થશે.



આખી મુલાકાત 27 ફેબ્રુઆરીથી શરૂ થઈને 7 માર્ચ સુધી ચાલશે. આ પ્રવાસનો હેતુ કેનેડાની અમેરિકા પરની આર્થિક નિર્ભરતા ઘટાડવી અને નવા વ્યાપારી માર્ગો ખોલવાનો છે.

ભારત હાલમાં વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. કેનેડાના સરકારી આંકડા મુજબ, બંને દેશો વચ્ચેનો વાર્ષિક વેપાર 21 અબજ ડોલરથી વધુ છે.ભારતમાં 600થી વધુ કેનેડિયન કંપનીઓ કાર્યરત છે. ભારતમાંથી કેનેડાને થતી મુખ્ય નિકાસમાં દવાઓ, રત્ન-આભૂષણો અને દરિયાઈ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કેનેડાના મોટા પેન્શન ફંડ્સ પહેલેથી જ ભારતમાં રિયલ એસ્ટેટ અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં મોટું રોકાણ કરી ચૂક્યા છે. રિપોર્ટ્સ અનુસાર, તેમણે ભારતમાં 100 બિલિયન ડોલર (લગભગ 8 લાખ કરોડ રૂપિયાથી વધુ)નું રોકાણ કર્યું છે. હવે કેનેડા આ રોકાણને વધુ વધારવા માંગે છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીનું કહેવું છે કે બંને દેશો વચ્ચે ક્યારેક રાજકીય મતભેદ રહ્યા છે, પરંતુ તેમ છતાં કેનેડા ભારતની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાનો ભરોસાપાત્ર ભાગીદાર બની રહેશે.આ મુલાકાતમાં ઊર્જા સૌથી મહત્વનો મુદ્દો છે. બંને દેશો યુરેનિયમ સપ્લાય કરાર પર વાત કરી રહ્યા છે, જેનાથી ભારતના ન્યુક્લિયર પાવર પ્લાન્ટને ઈંધણ મળી શકે. આ ઉપરાંત, ક્લીન એનર્જી (સ્વચ્છ ઊર્જા) અને એનર્જી ટ્રાન્ઝિશન (ઊર્જા પરિવર્તન) માટે જરૂરી મહત્વપૂર્ણ ખનિજો પર પણ સહયોગ વધારવાની ચર્ચા છે. કેનેડા કુદરતી સંસાધનોથી સમૃદ્ધ દેશ છે, જ્યારે ભારતને ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા માટે ભરોસાપાત્ર અને આબોહવા-અનુકૂળ ઊર્જા સ્ત્રોતોની જરૂર છે. તેથી આ ક્ષેત્ર બંને માટે ફાયદાકારક માનવામાં આવે છે. LNG (પ્રવાહીકૃત કુદરતી ગેસ) અને અન્ય સ્વચ્છ ઊર્જા ક્ષેત્રોમાં પણ સહયોગ વધારવાની યોજના છે.2024માં કેનેડાના કુલ ઊર્જા નિકાસમાં ભારતને માત્ર 761.5 મિલિયન ડોલરનો હિસ્સો મળ્યો. જ્યારે ભારતમાંથી આયાત 206 મિલિયન ડોલર હતી, પરંતુ હવે તેને વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ મુલાકાત બંને દેશોના સંબંધોને રીસેટ કરશે ભારતના કેનેડામાં ઉચ્ચાયુક્ત દિનેશ પટનાયકે ઓટાવામાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ યાત્રા બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોને સંપૂર્ણપણે રીસેટ કરશે અને નવા વેપારની મોટી તકો ખોલશે.

# પશ્ચિમ બંગાળની ફાઈનલ મતદાર યાદીમાં 7.04 કરોડથી વધુ મતદારો:61 લાખ લોકોના નામ કપાયા

## અત્યાર સુધીમાં 11 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની અંતિમ મતદાર યાદી જાહેર

• કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ની અંતિમ મતદાર યાદી શનિવારે પ્રકાશિત થઈ ગઈ છે. રાજ્યના ચૂંટણી કમિશનર મનોજ કુમાર અગ્રવાલે જણાવ્યું કે રાજ્યમાં હવે કુલ મતદારોની સંખ્યા 7,04,59,284 છે. SIR પહેલા રાજ્યમાં 7.66 કરોડ મતદારો હતા. આ સમગ્ર પ્રક્રિયામાં કુલ 61,78,245 લોકોના નામ કાપવામાં આવ્યા છે.ચૂંટણી રોલ સુધારણા પ્રક્રિયામાં ફોર્મ-7 દ્વારા 5,46,053 લાખથી વધુ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા અને ફોર્મ-6 અને ફોર્મ-6A જમા કરીને 1,82,036 મતદારોને સામેલ કરવામાં આવ્યા.



60 લાખથી વધુ મતદારો અંડર એડજુડિકેશન કેટેગરીમાં છે, પરંતુ તેમને પોસ્ટ-SIR ચૂંટણી રોલમાં સામેલ કરી લેવામાં આવ્યા છે. સુધારણા પ્રક્રિયા ચૂંટણી પંચના નિર્દેશો અનુસાર કરવામાં આવી હતી. દેશના 12 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં 27 ઓક્ટોબર 2025 થી SIR ના બીજા તબક્કા હેઠળ મતદાર ચકાસણીની પ્રક્રિયા શરૂ થઈ હતી. અત્યાર સુધી કુલ 11 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની અંતિમ યાદી પ્રકાશિત થઈ ચૂકી છે. હવે 10 એપ્રિલે ઉત્તર પ્રદેશની અંતિમ યાદી આવશે.

રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત માર્ચના બીજા અઠવાડિયામાં થવાની સંભાવના છે. ચૂંટણી કેટલા તબક્કામાં યોજાશે, તે અંગે સતત અટકળો લગાવવામાં આવી રહી છે. અધિકારીએ જણાવ્યું કે મતદાન ત્રણ તબક્કામાં થઈ શકે છે. પંચની સંપૂર્ણ બેન્ચ પહેલાથી જ તમિલનાડુ અને આસામનો પ્રવાસ કરી ચૂકી છે, પરંતુ હજુ સુધી પશ્ચિમ બંગાળનો પ્રવાસ કર્યો નથી. નદિયામાં પેરામિલિટરી અને પશ્ચિમ બંગાળ પોલીસના જવાનોએ ફ્લેગ માર્ચ કરી.કોલકાતામાં ચીફ ઈલેક્ટોરલ ઓફિસની બહાર વધારાની ફોર્સ તૈનાત કરવામાં આવી.23 ફેબ્રુઆરી-તમિલનાડુમાં કુલ 5.67 કરોડ મતદારોના નામ છે. આ પ્રક્રિયામાં લગભગ 74 લાખ લોકોના નામ કાપવામાં આવ્યા છે.મધ્ય પ્રદેશમાં કુલ 5,39,81,065 મતદારોના નામ નોંધાયેલા છે. આ પ્રક્રિયામાં રાજ્યમાં 34,25,078 મતદારોના નામ કાપવામાં આવ્યા છે. રાજસ્થાનમાં 5,15,19,929 મતદારોના નામ છે. રાજ્યમાં 31,36,286 મતદારોના નામ કાપવામાં આવ્યા છે. છત્તીસગઢમાં કુલ 1,87,30,914 મતદારો નોંધાયેલા છે. ડ્રાફ્ટ લિસ્ટની સરખામણીમાં અંતિમ યાદીમાં 2,34,994 નવા મતદારો વધ્યા છે.કેરળમાં કુલ 2,69,53,644 મતદારો છે, જ્યારે ગયા વર્ષે ઓક્ટોબરમાં SIR શરૂ થાય તે પહેલાં 2,78,50,855 મતદારો હતા.અંદમાન અને નિકોબારમાં મતદારોની સંખ્યા 2,58,040 રહી ગઈ છે. યાદીમાંથી 52,364 નામ કાઢી નાખવામાં આવ્યા છે.

વેક્સિનેશન અભિયાન

દીકરીઓમાં સર્વાઇકલ કેન્સર અટકાવવા HPV વેક્સિનેશન અભિયાન શરૂ કર્યું

# અજમેરમાં મોદીએ કહ્યું, કોંગ્રેસનાં દુષ્કૃત્યોને દેશ માફ નહીં કરે:તેઓ હવે MMC છે- મુસ્લિમ લીગ માઓવાદી કોંગ્રેસ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અજમેરમાં HPV વેક્સિનેશન અભિયાનની શરૂઆત કરાવી

• અજમેર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે શનિવારે અજમેરની મુલાકાતે છે. અજમેરમાં PMએ છોકરીઓમાં સર્વાઈકલ કેન્સર અટકાવવા માટે વેક્સિનેશન અભિયાન શરૂ કર્યું છે. મોદીએ અહીં 16,600 કરોડનાં વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યું. આ સાથે 21,800 યુવાનને નિમણૂક પત્રો પણ આપવામાં આવ્યા. બાદમાં PM મોદીએ સભામાં સંબોધન કર્યું હતું.PM મોદીએ શનિવારે અજમેરમાં કહ્યું, "કોંગ્રેસ ઘાત લગાવીને દેશને બદનામ કરવા માટે ગમે ત્યાં ઘૂસી જાય છે. કોંગ્રેસના આવાં દુષ્કૃત્યોને દેશ ક્યારેય માફ કરશે નહીં." દેશ અને સેનાને બદનામ કરવી, આ કોંગ્રેસ પાર્ટીની જૂની આદત છે. આ એ જ કોંગ્રેસ પાર્ટી છે, જેણે સૈનિકોને શસ્ત્રો અને વર્દીથી તરસાવી રાખ્યા હતા અને તેમને વન રેન્ક, વન પેન્શનથી વંચિત રાખ્યા હતા. કોંગ્રેસ દેશભરમાં સતત હારી રહી છે અને ગુસ્સામાં તે ભારતને બદનામ કરીને બદલો લઈ રહી છે. કોંગ્રેસ એક સમયે INC અથવા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ હતી. હવે એ




INC નથી. હવે એ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ નથી. આજે INCને બદલે એ MMC બની ગઈ છે, એટલે મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસ.

PM નરેન્દ્ર મોદીએ કહ્યું, 'મિત્રો હાલમાં દિલ્હીમાં વિશ્વની સૌથી મોટી AI સમિટ યોજાઈ હતી, જેમાં ઘણા દેશોના વડાપ્રધાનો, રાષ્ટ્રાધ્યક્ષ અને મંત્રીઓએ હાજરી આપી હતી. વિશ્વની સૌથી મોટી કંપનીઓના નેતાઓ એક છત નીચે ભેગા થયા હતા.' ભારતની પ્રશંસા ખૂલા દિલથી કરી. હવે જ્યારે દુનિયાભરમાં આટલા બધા લોકો ભારતની પ્રશંસા કરે છે ત્યારે તમને ગર્વ થાય છે કે નહીં? તમારી છાતી ગર્વથી ફૂલી જાય છે કે નહીં? મિત્રો તમને ગર્વ થયો, પણ વારંવારની હારથી કંટાળી ગયેલી, હતાશા અને નિરાશાથી ભરેલી કોંગ્રેસ પાર્ટીએ શું કર્યું? તેણે વિશ્વભરના મહેમાનોની સામે દેશને બદનામ કરવાનો પ્રયાસ કર્યો. તેણે વિદેશી મહેમાનોની સામે દેશને બદનામ કરવાનો પ્રયાસ કર્યો.

PM નરેન્દ્ર મોદીએ સંબોધન કરતાં કહ્યું, 'હું ગઈકાલે જ ઈઝરાયલની મુલાકાતથી પાછો ફર્યો છું. ઈઝરાયલના લોકો હજુ પણ રાજસ્થાનના પુત્ર મેજર દલપત સિંહની બહાદુરીને ગર્વથી યાદ કરે છે. મને ઈઝરાયલી સંસદમાં મેજર દલપત સિંહની બહાદુરીને શ્રદ્ધાંજલિ આપવાનું પણ સૌભાગ્ય મળ્યું.' ઈઝરાયલના હાઈફા શહેરને આઝાદ કરાવવામાં રાજસ્થાનના બહાદુર યોદ્ધાઓએ ભજવેલી ભૂમિકાના ગુણગાન ગાવાની તક મળી. કોંગ્રેસ પર નિશાન સાધતાં મોદીએ કહ્યું હતું કે દિલ્હીમાં AI સમિટમાં કોંગ્રેસે ડ્રામા કર્યો.વડાપ્રધાનની સભામાં સાધુ-સંતોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. સ્થળની બાજુમાં તેમના માટે એક નાનો મંચ બનાવાયો છે. મોદીએ એજમેરમાં દીકરીઓમાં સર્વાઈકલ કેન્સર અટકાવવા HPV વેક્સિનેશન અભિયાનની શરૂઆત કરાવી હતી.

મોદીએ એજમેરમાં દીકરીઓમાં સર્વાઈકલ કેન્સર અટકાવવા HPV વેક્સિનેશન અભિયાનની શરૂઆત કરાવી હતી.

મોદી સવારે લગભગ 11 વાગ્યે અજમેર પહોંચ્યા. કાયડ વિશ્રામસ્થળી પાસે બનેલા હેલિપેડ પર ભાજપના નેતાઓએ તેમનું સ્વાગત કર્યુ. ત્યાર બાદ વડાપ્રધાને 9થી 14 વર્ષની છોકરીઓમાં સર્વાઈકલ કેન્સરને અટકાવવા માટે હ્યુમન પેપિલોમા વાઈરસ (HPV) વેક્સિનેશન અભિયાનની શરૂઆત કરાવી હતી.

મોદીએ અહીં 16600 કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. 21 હજાર 800 યુવાનને નિમણૂક પત્રો પણ આપવામાં આવ્યાં. ત્યાર બાદ વડાપ્રધાન સભાને સંબોધિત કરશે. કાર્યક્રમમાં રાજ્યપાલ હરિભાઉ બાગડે, મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, સ્પીકર વાસુદેવ દેવનાની સહિત અનેક મંત્રીઓ અને નેતાઓ હાજર છે.

## શંકરાચાર્ય પર જાતીય શોષણના આરોપોમાં કેટલી સત્યતા:વકીલે પૂછ્યું- એક જ બટુક શા માટે હાજર થયો; માર્કશીટમાં પુખ્ત હોવાનો દાવો

• પ્રયાગરાજ

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદની ધરપકડ ટળી ગઈ છે. તેમની વિરુદ્ધ 2 બટુકોના યૌન શોષણનો કેસ 7 દિવસ પહેલા નોંધવામાં આવ્યો હતો. કેસ નોંધાવનાર મહંત આશુતોષ બ્રહ્મચારીએ દાવો કર્યો કે મેડિકલ રિપોર્ટમાં યૌન શોષણની પુષ્ટિ થઈ ચૂકી છે.27 ફેબ્રુઆરીએ શંકરાચાર્યના વકીલે હાઈકોર્ટમાં કહ્યું-'આ કેસ એક ધર્મગુરુનો છે, ન કે કોઈ અપરાધીનો.' તેમણે આશુતોષ મહારાજની ક્રિમિનલ હિસ્ટ્રી પણ રજૂ કરી.કોર્ટમાં સાબિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે આ એક ષડયંત્ર છે. ત્યારબાદ કોર્ટે શંકરાચાર્યને ધરપકડ પર સ્ટે આપ્યો. આ રાહત ફક્ત માર્ચના ત્રીજા સપ્તાહ સુધી જ આપવામાં આવી છે. કોર્ટે 2 ટિપ્પણીઓ કરી. પહેલી- માર્ચના ત્રીજા સપ્તાહમાં સુનવણી કરીશું, ત્યાં સુધી શંકરાચાર્યની ધરપકડ કરવામાં આવશે નહીં. બીજી- શંકરાચાર્ય પોલીસ તપાસમાં સહયોગ કરશે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ પોલીસ તપાસમાં કેટલા ઘેરાઈ ચૂક્યા છે? આરોપોમાં કેટલું વજન છે? પોક્સો કોર્ટમાં બટુકોના નિવેદનો કેટલા મહત્ત્વના હશે? આ સવાલોના જવાબ ભાસ્કરએ પ્રયાગરાજના સિનિયર એડવોકેટ પાસેથી સમજ્યા. બપોરના 3.45 વાગ્યાનો સમય હતો. કોર્ટ રૂમની બહાર વકીલો અને લોકોની ભારે ભીડ જમા હતી. બધા શંકરાચાર્યના અરેસ્ટ સ્ટેની સુનવણી સાંભળવા પહોંચ્યા હતા. જજ જિતેન્દ્ર કુમાર સિંહા કોર્ટ રૂમમાં દાખલ થયા. ભીડની પરિસ્થિતિ જોયા પછી તેમણે કહ્યું- આ કેસની સુનવણી કોર્ટ રૂમમાં નહીં, અમારા ચેમ્બરમાં થશે. આ પછી વાદી પક્ષ અને આરોપી પક્ષના લોકો અને વકીલો કોર્ટ રૂમની બાજુમાં બનેલા તેમના ચેમ્બરમાં ગયા. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ તરફથી સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પી.એન. મિશ્રા અને સિનિયર વકીલ દિલીપ ગુપ્તા, તેમના પુત્ર રાજશ્રી ગુપ્તાએ દલીલ કરી.જ્યારે બટુકોના યૌન ઉત્પીડનને સાબિત કરવા માટે યુપીના એડિશનલ એડવોકેટ જનરલ મનીષ ગોયલે જિરહ શરૂ કરી. તેમણે દલીલો કરી-એન્ટિસિપેટરી જામીન અરજીને સીધી હાઈકોર્ટમાં સાંભળવી ન જોઈએ.

વિસ્ફોટનો અવાજ 5 કિમી દૂર સુધી સંભળાયો

# આંધ્ર પ્રદેશની ફટાકડા ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ 20 લોકોનાં મોત, 6 લોકોની હાલત ગંભીર






• અમરાવતી

આંધ્રપ્રદેશના કાકીનાડા જિલ્લાના વેટ્ટલાપાલેમ ગામમાં શનિવારે ફટાકડા બનાવતી યુનિટમાં વિસ્ફોટ થયો હતો. જેમાં 20 લોકો માર્યા ગયા હતા અને છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. વિસ્ફોટ સમયે યુનિટમાં 20થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા.

સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતું કે વિસ્ફોટ બપોરે 2 વાગ્યાની આસપાસ થયો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ 5 કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. ગ્રામજનો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવાનું શરૂ કર્યું હતું.

રાજ્યના ગૃહમંત્રી વાંગલાપુડી અનિતાએ આશંકા વ્યક્ત કરી હતી કે મૃત્યુઆંક વધી શકે છે, કારણ કે કેટલાક ઘાયલોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. તમામ ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે સંબંધિત મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓને પરિસ્થિતિ પર નજર રાખવા માટે ઘટનાસ્થળે જવા નિર્દેશ આપ્યો છે. વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલું છે.

## કેજરીવાલે કોનોટ પ્લેસ હનુમાન મંદિરે પૂજા કરી:મનીષ સિસોદિયા, સંજય સિંહ પણ સાથે રહ્યા; ગઈકાલે લિકર પોલિસી કેસમાં નિર્દોષ છૂટ્યા હતા

• નવી દિલ્હી

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આપ નેતા અરવિંદ કેજરીવાલે દિલ્હીના કોનોટ પ્લેસ સ્થિત હનુમાન મંદિરમાં પ્રાર્થના કરી. તેમની સાથે મનીષ સિસોદિયા, આપ સાંસદ સંજય સિંહ અને અન્ય નેતાઓ પણ હતા. એક દિવસ પહેલા દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી લિકર પોલિસી સંબંધિત સીબીઆઈ કેસમાં કેજરીવાલ અને સિસોદિયા સહિત 23 લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા. કેજરીવાલે ગઈકાલે સાંજે આપ કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ પણ યોજી હતી.તેમણે કહ્યું કે પીએમ મોદી અને અમિત શાહે તેમની વિરુદ્ધ કાવતરું ઘડ્યું હતું. જ્યારે તેઓ આપને હરાવી શક્યા નહીં, ત્યારે તેઓ તેનો નાશ કરવા નીકળ્યા. તેમણે કહ્યું કે તેમણે તેમના જીવનમાં ફક્ત પ્રામાણિક કમાણી કરી હતી, અને આ કોર્ટમાં સાબિત થયું છે.હકીકતમાં, દિલ્હીમાં 2021-22ની આબકારી નીતિમાં કૌભાંડના આરોપો છે. કેજરીવાલની સરકાર દરમિયાન, લાઈસન્સ આપવામાં અને નવી દારૂ નીતિમાં માર્જિન નક્કી કરવામાં અનિયમિતતાઓ થઈ હતી. ઓગસ્ટ 2022માં CBIની ચાર્જશીટના આધારે EDએ પણ આ મામલે કેસ દાખલ કર્યો હતો. EDના કેસમાં પણ હજુ સુનવણી ચાલુ છે. આવી સ્થિતિમાં, એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે CBI કેસમાં કેજરીવાલ સહિત અન્ય લોકો નિર્દોષ છૂટવાને કારણે, આ બધા ED કેસમાં પણ નિર્દોષ છૂટી શકે છે. કારણ કે EDનો કેસ હવે નબળો પડી ગયો છે.કોર્ટે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા સહિત તમામ 23 આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. કહ્યું કે હજારો પાનાની ચાર્જશીટમાં ઘણી ખામીઓ છે અને તેમાં લગાવવામાં આવેલા આરોપો કોઈ સાક્ષી કે નિવેદનથી સાબિત થતા નથી. ચાર્જશીટમાં વિરોધાભાસ છે, જે કથિત ષડયંત્ર (આરોપો)ની સંપૂર્ણ થિયરીને નબળી પાડે છે. અદાલતે CBIના તપાસ અધિકારી (IO) વિરુદ્ધ વિભાગીય તપાસના આદેશ પણ આપ્યા છે.આબકારી નીતિના નિર્માણમાં કોઈ વ્યાપક ષડયંત્ર કે ગુનાહિત ઈરાદો નહોતો. પ્રોસિક્યુશન (CBI)નો કેસ ન્યાયિક તપાસમાં ખરો ઉતરતો નથી.

# આશારામ આશ્રમના ગેટ પાસેથી દારૂ ઝડપાયો:રિક્ષા ચાલક ડિલિવરી કરે તે પહેલાં ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો

• અમદાવાદ




બુટલેગર્સની નવી નવી મોડસ ઓપરેન્ડી દિવસેને દિવસે સામે આવી રહી છે. થોડા દિવસ પહેલા આઈસક્રીમની ટ્રકમાં દારૂની હેરફેરનો પર્દાફાશ થયો હતો ત્યારે હવે ટ્રાન્સપોર્ટ કંપનીની આડમાં દારૂની હેરફેરનો ઘટસ્ફોટ થયો છે. ભુતિયા કંપનીના નામે મુંબઈના ઠેકેદારો દારૂના પાર્સલ કુરિયર મારફતે અમદાવાદમાં મોકલે છે અને ત્યારબાદ લોડીંગ રિક્ષામાં તેનું ડીલવરી થાય છે. ક્રાઈમ બ્રાંચની ટીમે મોટેરા આશારામ આશ્રમના ગેટ નજીકથી ગઈકાલે બીયરનો જથ્થો ઝડપી લીધો છે. બીયરનો જથ્થો બોગસ બીલ્ટી બનીને અમદાવાદ મુંબઈથી આવ્યો હતો. આ પહેલા પણ ક્રાઈમ બ્રાંચની ટીમે ટ્રાન્સપોર્ટ મારફતે આવતો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતીકે ડેલ્હી વેરી એપ્લીકેશન મારફતે ચાલતી લોડિંગ રિક્ષાના પાર્સલોમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો છે. આ લોડીંગ રિક્ષા રખીયલ અજીત મીલથી નીકળી મોટેરા ગામ તરફ આવી રહી છે. ક્રાઈમ બ્રાંચની ટીમ વોચમાં હતી અને તેમેની સાથે બે પંચો પણ હાજર હતા. ક્રાઈમ બ્રાંચ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પાસે છુટી છવાઈ ઉભી હતી ત્યારે એક લોડીંગ રિક્ષા આવી હતી. ક્રાઈમ બ્રાંચની ટીમે રિક્ષાનો પીઠો કર્યો હતો જ્યા થોડે દુર જઈને તે આશારામ આશ્રમ તરફ જવા લાગી હતી. આશ્રમ નજીકજ રિક્ષા ઉભી રહી હતી ત્યારે એક ટુવ્હિલર ચાલક આવ્યો હતો. લોંડીગ રિક્ષાનો ડ્રાઈવર ઉભો ઉભો વાતચીત કરી રહ્યો હતો ત્યારે ક્રાઈમ બ્રાંચની ટીમે તેમને કોર્ડન કરી લીધો હતો. ટુવ્હિરલ ચાલકનું નામ ધવલ રાવલ છે અને તે ગાંધીનગર જીલ્લા અડાલજ ગામમાં રહે છે જ્યારે લોંડિગ રિક્ષા ચાલકનું નામ શૈલેષ પટણી છે જે સરસપુર વિસ્તારમાં આવેલા ગલારઘાની ચાલીમાં રહે છે. શૈલેષ ડેલ્હી વેરીમાં પોતાનું લોહિંડ રિક્ષામાં માલની હેરફેર કરવાનું કામ કરીને ગુજરાન ચલાવે છે.રિક્ષામાં ચાર પાર્સલો હતા જે સફેદ મીણીયાની થેલીમાં લપેટાયેલા હતા. તમામ પાર્સલો મુંબઈથી આવ્યા હતા અને અમદાવાદ બી.એચ.આર. વેન્ચર પ્રાઈવેટ લીમીટેડ અને ટુ.એમ. એમ. એન્ટરપ્રાઈઝના નામે આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચે પંચોની સામે પાર્સલ ખોલીને જોતા તેમા દારૂ તેમજ બીયરનો જથ્થો મળી આવ્યો હતો. મોડીરાત થઈ ગઈ હતી અને માહોલ તંગ થાય નહી તે માટે ધવલ અને શૈલેષની અટકાયત કરીને ક્રાઈમ બ્રાંચની કચેરીએ લોડિંગ રિક્ષા સાથે લાવ્યા હતા. બન્નેની આગવી સ્ટાઈલથી પુછપરછ કરતા તેમને ચોંકાવનારો ખુલાસો કર્યો છે.ગાંધીનગર જીલ્લાના ધવલે કબુલાત કરી હતીકે મુંબઈના બાંદ્રા ખાતે રહેતા સલીક શેખે પાર્સલમાં દારૂનો જથ્થો મોકલાવ્યો હતો. જ્યારે શૈલેષ પટણીએ કબુલાત કરી હતીકે તે રખીયાલ અજીતમીલ ઘનલક્ષ્મી ટ્રાન્સપોર્ટ ખાતે ડીલીવરીનું કામ કરે છે. ઘનલક્ષ્મી ટ્રાન્સપોર્ટ ખાતેથી ચાર પાર્સલ ડીલીવરી કરવા માટે જણાવ્યુ હતું.શૈલેષના મોબાઈલમાં પાર્સલની ડીલીવરી કરવાનું લોકેશન હતુ.

**ફરાર** 'આજે જીવતા છોડ્યા, હવે નામ લેશો તો નહી છોડીએ'

# અમદાવાદમાં પિતા-પુત્ર સહિત 3ને છરી, તલવાર મારી લોહીલુહાણ કર્યા, હુમલો કરી ચારેય શખસ બ્લેક સ્કોર્પિયોમાં ફરાર

**અમદાવાદ શહેરમાં છરી, તલવાર અને લાકડાના દંડા જેવાં હથિયારો પર પ્રતિબંધ હોવા છતાં પણ હથિયારો વડે મારામારીના બનાવો બની રહ્યા છે**

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં છરી, તલવાર અને લાકડાના દંડા જેવાં હથિયારો પર પ્રતિબંધ હોવા છતાં પણ હથિયારો વડે મારામારીના બનાવો બની રહ્યા છે. આવો જ એક બનાવ નરોડા વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં નાના ચિલોડાના ન્યૂ શાહીબાગમાં આવેલી એક સોસાયટીમાં સોસાયટીના ચેરમેન અને તેના સહિત ચાર લોકોએ તલવાર અને પાઈપ વડે મારામારી કરી હતી. એમાં બે લોકોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. નરોડા પોલીસે આ મામલે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.મળતી માહિતી મુજબ, નાના ચિલોડાના ન્યૂ શાહીબાગ વિસ્તારમાં આવેલી કેસર વાટિકા સોસાયટીમાં ચાર લોકોએ પિતા-પુત્ર સહિત ત્રણ લોકોને માર માર્યો હતો. કેસર વાટિકા સોસાયટીમાં રહેતા રસિકભાઈ વિરાસની પત્ની જ્યારે સોસાયટીમાંથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે સોસાયટીના ચેરમેન દીપક ચૌહાણ તેમની સાથે સોસાયટી અને અન્ય બાબતે વાતચીત કરતા હતા. જેથી 27 ફેબ્રુઆરીના રોજ દીપક ચૌહાણ રસિકભાઈની પત્ની સાથે સોસાયટી બાબતે વાતચીત કરતા




હતા, એ રાત્રે રસિકભાઈ અને તેમનો દીકરો આર્યન દીપકભાઈના ઘરે વાતચીત કરવા માટે ગયા હતા, પરંતુ તેઓ હાજર નહોતા.બાદમાં તેમના ઘરેથી નીકળીને રસિકભાઈ અને તેમનો પુત્ર આર્યન સોસાયટીમાં સિક્યોરિટી કેબિન પાસે ઊભા હતા.ત્યારે દીપકભાઈનો છોકરો જય અને તેમની સોસાયટીમાં રહેતા વિજયભાઈનો દીકરો તેમજ કેતન ત્યાં આવ્યા હતા. તમે કેમ દીપકભાઈ વિશે કહેવા આવ્યા હતા, એવું કહીને ગાળાગાળી શરૂ કરી હતી. એ બાદ રસિકભાઈ અને તેના દીકરા આર્યનને માર મારવા લાગ્યા હતા. ત્યારે વિજય ક્યાંકથી તલવાર લઈને આવ્યો હતો અને હાથ ઉપર મારી દીધી હતી. તેમનો દીકરો આર્યન છોડાવવા પડતા કેતને વિજયના હાથમાંથી તલવાર લઈને આર્યનને મારી દીધી હતી, જેથી તેને લોહી નીકળવા લાગ્યુ હતું.

મારામારી ચાલતી હતી ત્યારે બૂમાબૂમ થઈ હતી અને રસિકભાઈનો ભત્રીજો અનિલ છોડાવવા વચ્ચે પડતાં તેને પણ માર માર્યો હતો. પાઈપ લાવીને અનિલને પણ પાઈપ વડે માર માર્યો હતો. તલવાર અને લોખંડની પાઈપ બતાવી આજે તમને જીવતા છોડ્યા છે, હવે અમારું નામ દેશો તો જીવતા નહીં છોડીએ, કહી ત્યાંથી ચારેય જતા રહ્યા હતા. ઘટના દરમિયાન સોસાયટીના રહીશો ભેગા થઈ ગયા હતા. જ્યારે આ હુમલામાં ત્રણને ઈજા થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસને જાણ થતાં નરોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજી તરફ શહેરના કાંકરિયા જૂની પાયલોટ ડેરી રોડ ઉપર દીપક ઠાકોર તેના પરિવાર સાથે રહે છે અને નોકરી કરે છે. 27 ફેબ્રુઆરીના રોજ રાત્રે 7:30 વાગ્યે દીપક મણિનગર ગોરધનવાડી ટેકરા પાસે સત્કાર પાન પાર્લર પર બેઠો હતો. ત્યારે તેનો મિત્ર ચિંતન ઠાકોરનો ફોન આવ્યો હતો કે આપણા મિત્ર યશ ઠાકોરને કોઈ સાથે માથાકૂટ થઈ છે, જેથી ભુલાભાઈ પાર્ક પાસે આવેલા ઝુડિયો મોલ પાસે બોલાવ્યો છે. જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે યશ, ચિરાગ અને ચિંતન હાજર હતા. યશ કોઈની સાથે બોલાચાલી કરતો હતો. થોડીવારમાં ત્યાં એક્ટિવા અને બાઈક ઉપર ચાર શખસ આવ્યા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા.ચારેય લોકોએ દીપકના ત્રણેય મિત્રને માર મારવાની શરૂઆત કરી હતી. મારામારી શરૂ થતાંની સાથે જ દીપકના ત્રણેય મિત્રો ત્યાંથી ભાગી ગયા હતા, પરંતુ દીપક ભાગવા જતાં એક વ્યક્તિએ તેને પકડી લીધો હતો. તેને માર મારવામાં આવ્યો હતો અને બાદમાં એક વ્યક્તિએ છરી કાઢીને શરીરના અલગ અલગ ભાગે મારી દીધી હતી. જાહેરમાં રોડ પર આ રીતે મારામારીના બનાવો થતાં સ્થાનિક લોકો દોડ્યા હતા અને તેને છોડાવ્યો હતો. મારામારી કરનારા ચારેય શખસ ત્યાંથી ભાગી ગયા હતા અને યુવકને સારવાર અર્થે એલજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે તેના અન્ય મિત્રો પણ સારવાર માટે હોસ્પિટલ પહોંચ્યા હતા.

**રાઈટરની સુવિધા હોવા છતા જાતે પેપર લખવાનો નિર્ણય કર્યો**

# બોર્ડની પરીક્ષામાં પગથી પેપર લખતો દિવ્યાંગ વિદ્યાર્થી જન્મથી જ બંને હાથ કામ કરતા ન હોવા છતા હિંમત ન હારી

**નિર્ણય** અમદાવાદના નીતિન પાસવાન હાલ ધોરણ 10 બોર્ડની પરીક્ષા આપી રહ્યો છે

• અમદાવાદ

ગુજરાત બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષા શરૂ થઈ છે. રાજ્યભરમાં લાખો વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે. બોર્ડની પરીક્ષામાં 60 ટકા દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને નિયમ મુજબ રાઈટર મળવાનો હક હોય છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ જે 60 ટકા દિવ્યાંગતા ધરાવતા હોય છે તે રાઈટર રાખીને બોર્ડની પરીક્ષા આપતા હોય છે. પરંતુ ખોખરામાં રહેતા નીતિન પાસવાન નામના વિદ્યાર્થીએ 60 ટકા દિવ્યાંગતા હોવા છતાં રાઈટરની મદદ વગર જાતે જ પરીક્ષા આપવાનો નિર્ણય કર્યો હતો. આજે નીતિન પગથી પેન પકડીને બોર્ડની પરીક્ષા આપી રહ્યો છે. પરીક્ષામાં અન્ય વિદ્યાર્થીઓ કરતા પણ ઝડપી સ્પીડમાં પગથી પેન પકડીને



લખતો જોવા મળી રહ્યો છે. જે જોઈને ભલભલા લોકો અચંબિત થઈ જાય છે.

અમદાવાદમાં ધોરણ-10ની બોર્ડ પરીક્ષાની વચ્ચે એક એવી પ્રેરણાદાયી ઘટના સામે આવી છે. જે દરેક વિદ્યાર્થી અને માતા-પિતાને નવી દિશા બતાવે છે. ખોખરા વિસ્તારમાં રહેતો ધોરણ 10નો વિદ્યાર્થી નીતિન પાસવાનના નાનપણથી જ હાથ કામ કરતા નહતા. બાળપણથી જ હાથ કામ ન કરતાં હોવા છતાં તેણે ક્યારેય પોતાને કમજોરી માન્યો નથી. શરૂઆતમાં લખવું તેના માટે સૌથી મોટો પડકાર હતો. અન્ય બાળકો હાથથી સરળતાથી લખતા, ત્યારે નીતિન માટે પેન પકડવી પણ મુશ્કેલ હતી. પરંતુ નીતિનો સંકલ્પ એવો કે મારે પણ ભણવું છે, આગળ વધવું છે, એ જ જિજ્ઞાસાએ તેને પગથી લખવાની પ્રેક્ટિસ શરૂ કરાવી હતી.

મોટી બહેનનો સહયોગ, માતા-પિતાનું હિંમત આપતું વલણ અને શિક્ષકોનું માર્ગદર્શન આ બધાએ નીતિનના આત્મવિશ્વાસને મજબૂત બનાવ્યો હતો. તે રોજ સ્કૂલમાં કલાકો સુધી પ્રેક્ટિસ કરતો અને ઘરે પણ સતત મહેનત કરતો હતો. શરૂઆતમાં અક્ષર સ્પષ્ટ ન આવતા, સમય વધારે લાગતો, પગમાં દુખાવો થતો પણ તેણે ક્યારેય ફરિયાદ કરી નહતી. ધીમે ધીમે લખવાની ઝડપ વધી અને અક્ષરોમાં સ્પષ્ટતા આવી હતી. આજે તે પ્રશ્નપત્રનો જવાબ ગોઠવેલા શબ્દોમાં, સ્પષ્ટ હસ્તાક્ષરમાં અને સમયમર્યાદામાં પૂરો કરી શકે છે.

બંને હાથ અકાર્યક્ષમ હોવા છતાં સૌથી મહત્વની ગણાતી બોર્ડની પરીક્ષામાં નીતિને રાઈટર રાખવાના બદલે જાતે પગથી પેન પકડીને પરીક્ષા આપી રહ્યો છે. ખોખરામાં આવેલી રાષ્ટ્રભારતી હિન્દી હાઈસ્કૂલ બોર્ડની પરીક્ષા આપી રહ્યો છે. પરીક્ષા કેન્દ્રમાંથી તેનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે શાંતિપૂર્વક અને આત્મવિશ્વાસ સાથે પગમાં પેન પકડીને જવાબ લખતો જોવા મળ્યો હતો. અન્ય વિદ્યાર્થીઓ જે સ્પીડમાં હાથથી જવાબ લખતા હોય છે તે જ સ્પીડમાં નીતિન પગમાં પેન પકડીને જવાબ લખતો જોવા મળ્યો હતો. આ દ્રશ્ય જોઈને ભલભલા લોકો અચંબિત થઈ જાય છે. કારણ કે જ્યાં ઘણા વિદ્યાર્થીઓ સામાન્ય તણાવમાં ગભરાઈ જાય છે, ત્યાં નીતિન આવા સંજોગોમાં પણ અડગ જોવા મળ્યો હતો.

# ઓવરસ્પીડનો મેમો આપતી પોલીસને સ્પીડમાં આવતી એક્ટિવાચાલકે ટક્કર મારી

**પોલીસકર્મી સહિત ત્રણ ઈજાગ્રસ્ત, SG હાઇવે પર ટ્રાફિક ડ્રાઇવ દરમિયાન મહિલા ટુ-વ્હીલર ચાલકે અકસ્માત કર્યો**

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવા માટે ચાલી રહેલી કાર્યવાહી દરમિયાન સરખેજ-ગાંધીનગર (એસ.જી.) હાઈવે પર એક દુર્ઘટના સર્જાઈ છે. ઓવરસ્પીડિંગમાં જતા વાહનચાલકોને મેમો આપવાની કામગીરી કરી રહેલા ટ્રાફિક પોલીસકર્મીને એક યુવતીએ એક્ટિવા સ્કૂટરથી ટક્કર મારી દીધી, જેમાં પોલીસ કર્મી સહિત ત્રણેય વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે.પૂરપાટ ઝડપે આવતી યુવતીએ ટ્રાફિક પોલીસ હેડ કોન્સ્ટેબલને ટક્કર મારી આ ઘટના સાણંદ બ્રિજના છેડા પાસે બની હતી. એસ.જી. હાઈવે ટ્રાફિક પોલીસના જવાનો ઈન્ટરસેપ્ટર વાનમાંથી ઓવરસ્પીડિંગનું ચેકિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન એક યુવતી એક્ટિવા સ્કૂટર પર પૂરઝડપે આવી પહોંચી અને સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવી બેઠી. તેણે ત્યાં ઉભેલા ટ્રાફિક પોલીસ હેડ કોન્સ્ટેબલ જયેશભાઈ યાદવને ટક્કર મારી દીધી. આ ટક્કરના ઝટકાથી એક્ટિવા ચાલક મહિમા શાક્ય (યુવતી) અને તેની પાછળ બેઠેલી જાનવીબેન ગંગવાલ તેમજ પોલીસકર્મી જયેશ



યાદવ રોડ પર પટકાયા અને ઈજાગ્રસ્ત થયા. ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસ કર્મીઓએ તાત્કાલિક ત્રણેયને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા. તેમની સારવાર ચાલુ છે અને હાલ તેમની સ્થિતિ સ્થિર છે. મામલે એસ.જી. હાઈવે ટ્રાફિક પોલીસે (એસજી-2 ટ્રાફિક પોલીસ સ્ટેશન) એક્ટિવા ચાલક મહિમા શાક્ય સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આરોપી સામે રેશ ડ્રાઈવિંગ, ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન અને પોલીસ કર્મીને ઈજા પહોંચાડવા સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે.ટ્રાફિક પોલીસે જણાવ્યું કે, શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે વધુ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. આવી ઘટનાઓ ટાળવા માટે વાહનચાલકોએ ઝડપની મર્યાદા જાળવવી, હેલ્મેટ અને અન્ય સુરક્ષા સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે. આ ઘટના એસ.જી. હાઈવે પર વધતા અકસ્માતોના સિલસિલાને ફરી એકવાર ઉજાગર કરે છે, જ્યાં ઓવરસ્પીડિંગ અને બેફામ ડ્રાઈવિંગને કારણે અનેક અકસ્માતો થઈ રહ્યા છે.

# કળિયુગમાં ભગવાન પણ સુરક્ષિત નથી:મહાકાળી માતાનાં હાર-છત્તર જોયાં, ચરણ પાદુકા-તલવાર ચોરી

• વડોદરા

કળિયુગમાં ભગવાન પણ સુરક્ષિત નથી અમારે આ એટલા માટે કહેવું પડે છે, કારણ કે આજકાલ મંદિરોમાં ચોરીની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે. આવી જ એક ઘટના વડોદરામાં સામે આવી છે, જ્યાં છાણી વિસ્તારમાં તસ્કરે મહાકાળી માતાનાં હાર-છત્તર જોયાં અને ચરણ પાદુકા-તલવારની ચોરી કરી તો ભાથીજી મંદિરમાંથી દાનપેટી ઉઠાવી લીધી, તસ્કરોએ દાનપેટી ઉઠાવવાનો તો મહાકાળી મંદિરમાં પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ એમાં સફળ થયા નહોતા.

મંદિરમાં ચોરી કરવાવાળા 3 તસ્કરને ક્યાં ખબર હતી કે તેમની આ હરકત 'ઉપરવાળા' દેખી રહ્યા છે અને મંદિર લૂંટવા આવેલા ત્રણેય તસ્કર CCTVમાં ઝડપાઈ ગયા છે.

વડોદરા શહેરના છાણી ગામમાં રહેતા ફરિયાદી રાકેશભાઈ શાંતિલાલ પરમાર (ઉંમર 29), જે વડોદરા મહાનગરપાલિકાના પાણીપુરવઠા વિભાગમાં હેલ્પર તરીકે નોકરી કરે છે. તેમણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના પિતા શાંતિલાલ શંકરભાઈ પરમાર છેલ્લાં 30 વર્ષથી ભાથીજી મંદિરમાં આરતી કરવા દરરોજ જાય છે. 24 ફેબ્રુઆરીએ વહેલી સવારે આશરે 4 વાગ્યે પિતાજી મંદિરમાંથી પરત આવીને તેમને જગાડ્યા અને જણાવ્યું કે મંદિરમાં ચોરી થઈ છે.મંદિર પહોંચીને તપાસ કરતાં ખબર પડી કે મંદિરનો દરવાજો તોડીને દાનપેટી ગાયબ કરી દેવામાં આવી છે. મંદિરની બાજુમાં આવેલા મહાકાળી માતાજીના મંદિરમાં લાગેલા CCTV કેમેરાની તપાસમાં ત્રણ અજાણ્યા શખસ મોઢે રૂમાલ બાંધીને મંદિરમાં પ્રવેશ કરતા જોવા મળ્યા હતા. આ તસ્કરોએ ભાથીજી મંદિરનું લોક તોડીને અંદર પ્રવેશ કરી દાનપેટી ચોરી લીધી હતી, જેમાં આશરે 10 હજાર રૂપિયાની રોકડ રકમ હતી.એ જ રીતે મહાકાળી મંદિરમાં પણ દરવાજાનું લોક તોડીને ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યાંથી 20 વર્ષ જૂની લોખંડની તલવાર અને માતાજીની પિત્તળની ચરણ પાદુકાની ચોરી કરી લઈ ગયા હતા. દાનપેટી લઈ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એ તૂટી નહીં હોવાથી દાનપેટી ત્યાં જ છોડી દીધી અને એમાં રહેલી રોકડ પણ લઈ ગયા નથી. મહાકાળી મંદિરમાંથી 20 વર્ષ જૂની લોખંડની તલવાર ચોરી.

# યુવકે સહકર્મી યુવતી પર દુષ્કર્મ આચર્યું:નોકરીથી છુટી ઘરે આવેલી મહિલાની એકલતાનો લાભ લઇ દુષ્કર્મ આચર્યું

• વડોદરા

વડોદરા શહેરમાં નોકરી પરથી છુટીને ઘરે આવેલી પરિણીતા ઘરમાં એકલી હોવાથી તેની સાથે નોકરી કરતો શખ્સ તેનો પીછો કરીને બળજબરીપૂર્વક ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ પરિણીતાને ધમકી આપી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજાર્યું હતું. જેથી પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.વડોદરા દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડાના મકાનમાં રહેતા અક્ષય જયેન્દ્ર રાઠવા પરિણીત હોવા સાથે બે સંતાનનો પિતા પણ છે. અક્ષય રાઠવા જે જગ્યા પર નોકરી કરતો હતો. તેની સાથે એક પરિણીત મહિલા પણ નોકરી કરતી હતી. આ દરમિયાન મહિલા નોકરી પર છુટી હતી ત્યારે આરોપી અક્ષય રાઠવા પણ ઘરે જઈ રહ્યો હતો. તેણે પરિણીતાને ઘરે મુકી જવા માટે પુછ્યુ હતું, પરંતુ મહિલાએ તેને ના પાડી હતી. તેમ છતાં અક્ષય રાઠવાએ પરિણીતાનો પીછો કર્યો હતો. પરિણીતા ઘરે પહોંચી હતી ત્યારે તેમનો પતિ પોતાના વતનમાં ધોરણ 12ની પરીક્ષા આપવા માટે ગયો હતો. ઘરમાં એકલી હોય તેનો લાભ લઈને અક્ષય રાઠવા તેના ઘરમાં ઘુસી ગયો હતો અને દુષ્કર્મ આચર્યું હતું. જો કોઈને આ વાત જાણ કરીશ તો મારી નાખીશ તેવી ધમકી આપી સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો. જેથી પરિણીતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ ગુજારનાર અક્ષય રાઠવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

**વડોદરાના સાકરિયાપુરા ગામ પાસેની ઘટના**

# રેલવેટ્રેક પાસે યુવકનું માથું અને ધડ 10 ફૂટ દૂરથી મળ્યાં:આપઘાત કે અકસ્માત એ રહસ્ય અકબંધ

• વડોદરા

વડોદરા નજીક નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા સાકરીયાપુરા ગામ પાસે ભયાનક ઘટના સામે આવી છે. સાકરીયાપુરા રેલવે ફાટક પાસેથી માત્ર 300 મીટર દૂર રેલવે ટ્રેક પરથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે, જેનું માથું અને ધડ અલગ-અલગ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા નંદેસરી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.રેલવે ટ્રેક પાસે યુવકનું માથું મળ્યું છે અને ધડ તેનાથી 10 ફૂટ દૂર મળ્યું છે. હજુ સુધી મૃતદેહની ઓળખ થઈ શકી નથી. પોલીસે મૃતદેહની ઓળખ કરવાની દિશામાં તપાસ શરૂ કરી છે. આ બધા વચ્ચે યુવકે આપઘાત કર્યો છે કે અકસ્માત કે અન્ય કોઈ



ઘટના ઘટી છે તે રહસ્ય અકબંધ છે.સાકરીયાપુરા રેલવે ફાટકથી માત્ર 300 મીટર દૂર રેલવે ટ્રેક પરથી યુવકનો મૃતદેહ મળ્યો. સાકરીયાપુરા રેલવે ફાટકથી માત્ર 300 મીટર દૂર રેલવે ટ્રેક પરથી યુવકનો મૃતદેહ મળ્યો. ગુરુવારે (26 ફેબ્રુઆરી) રાત્રિના સમયે લગભગ 8:30 વાગ્યાની આસપાસ રેલવે કંટ્રોલ રૂમમાંથી નંદેસરી પોલીસ સ્ટેશનને કોલ મળ્યો હતો કે, સાકરીયાપુરા રેલવે ફાટક પાસે એક મૃતદેહ મળ્યો છે. કોલ મળતા જ નંદેસરી પોલીસ સ્ટેશનના એએસઆઈ મૂળજીભાઈ આહિર સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. નંદેસરી પોલીસની ટીમે આ મામલે તાત્કાલિક પહોંચીને તપાસ હાથ ધરી હતી અને મૃતદેહની ઓળખ કરવાની દિશામાં પ્રયાસો શરૂ કર્યા છે. પોલીસે નંદેસરી, અનગઢ, ફાજલપુર તેમજ સાકરીયાપુરા સહિત આસપાસના ગામોમાં મૃતદેહ અંગે પૂછપરછ શરૂ કરી છે. સ્થાનિકો અને રેલવે સંબંધિત વ્યક્તિઓ પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. જોકે હજી સુધી યુવકની કોઈ ઓળખ થઈ શકી નથી. નંદેસરી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો છે. યુવકે આપઘાત કર્યો છે કે, પછી અકસ્માતમાં મોત થયું છે તે પણ તપાસનો વિષય છે. નંદેસરી પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

આગ

9 ફાયર સ્ટેશનની ગાડીઓએ પાણીનો મારો ચલાવી કાબૂમાં લીધી

# સુરતની મિલેનિયમ-1 માર્કેટમાં લાગેલી આગ ઠરી: 3600 દુકાનોના વેપારીઓના જીવ અધ્ધર થયા હતા

**હરીશ હેડુએ જણાવ્યું હતું કે, મિલેનિયમ માર્કેટના ટોપ ફ્લોર ઉપર 5થી 6 દુકાનોમાં આગનો કોલ મળ્યો હતો. ઘટનાસ્થળે પહોંચીને જોતા 15થી 17 ગાડી ઘટનાસ્થળે ફાયર ફાઈટિંગમાં મોકલી દીધી હતી**

• સુરત

સુરતના કમેલા દરવાજા વિસ્તારમાં આવેલી જાણીતી મિલેનિયમ-1 ટેક્સટાઈલ માર્કેટમાં આજે સવારે 10:30 વાગ્યે ટોપ ફલોર પર આવેલી દુકાનોમાં ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. અંદાજે 3600 જેટલી દુકાનો ધરાવતી આ વિશાળ માર્કેટના ઉપરના માળે 5થી 7 દુકાનો આગની લપેટમાં આવી જતાં કરોડો રૂપિયાના કાપડનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા સુરત ફાયર બ્રિગેડ દ્વારા 'બ્રિગેડ કોલ' જાહેર કરી 10થી વધુ ફાયર સ્ટેશનની 17 જેટલી ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ધુમાડાના ગોટેગોટાને કારણે વેન્ટિલેશનમાં મુશ્કેલી પડવા છતાં ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના પગલે હજારો વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલમાં ફાયર વિભાગ દ્વારા કુલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરાઈ છે.





આજે સવારે આશરે 10:30 વાગ્યે સુરતના કમલા દરવાજા પાસે આવેલી મિલેનિયમ માર્કેટ-1માં અચાનક આગ લાગવાની ઘટના બની હતી, જેના પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો હરકતમાં આવ્યો હતો અને અલગ-અલગ 9 ફાયર સ્ટેશનની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. આગ ખૂબ મોટા પ્રમાણમાં ફેલાઈ હોવાથી મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો.

સુરતનો રિંગ રોડ વિસ્તાર, જે સમગ્ર એશિયામાં ટેક્સટાઈલ હબ તરીકે જાણીતો છે અને જ્યાં સેંકડો કાપડની માર્કેટ આવેલી છે, ત્યાં આજે મિલેનિયમ માર્કેટમાં લાગેલી આગે વેપારીઓના જીવ અધ્ધર કરી દીધા હતા. માર્કેટના ટોપ ફલોર પર લાગેલી આગ એટલી ભીષણ હતી કે, જોતજોતામાં 5થી 7 દુકાનોને પોતાની લપેટમાં લઈ લીધી હતી. આ દુકાનોમાં રહેલો કિંમતી કાપડનો જથ્થો, ખાસ કરીને લગ્નસરાની સીઝન માટે તૈયાર કરવામાં આવેલી સાડીઓ અને ચણીયા ચોળી, આગની જ્વાળાઓમાં બળીને ખાખ થઈ ગયા. આગના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા હતા, જેનું મુખ્ય કારણ દુકાનોમાં ભરેલો સિન્થેટિક અને રેશમી કાપડનો જથ્થો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, સીઝનને ધ્યાનમાં રાખીને દુકાનોમાં કરોડો રૂપિયાની ફેન્સી સાડીઓ અને વર્કવાળા ચણીયા ચોળીનો સ્ટોક ઉતારવામાં આવ્યો હતો. આગ લાગતાની સાથે જ આ તમામ માલ મિનિટોમાં રાખ થઈ ગયો હતો. રિંગ રોડ જેવા ગીચ વિસ્તારમાં લાગેલી આ આગને કારણે અન્ય માર્કેટના વેપારીઓમાં પણ ભારે ફાળ પડી હતી.

હરીશ હેડુ (ડેપ્યુટી ચીફ, લિંબાયત ઝોન)એ જણાવ્યું હતું કે, મિલેનિયમ માર્કેટના ટોપ ફ્લોર ઉપર 5થી 6 દુકાનોમાં આગનો કોલ મળ્યો હતો. ઘટનાસ્થળે પહોંચીને જોતા 15થી 17 ગાડી ઘટનાસ્થળે ફાયર ફાઈટિંગમાં મોકલી દીધી હતી. અત્યારે પરિસ્થિતિ પર કાબૂ આવી ગયો છે અને કુલિંગનું કામ ચાલે છે. ઘટનાસ્થળ પર અમારા ડેપ્યુટી કમિશનર અને તમામ મોટા અધિકારીઓ ઘટનાસ્થળ પર હાજર છે. વધુમાં જણાવ્યું હતું કે, આ ઈન્વેસ્ટિગેશનનો વિષય છે પણ જે કાપડનો જથ્થો હતો એ જોવા મળ્યો છે. એની પર ફાયર ફાઈટિંગ કરેલું છે અને હાલ પરિસ્થિતિ કંટ્રોલમાં છે, કુલિંગની કામગીરી ચાલુ છે. એ ઈન્વેસ્ટિગેશનનો સબ્જેક્ટ છે. ઈન્વેસ્ટિગેશન કર્યા પછી જ કંઈક આંકડો કે કંઈક વસ્તુ કે પરિસ્થિતિનો ખ્યાલ આવે. અત્યારે તો આગ લાગી હતી અને આગ ઉપર કાબૂ મેળવી લીધેલો છે અને કુલિંગની કામગીરી ચાલુ છે. 5થી 7 દુકાનો લપેટમાં આવી ગઈ હતી. સુરતના મિલેનિયમ-1 માર્કેટમાં લાગેલી ભીષણ આગ આખરે ફાયર ફાઈટરોની ભારે જહેમત બાદ પૂર્ણપણે ઓલવી દેવામાં આવી છે. અંદાજે 3600 જેટલી દુકાનો ધરાવતા આ વિશાળ માર્કેટને આગની લપેટમાં આવતું જોઈ વેપારીઓમાં ભારે ચિંતા પ્રસરી હતી અને સાવચેતીના ભાગરૂપે તમામ દુકાનો બંધ કરાવી દેવાઈ હતી. જોકે, સદનસીબે આગ પર કાબૂ મેળવી લેવાતા મોટી જાનહાનિ ટળી છે. અત્યારે ફાયર બ્રિગેડ દ્વારા 'કૂલિંગ'ની પ્રક્રિયા ચાલી રહી છે. આગ બુઝાઈ જતાં વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે, પરંતુ માર્કેટમાં ભરાયેલા ધુમાડાને કારણે હજુ પણ સાફ-સફાઈ અને નુકસાનીના આંકલનની કામગીરી ચાલુ છે.

રેલવે દ્વારા આજે અને 1 માર્ચના રોજ મુંબઈ અને દક્ષિણ ગુજરાતથી ઉત્તરપ્રદેશ, બિહાર અને અન્ય રાજ્યો માટે ખાસ ટ્રેનો દોડાવવાનો નિર્ણય

# હોળીના તહેવારની ભીડને પહોંચવા સુરત રેલવે વિભાગ સજ્જ :મુસાફરોની સુવિધા માટે બે દિવસ દોડશે 20 ટ્રેન

પાંચ ટ્રેનના તમામ ડબ્બા હશે જનરલ

ગરમીને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ પર ઠંડા પીવાના પાણી માટે વોટર કૂલર્સ મૂકવામાં આવ્યાં છે

• સુરત

હોળીના પાવન પર્વ નિમિત્તે સુરતથી વતન જતા મુસાફરોનો ધસારો વધી રહ્યો છે. એને જોતાં પશ્ચિમ રેલવેના સુરત અને ઉધના સ્ટેશન દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સલામતી અને સુવિધાને પ્રાથમિકતા આપીને અનેક મહત્ત્વનાં પગલાં ભરવામાં આવ્યાં છે. ડબલ હોલ્ડિંગ એરિયા ઊભો કરી દેવામાં આવ્યો છે. આ સાથે બે દિવસમાં 20 ટ્રેન દોડાવવામાં આવશે તથા જેમાં છથી વધુ અને સ્પેશિયલ અનરિઝર્વડ ટ્રેન દોડાવવામાં આવશે. આ સાથે પાંચ ટ્રેનમાં ડબ્બાઓ પણ જનરલ કરી દેવામાં આવ્યા છે, જેથી મુસાફરોને પોતાના માદરે વતન મોકલી શકાય. રેલવે અધિકારીના



જણાવ્યા અનુસાર, અગાઉ દિવાળી અને છઠ પૂજા દરમિયાન પણ રેલવે દ્વારા લાખો મુસાફરોને સફળતાપૂર્વક તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આ વખતે હોળીના તહેવારમાં પણ એવી જ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ઉધના સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6ને હાઈ-લેવલ પ્લેટફોર્મમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. અહીં નવા શેડ, પૂરતી લાઈટો અને પંખાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગરમીને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ પર ઠંડા પીવાના પાણી માટે વોટર કૂલર્સ મૂકવામાં આવ્યાં છે. મુસાફરોને બેસવા માટેના કાયમી હોલ્ડિંગ એરિયાની ક્ષમતા બમણી કરવામાં આવી છે. આ ઉપરાંત એક વિશાળ કામચલાઉ 'ટેન્ટ એરિયા' પણ તૈયાર કરાયો છે, જ્યાં મુસાફરો આરામ કરી શકે. પ્લેટફોર્મ પર નવા કાયમી અને કામચલાઉ શૌચાલયોની વ્યવસ્થા કરવામાં આવી છે.

રેલવે દ્વારા આજે અને 1 માર્ચના રોજ મુંબઈ અને દક્ષિણ ગુજરાતથી ઉત્તરપ્રદેશ, બિહાર અને અન્ય રાજ્યો માટે ખાસ ટ્રેનો દોડાવવાનો નિર્ણય.

ભીડને નિયંત્રિત કરવા અને મુસાફરોને કોઈ તકલીફ ન પડે એ માટે વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે. RPF, GRP અને સિટી પોલીસના જવાનો ખડેપગે રહેશે. ટિકિટ ચેકિંગ અને અન્ય સુવિધાઓ માટે વધારાના કોમર્શિયલ સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે. દર 8 કલાકે એક ઉચ્ચ અધિકારી સ્ટેશન પર હાજર રહીને વ્યવસ્થાઓનું મોનિટરિંગ કરશે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે મુસાફરોની ભીડને પહોંચી વળવા માટે રેલવે દ્વારા વધારાની સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. રેલવે પ્રશાસનનો વિશ્વાસ છે કે તમામ મુસાફરો સુરક્ષિત રીતે અને સમયસર તેમના પરિવાર સાથે હોળીની ઉજવણી કરવા પહોંચી શકશે. રેલવે દ્વારા મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ શાંતિ જાળવે અને વ્યવસ્થા જાળવવામાં સહકાર આપે.

# હજીરાની હિન્દ ટર્મિનલ કંપનીમાં સર્વેયરોની હડતાળ: અન્ય પ્લાન્ટમાં કામગીરી યથાવત્

પોલીસે સમજાવટ કરી શ્રમિકોને નોકરી પર પરત ફરવા જણાવ્યું, ત્રીજા દિવસે સ્થિતિ સામાન્ય

• સુરત

સુરતના હજીરા સ્થિત હિન્દ ટર્મિનલ પ્રાઈવેટ લિમિટેડ (Hind Terminal Pvt Ltd) માં કાર્યરત તમામ સર્વેયરો 8 કલાકની ડ્યુટી અને પગાર વધારાની માગ સાથે હડતાળ પર ઉતર્યા હતા. આ મામલે પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને હડતાળ પર ઉતરેલા તમામ કર્મીઓને શાંતિપૂર્ણ રીતે સમજાવ્યા હતા. પોલીસની સમજાવટ બાદ શ્રમિકોને પોતાની નોકરી પર પરત ફરવા માટે જણાવાયું છે, જેથી સ્થિતિ થાળે પડી છે.



હિન્દ ટર્મિનલના સર્વેયરો અને કોન્ટ્રાક્ટ વર્કરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. શ્રમિકોની મુખ્ય માંગણી છે કે, તેમની કામગીરીના કલાકો નક્કી કરી 8 કલાક કરવામાં આવે અને વર્તમાન પગારમાં યોગ્ય વધારો આપવામાં આવે. આ પડતર માંગણીઓને લઈને મોટી સંખ્યામાં કામદારો એકઠા થયા હતા, પરંતુ પોલીસે સમયસર મધ્યસ્થી કરી મામલો થાળે પાડ્યો હતો.

હાલમાં હજીરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા 'રાઉન્ડ ધી ક્લોક' પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આજે 28 ફેબ્રુઆરીને શનિવારે હડતાળના ત્રીજા દિવસે સવાર સુધીમાં હિન્દ ટર્મિનલ સિવાય હજીરાના અન્ય કોઈ પણ પ્લાન્ટ કે કંપનીના શ્રમિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો નથી. અન્ય તમામ ઉદ્યોગોમાં કામગીરી રાબેતા મુજબ ચાલુ છે.

કોન્ટ્રાક્ટ વર્કરો દ્વારા જે વિરોધ કરવામાં આવ્યો હતો તેને પગલે પોલીસે સતર્કતા દાખવી છે. પોલીસ અધિકારીઓએ શ્રમિકો સાથે સંવાદ સાધીને તેમને કાયદો અને વ્યવસ્થા જાળવવા અપીલ કરી હતી. પોલીસની સમજાવટને પગલે હવે શ્રમિકોમાં સકારાત્મક વલણ જોવા મળી રહ્યું છે અને કંપનીમાં કામગીરી ફરી શરૂ થાય તે દિશામાં પ્રયાસો હાથ ધરાયા છે.

કારમાં આગ લાગી ને 500ની નોટોનાં બંડલ સળગ્યાં

# સુરતમાં ગ્રાન્ડ વિટારા સાથે લાખો ખાક

• સુરત

સુરત શહેરમાં છેલ્લા 24 કલાકમાં બે અત્યંત ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે, જેમાં મોટા પ્રમાણમાં 500 રૂપિયાના દરની ચલણી નોટો સળગી ગઈ છે. પ્રથમ ઘટનામાં આંજણા ફાર્મ પાસે પાર્ક કરેલી એક કારમાં આગ લાગતા તેમાં રાખેલા લાખો રૂપિયા બળીને ખાખ થઈ ગયા છે. જ્યારે બીજી ઘટના પાંડેસરા વિસ્તારની છે, જ્યાં કચરાના ઢગલામાં કોઈ અજાણ્યા શખ્સ દ્વારા ભેદી સંજોગોમાં 500ની નોટો સળગાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ બંને ઘટનામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

સુરત શહેરના આંજણા ફાર્મ વિસ્તારમાં આવેલી પ્રસિદ્ધ રઘુકુળ માર્કેટ પાસે શુક્રવારે એક દુર્ઘટના ઘટી હતી. અહીં રોડ સાઈડ પર કચરો સળગાવવામાં આવી રહ્યો હતો, જેની ઝપેટમાં ત્યાં પાર્ક કરેલી ગ્રાન્ડ વિટારા કાર (નંબર: GJ 05 JT 2503) આવી ગઈ હતી. આગ એટલી ભયાનક હતી કે જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી.

કમનસીબી એ હતી કે કારના માલિક અંકિતકુમાર શર્માએ કારની અંદર લાખો રૂપિયાની રોકડ મૂકી હતી. કારની સાથે અંદર રહેલા 500ના દરના નોટોના બંડલ પણ બળીને રાખ થઈ ગયા હતા, જેના કારણે વેપારીને મોટું



આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આ ઘટનાની મળતી વિગત મુજબ, કાર માલિક અંકિતકુમાર શર્માએ પોતાની ગ્રાન્ડ વિટારા ગાડી માર્કેટ પાસે ઉભી રાખી હતી. પ્રાથમિક તપાસમાં એવું બહાર આવ્યું છે કે માર્કેટ પાસેના કચરામાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા તે કાર સુધી પ્રસરી હતી. કારમાં શોર્ટ સર્કિટ થયું કે માત્ર બહારની આગથી જ આ નુકસાન થયું તે તપાસનો વિષય છે, પરંતુ કારમાં રાખેલા 500ના દરના લાખો રૂપિયા આશરે મિનિટોમાં જ કાગળના ડૂચા બની ગયા હતા. ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને વેપારીની લાચારી જોઈ સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

બીજી તરફ, સુરતના ઔદ્યોગિક વિસ્તાર એવા પાંડેસરામાં એક અલગ જ રહસ્યમય કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાંડેસરાના મારુતિ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જ્યાં કચરો ઠાલવવામાં આવે છે, ત્યાં સ્થાનિકોએ 500 રૂપિયાની અનેક નોટો સળગેલી હાલતમાં જોઈ હતી.

કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા અંદાજે 1000 જેટલી (અથવા વધુ કિંમતની) 500ની નોટો અહીં લાવીને સળગાવી દેવામાં આવી હોવાની ચર્ચા છે. રસ્તા પર અર્ધ બળેલી નોટો વેરવિખેર પડેલી જોઈને લોકોમાં ભારે આશ્ચર્ય ફેલાયું હતું અને આ જોતજોતામાં આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ હતી.

પાંડેસરામાં બનેલી આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પરથી અર્ધ સળગેલી નોટોના નમૂના કબજે કર્યા છે. હાલ પોલીસ સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ નોટો અસલી ચલણ છે કે પછી ચિલ્ડ્રન બેંકની નકલી નોટો? જો નોટો અસલી હોય તો કોઈ વ્યક્તિએ આટલી મોટી રકમ સળગાવવાની નોબત કેમ આવી તે અંગે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. પોલીસ આ નોટોને એફએસએલ (FSL) તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી રહી છે.

ઈરાદાપૂર્વક યુપી-બિહાર, ભરૂચ-બરોડામાં વાઈરલ કરાયા

# હજીરામાં તોડફોડ-આગચંપી એ 'ઈન્ડસ્ટ્રી ડેમેજ' કરવાનું કાવતરું

• સુરત

હજીરાની AM/NSમાં થયેલી આગચંપી-તોડફોફ માત્ર વિરોધ નહીં પણ ઈન્ડસ્ટ્રી ડેમેજ કરવાનું કાવતરું હોવાની દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. ઈરાદાપૂર્વક ઘટનાના વીડિયો તે જ સમયે યુપી, બિહાર, સુરત, ભરૂચ અને બરોડામાં વાઈરલ કરાયા હતા કેમ ક ગુજરાતના મોટાભાગના કામદારો-લેબર આ વિસ્તારોમાં રહે છે અથવા તો તેમનું વતન છે. 36 કલાકમાં પોલીસે 500થી વધુ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર સાયબર વોચ રાખી છે, જે બધા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે જોડાયેલા છે. પોલીસે 50 શંકાસ્પદ એકાઉન્ટ્સ ઓળખી કાઢ્યા છે, જેનું તેઓ નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે. આ એ એકાઉન્ટ્સ છે જેના પર પાણીપત અને સુરતમાં તોડફોડ, રમખાણો અને આગચંપીના વીડિયો વાયરલ થયા છે અને મોટી સંખ્યામાં શેર કરવામાં આવ્યા છે.

પાણીપતના વીડિયો વધુ શેર કરવામાં આવ્યા છે, જેમાં સુરતમાં તોડફોડ અને આગચંપીમાં



સામેલ આરોપીઓના વીડિયો પણ જોવા મળે છે, જેમાં 40 તોફાનીઓએ માસ્ક પહેર્યા હતા. જેમાંથી 15 ઓળખાયા છે.

આ એકાઉન્ટ્સ ઉત્તર પ્રદેશ, બિહાર, ભરૂચ, સુરત, બરોડા વગેરેના છે. તેથી, આ એકાઉન્ટ્સના મૂળ માલિકો, તોડફોડના વીડિયો માટે અલ્ગોરિધમ કેવી રીતે બનાવવામાં આવ્યો હતો. પગાર વધારાની માંગણી સાથે ગુરૂવારે L&Tના કામદારોએ તોફાન મચાવ્યા બાદ આજે બીજા દિવસે પણ સવારે કંપની પર મોટી સંખ્યામાં કામદારો એકત્ર થયા હતા, જ્યારે પોલીસની હાજરીમાં મેનેજનેન્ટ સાથે ચર્ચા કર્યા બાદ ટોળુ વિખુટું પડ્યું હતું. ડીસીપી શેફાલી બરવાલે જણાવ્યું હતુંકે, હજીરાની કંપનીમાં બનેલી ઘટના અંગે તથા અફવા ફેલાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસનું સોશિયલ મિડીયા મોનિટરિંગ યુનિટ સક્રિય છે. વોટ્સઅપ કે અનેય માધ્યમથી ભડકાઉ પોસ્ટ કે અફવા ફેલાતી પોસ્ટ પોલીસને મળશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ 40 જણા વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો. જેમાં તિક્ષ્ણ અને જીવલેણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. તેમજ બનાવ વખતે ટોળાએ પોલીસને ચાર વાનને ઘેરી લીધી હતી. જેથી પીઆઈ વી.એલ.પરમાર સ્ટેનગ્રેનેટ કાઢીને ફેંકવા ગયા ત્યારે તોફાનીએ તેમની પાસેથી છીનવી લઈને પોલીસની વાનમાં ફેંક્યો હોવાનું જણાવ્યું છે. જે ફુટતા પીઆઈ અને કોન્સ્ટેબલને ઈજા થઈ હતી. પોલીસે 70 રાઉન્ડ ટિયરગેસ, 6 સ્ટેનગ્રેનેટ અને 10 રાઉન્ડ હવા ફાયરિંગ કરીને ટોળાને વિખેર્યું હતું.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# ઈશાન કિશન T20 બેટર્સની રેન્કિંગમાં નંબર-5 પર આવ્યા:બોલરોમાં બુમરાહે 7 સ્થાનની છલાંગ લગાવી

• દુબઈ

ICCના તાજેતરના T20 રેન્કિંગમાં ભારતીય ઓપનર ઈશાન કિશન 3 સ્થાનની છલાંગ લગાવીને પાંચમા સ્થાને પહોંચી ગયો છે. બોલરોમાં જસપ્રીત બુમરાહે 7 સ્થાનનો ઉછાળો લેતા આઠમું સ્થાન હાંસલ કર્યું છે. ICCએ બુધવારે T20 આંતરરાષ્ટ્રીય ખેલાડીઓની તાજેતરની રેન્કિંગ જાહેર કરી. ભારતીય ઓપનર ઈશાન કિશનને શાનદાર પ્રદર્શનનો ફાયદો મળ્યો છે. તેઓ 742 રેટિંગ અંક સાથે આઠમાથી પાંચમા સ્થાને પહોંચી ગયા છે.ઈશાન કિશન ભારત-શ્રીલંકામાં ચાલી રહેલા T20 વર્લ્ડકપની 5 મેચમાં 176 રન બનાવી ચૂક્યો છે. બોલરોમાં જસપ્રીત બુમરાહે 7 સ્થાનની છલાંગ લગાવી છે. ગયા અઠવાડિયે 15મા નંબરે રહેલા બુમરાહ સાઉથ આફ્રિકા સામે 3 વિકેટ લીધા બાદ 669 પોઈન્ટ સાથે આઠમા સ્થાને પહોંચી ગયો છે. કોર્બિન બોશ 21 સ્થાન ઉપર ચઢીને ત્રીજા નંબરે આવી ગયો છે, જ્યારે વરુણ ચક્રવર્તી નંબર-1 બોલર યથાવત છે.ઓલરાઉન્ડરોમાં ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝા ફરીથી નંબર-1 બની ગયો છે. શિવમ દુબે બે સ્થાન ઉપર ચઢીને સાતમા નંબર પર પહોંચ્યો છે.જ્યારે,અફઘાનિસ્તાનનો મોહમ્મદ નબી આઠમા સ્થાને પહોંચીને ટૉપ-10માં સામેલ થઈ ગયો છે.



અભિષેક શર્મા ખરાબ પ્રદર્શન છતાં T20 બેટર્સની રેન્કિંગમાં ટોચના સ્થાને યથાવત છે. વર્લ્ડ કપમાં સાધારણ શરૂઆત છતાં તે ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટથી 62 પોઈન્ટ આગળ છે. પાકિસ્તાનનો સાહિબઝાદા ફરહાન 2 સ્થાનના ફાયદા સાથે નંબર-3 પર આવી ગયો છે. ફરહાનના 810 રેટિંગ પોઈન્ટ્સ છે.બોલરોમાં જસપ્રીત બુમરાહે 7 સ્થાનની છલાંગ લગાવી છે. ગયા અઠવાડિયે 15મા નંબરે રહેલા બુમરાહ સાઉથ આફ્રિકા સામે 3 વિકેટ લીધા બાદ 669 પોઈન્ટ સાથે આઠમા સ્થાને પહોંચી ગયો છે. કોર્બિન બોશ 21 સ્થાન ઉપર ચઢીને ત્રીજા નંબરે આવી ગયો છે, જ્યારે વરુણ ચક્રવર્તી નંબર-1 બોલર યથાવત છે.ઓલરાઉન્ડરોમાં ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝા ફરીથી નંબર-1 બની ગયો છે. શિવમ દુબે બે સ્થાન ઉપર ચઢીને સાતમા નંબર પર પહોંચ્યો છે.જ્યારે,અફઘાનિસ્તાનનો મોહમ્મદ નબી આઠમા સ્થાને પહોંચીને ટૉપ-10માં સામેલ થઈ ગયો છે.

T20 વર્લ્ડકપ

વેસ્ટ ઈન્ડીઝ સામે રમી શકે છે

# કોલકાતામાં ભારતીય ટીમ સાથે જોડાશે રિંકુ સિંહ:ગઈકાલે પિતાના અંતિમસંસ્કાર કર્યા હતા

**રિંકુના પિતા ખાનચંદ સિંહ ગ્રેટર નોઈડાની એક હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા, તેમના અંતિમસંસ્કાર અલીગઢમાં કરાયા હતા**

• કોલકાતા

રિંકુના પિતા ખાનચંદ સિંહ ગ્રેટર નોઈડાની એક હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા, તેમના અંતિમસંસ્કાર અલીગઢમાં કરાયા હતા. રિંકુ સિંહ રવિવારે વેસ્ટ ઈન્ડીઝ સામેની સુપર-8 મેચ પહેલાં શનિવારે કોલકાતામાં ભારતીય ટી-20 વર્લ્ડ કપ ટીમમાં ફરીથી જોડાશે. BCCI સચિવ દેવજીત સૈકિયાએ ન્યૂઝ એજન્સી PTIને જણાવ્યું હતું કે રિંકુ શનિવારે ટીમમાં જોડાઈ રહ્યો છે. શુક્રવારે તેમના પિતા ખાનચંદ સિંહનું નિધન થયું હતું. તેઓ 60 વર્ષના હતા. તેમને ચોથા સ્ટેજનું લિવરનું કેન્સર હતું. રિંકુ પિતાના અંતિમસંસ્કાર માટે ચેન્નઈથી સીધા અલીગઢ પહોંચી ગયો હતો, પરંતુ હવે તે ફરીથી ટીમ સાથે હશે. ખરેખર ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની મેચ એક વર્ચ્યુઅલ નોકઆઉટ છે, જેમાં જીતનારી ટીમ ગ્રૂપ-1માંથી સાઉથ આફ્રિકા સાથે સેમિફાઈનલ માટે ક્વોલિફાય કરશે.

રિંકુએ અત્યારસુધી ટુર્નામેન્ટની 5 ઈનિંગ્સમાં 24 રન બનાવ્યા છે. આ રિંકુનો પહેલો જ વર્લ્ડ કપ છે, કારણ કે તે 2024ની ટુર્નામેન્ટમાં ટ્રાવેલિંગ રિઝર્વ હતો, તેથી તેને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો નહોતો. પિતાના છેલ્લા શબ્દો- તારા જેવો દીકરો દરેક પિતાને મળે, તું મેચ રમ, હું હોસ્પિટલમાંથી પ્રાર્થના કરીશ



રિંકુ સિંહ 24 ફેબ્રુઆરીએ ચેન્નઈથી ફ્લાઈટ લઈને હોસ્પિટલ પહોંચી ગયો હતો. તેને ટી-20 વર્લ્ડ કપનું પ્રેક્ટિસ સેશન છોડવું પડ્યું હતું. લગભગ 6 કલાક તે પિતા પાસે હોસ્પિટલમાં રહ્યો. ત્યાર બાદ તે ચેન્નઈ પાછો જવા લાગ્યો. તેણે પિતાને જણાવ્યું કે 26 ફેબ્રુઆરીએ ઝિમ્બાબ્વે સામે મેચ છે, મારે દેશ માટે રમવું પડશે.ત્યારે પિતાએ રિંકુ સિંહના માથા પર હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે તું એક દિવસ સફળતાની ઊંચાઈએ પહોંચશે. પોતાને ક્યારેય એકલો ન સમજતો તારા જેવો દીકરો દરેક પિતાને મળે. સચિન તેંડુલકર: 1999માં વન-ડે વર્લ્ડ કપ દરમિયાન સચિનના પિતાનું નિધન થયું હતું. તેઓ ભારત પાછા ફર્યા, અંતિમસંસ્કારમાં હાજરી આપી અને પછી ઈંગ્લેન્ડ પાછા જઈને કેન્યા સામે સદી ફટકારી. તેણે 140 રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. આ સદી તેમણે પિતાને સમર્પિત કરી હતી. વિરાટ કોહલી: ડિસેમ્બર 2006માં રણજી ટ્રોફી મેચ દરમિયાન તેમના પિતાનું નિધન થયું હતું. વિરાટ અંતિમસંસ્કાર બાદ બીજા દિવસે બેટિંગ કરવા દિલ્હી માટે મેદાન પર ઊતર્યો અને 90 રન બનાવ્યા. આ ઘટના તેમના કરિયરની સૌથી ચર્ચિત અને પ્રેરણાદાયક ઘટનાઓમાંની એક ગણાય છે.

શું તમે તમારી જાતને ક્રિકેટના સુપર ફેન માનો છો? આખા T20 વર્લ્ડ કપ ટુર્નામેન્ટ દરમિયાન દૈનિક ભાસ્કરની ખાસ ગેમ 'SUPER ઓવર'માં રોજ ક્રિકેટ સંબંધિત 6 સવાલ તમારું ક્રિકેટ જ્ઞાન ચકાસશે. જેટલી જલદી સાચા જવાબ આપશો એટલા વધુ રન બનશે. જેટલા વધુ રન બનશે, લીડરબોર્ડમાં તેટલા જ ઉપર આવશો. તો રોજ રમો અને ટુર્નામેન્ટના ટોપ સ્કોરર બનો. હમણાં રમો SUPER ઓવર

ઈંગ્લેન્ડે ટી-20 વર્લ્ડ કપની 9મી સુપર-8 મેચમાં ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવ્યું છે. આ જીતે પાકિસ્તાનની સેમિફાઈનલમાં પહોંચવાની આશાઓ જીવંત રાખી છે. જ્યારે ન્યૂઝીલેન્ડને પાકિસ્તાનના પ્રદર્શન પર નિર્ભર કરી દીધું છે.

બંગાળ-તમિલનાડુ સહિત 5 રાજ્યોમાં ચૂંટણી

# IPLનું શેડ્યૂલ ચૂંટણીને કારણે બદલાઈ શકે:26ને બદલે 28 માર્ચે પ્રથમ મેચ શક્ય

**IPL ગવર્નિંગ કાઉન્સિલ એ વાત પર પણ વિચાર કરી શકે છે કે ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ ક્યાં યોજવી, કારણ કે ડિફેન્ડિંગ ચેમ્પિયન RCB તેમાં સામેલ થશે**

વિધાનસભા ચૂંટણીઓને કારણે IPL 2026નું શેડ્યૂલ બદલાઈ શકે છે. રિપોર્ટ્સ અનુસાર, ટૂર્નામેન્ટની શરૂઆત હવે 26 માર્ચને બદલે 28 માર્ચે થઈ શકે છે. જોકે, BCCIએ હજુ સુધી નવી તારીખ પર અંતિમ નિર્ણય લીધો નથી. તમિલનાડુ, કેરળ, આસામ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં યોજાનાર ચૂંટણી કાર્યક્રમને કારણે કેટલાક શહેરોમાં સુરક્ષા અને અન્ય વ્યવસ્થાની સમસ્યા ઊભી થઈ શકે છે. આ સંભવિત ટકરાવને ધ્યાનમાં રાખીને બોર્ડ શરૂઆતી મેચોની તારીખ લંબાવવા પર વિચાર કરી રહ્યું છે.

વિધાનસભા ચૂંટણીવાળા રાજ્યોમાં ત્રણ એવા મુખ્ય સ્ટેડિયમ છે જે IPL વેન્યુ તરીકે ઉપયોગમાં લેવાતા રહ્યા છે. તમિલનાડુના



ચેન્નઈ સ્થિત એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપોક) ચેન્નઈ સુપર કિંગ્સનું હોમ ગ્રાઉન્ડ છે.

પશ્ચિમ બંગાળના કોલકાતામાં સ્થિત ઈડન ગાર્ડન્સ કોલકાતા નાઈટ રાઈડર્સનું ઘરેલું મેદાન છે, જ્યારે આસામના ગુવાહાટીમાં બનેલું બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ રાજસ્થાન રોયલ્સનું સેકન્ડ હોમ વેન્યુ રહ્યું છે.

2008માં IPL શરૂ થયા પછી, જ્યારે પણ દેશમાં સામાન્ય ચૂંટણીઓ (2009, 2014, 2019 અને 2024) અથવા કોઈ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ છે, ત્યારે ટૂર્નામેન્ટનું શેડ્યૂલ બે ભાગમાં બહાર પાડવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, એવી સંભાવના છે કે આ વખતે પણ BCCI આવું જ કરશે.

ઓપનિંગ મેચનું સ્થળ પણ ચર્ચામાં, RCBના હોમ ગ્રાઉન્ડ પર શંકા IPL ગવર્નિંગ કાઉન્સિલ એ વાત પર પણ વિચાર કરી શકે છે કે ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ ક્યાં યોજવી, કારણ કે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) તેમાં સામેલ થશે. ગયા જૂનમાં બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં RCBની જીતની ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડમાં 11 ચાહકોના મોત થયા હતા. ત્યારબાદ RCB અને કર્ણાટક ક્રિકેટ વચ્ચે આ અંગે ચર્ચા ચાલી રહી છે કે ટીમ તેની સાત હોમ મેચ ત્યાં જ રમશે કે અન્ય કોઈ સ્થળે ખસેડશે.ફ્રેન્ચાઈઝીએ નવી મુંબઈ, રાયપુર અને પુણે જેવા શહેરોને વૈકલ્પિક વિકલ્પ તરીકે શોર્ટલિસ્ટ કર્યા છે. RCBના IPL વિજયની ઉજવણીમાં 11 ચાહકોના મોત થયા હતા.ઓક્શનમાં 26 માર્ચ જણાવવામાં આવી હતી BCCI એ ગયા વર્ષે ડિસેમ્બરમાં અબુ ધાબીમાં યોજાયેલી IPL હરાજી દરમિયાન ફ્રેન્ચાઈઝીઓને જણાવ્યું હતું કે સિઝન 26 માર્ચથી 31 મે સુધી ચાલશે. તે સમયે 26 માર્ચથી શરૂઆત નિશ્ચિત માનવામાં આવી રહી હતી. હવે જો ઓપનિંગ ડેટ આગળ વધે છે.

# ઈંગ્લેન્ડની જીતથી પાકિસ્તાનની સેમિફાઈનલની આશા જીવંત:ઈંગ્લિશ ટીમે ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું

T20 વર્લ્ડ કપની સુપર 8 મેચમાં ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું. આ જીતથી પાકિસ્તાનની સેમિફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રહી છે.શુક્રવારે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. કિવીઝે 20 ઓવરમાં 7 વિકેટે 159 રન બનાવ્યા. જવાબમાં, ઈંગ્લેન્ડે 19.3 ઓવરમાં 6 વિકેટે ટાર્ગેટ ચેઝ કરી લીધો ન્યૂઝીલેન્ડ માટે ગ્લેન ફિલિપ્સે સૌથી વધુ 39 રન બનાવ્યા હતા, જ્યારે ટિમ સેફર્ટે 35 રનનું યોગદાન આપ્યું હતું. આદિલ રશીદ, વિલ જેક્સ અને રેહાન અહેમદે બે-બે વિકેટ લીધી હતી. લિયામ ડોસને એક વિકેટ લીધી હતી. ઈંગ્લેન્ડ (ENG): ફિલ સોલ્ટ, જોસ બટલર (વિકેટકીપર), જેકબ બેથેલ, ટોમ બેન્ટન, હેરી બ્રુક (કેપ્ટન), સેમ કરન, વિલ જેક્સ, લિયમ ડોસન, રેહાન અહેમદ, જોફ્રા આર્ચર અને આદિલ રશીદ. ન્યૂઝીલેન્ડ (NZ): ફિન એલન, ટિમ સેફર્ટ (વિકેટકીપર), રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ, માર્ક ચેપમેન, ડેરીલ મિચેલ, મિચેલ સેન્ટનર (કેપ્ટન), કોલ મેકકોન્ચી, મેટ હેનરી, ઈશ સોઢી અને લોકી ફર્ગ્યુસન. વિલ જેક્સે 20મી ઓવરના ત્રીજા બોલ પર મેટ હેનરીની બોલિંગ પર



ચોગ્ગો ફટકારીને ઈંગ્લેન્ડની ટીમને 4 વિકેટથી જીત અપાવી.ગ્લેન ફિલિપ્સે 18મી ઓવરમાં 22 રન આપ્યા. વિલ જેક્સે સતત ત્રણ બોલમાં એક છગ્ગો અને બે ચોગ્ગા ફટકાર્યા.ઈશ સોઢીએ 16મી ઓવરમાં 13 રન આપ્યા. વિલ જેક્સે તેના પહેલા બોલ પર ફોર ફટકારી. ત્યારબાદ ટોમ બેન્ટને ચોથા બોલ પર સિક્સર ફટકારી. ઈંગ્લેન્ડે 15મી ઓવરમાં પોતાની પાંચમી વિકેટ ગુમાવી દીધી. સેમ કરન 24 રન બનાવીને આઉટ થયો. રચિન રવીન્દ્રની બોલિંગમાં ગ્લેન ફિલિપ્સના હાથે તેનો કેચ થયો.

રચિને અગાઉ જેકબ બેથેલ (21 રન)ને પણ આઉટ કર્યો.ટોમ બેન્ટને ગ્લેન ફિલિપ્સની બોલિંગમાં બે ચોગ્ગા ફટકાર્યા. પહેલો ચોગ્ગા બીજા બોલ પર કોલ મેકકોન્ચીના મિસફિલ્ડ પર આવ્યો. બીજો ચોગ્ગા સીધી બાઉન્ડરી પર આવ્યો. આ ઓવરમાં 11 રન બન્યા.

# અભિષેકે સતત ત્રીજી મેચમાં મીંડું મુકાવ્યું પાકિસ્તાને પોતાની સૌથી મોટી જીત મેળવી

**ભારતે સતત 12મી વર્લ્ડ કપ મેચ જીતી; ટૉપ રેકોર્ડ્સ**

• સ્પોર્ટ્સ ડેસ્ક

T20 વર્લ્ડ કપમાં બુધવારે પાકિસ્તાને નામિબિયાને 102 રનથી હરાવીને સુપર-8 સ્ટેજમાં પ્રવેશ કરી લીધો છે. રનના અંતરની દ્રષ્ટિએ વર્લ્ડ કપમાં આ ટીમની સૌથી મોટી જીત રહી. બીજી તરફ, ભારતીય ટીમે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સતત 12મો મેચ જીતીને રેકોર્ડ બનાવ્યો છે. જોકે, ટીમના ઓપનર અભિષેક શર્મા સતત ત્રીજી મેચમાં ખાતું ખોલાવી શક્યો નથી.

પાકિસ્તાને બુધવારે નામિબિયા સામે 199 રન બનાવ્યા બાદ તેમને માત્ર 97 રનમાં ઓલઆઉટ કરી દીધા હતા. ટીમે 102 રનથી આ મુકાબલો જીત્યો. T20 વર્લ્ડ કપમાં રનના તફાવતથી પાકિસ્તાનની આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. આ પહેલા 2009માં લોર્ડ્સના મેદાન પર ટીમે નેધરલેન્ડ્સને 82 રનથી હરાવ્યું હતું.

ભારત T20 વર્લ્ડ કપમાં સતત 12મી મેચ જીતી ચૂક્યું છે. 2024માં સતત 8 મેચ જીત્યા બાદ ટીમે 2026માં વધુ 4 મેચ જીતી લીધી છે. ટુર્નામેન્ટના ઈતિહાસમાં ભારત કરતા વધુ સતત મેચો અન્ય કોઈ ટીમે જીતી નથી. ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની ટીમો સતત 8-8 મેચ જીતી ચૂકી છે. ભારતીય ટીમના ઓપનર અભિષેક શર્મા T20 વર્લ્ડ કપની સતત ત્રીજી મેચમાં ખાતું ખોલાવી શક્યો નથી. અમેરિકા સામે અલી ખાને તેને પહેલા જ બોલ પર પેવેલિયન ભેગા કર્યો હતો. પાકિસ્તાન સામે 4 બોલ રમ્યા બાદ તે સલમાન અલી આગાના બોલ પર કેચ આઉટ થયો હતો. જ્યારે નેધરલેન્ડ્સ સામે આર્યન દત્તની બોલિંગમાં ક્લીન બોલ્ડ થયો હતો. આ વખતે તે 3 બોલ રમ્યો હતો. નામિબિયા સામે તે બીમારીના કારણે રમી શક્યો નહોતો. તે આ ટુર્નામેન્ટમાં 8 બોલ રમવા છતાં એક પણ રન બનાવી શક્યો નથી. તેના પહેલા ભારતના આશિષ નહેરા પણ સતત 3 T20માં ખાતું ખોલાવ્યા વગર આઉટ થઈ ચૂક્યા છે.

અભિષેક શર્મા T20 વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરી રહ્યો છે પરંતુ અત્યાર સુધી એક પણ રન બનાવી શક્યો નથી.

# ફૂટબોલ લીગ:અદાણી સ્પોર્ટ્સલાઇને અમદાવાદ સીટી FC સામે 8-0થી જીત નોંધાવી



અદાણી સ્પોર્ટ્સલાઈન FCએ ગુરુવારે ARA ખાતે અમદાવાદ સિટી FC સામે 8-0થી જોરદાર જીત નોંધાવીને થર્ડ ડિવિઝન ADFA લીગ 2026ના અભિયાનની શાનદાર શરૂઆત કરી છે. અમિત મહતોએ બીજી અને 47મી મિનિટે ગોલ ફટકારીને ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. તેને અન્ય ખેલાડીઓનો પણ પૂરો સાથ મળ્યો હતો, જેમાં શિવશે મહતો (7મી મિનિટ), અર્ણવ જોશી (28મી મિનિટ), નિખિલ ઠાકોર (38મી મિનિટ), આશિષ સાધુ (50મી મિનિટ), જેડન જોસેફ (56મી મિનિટ) અને ઝૈનરઝા પલસાણીયાએ (63મી મિનિટ) એક-એક ગોલ કરીને વિરોધી ટીમને હરાવવામાં ભૂમિકા ભજવી હતી. હવે અદાણી સ્પોર્ટ્સલાઈન FC તેની આગામી મેચ 1 માર્ચે એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ FC સામે રમશે, જ્યારે ત્રીજી પૂલ મેચ 7 માર્ચે અમદાવાદ યુનાઈટેડ FC સામે રમાશે.

**; ક્રિકેટરે લખ્યું- ભારે કિંમત ચૂકવવી પડી, જીવનના આ તબક્કાનો અંત આવ્યો**

# ટીમ ઈન્ડિયાના વધુ એક ડિવોર્સ એનિવર્સરી પહેલાં રાહુલ ચહર-ઈશાની અલગ થયાં

ક્રિકેટર રાહુલ ચહર અને ઈશાની જોહરના લગ્નનો અંત આવ્યો છે. આ કપલે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો અને ડિવોર્સ લીધા છે. બંનેના લગ્નના 4 વર્ષ પૂરા થવા પહેલાં જ રાહુલ અને ઈશાનીએ ડિવોર્સ લીધા છે. ઈન્ડિયન ક્રિકેટરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ કરીને આ જાણકારી પોતાના ફેન્સ સાથે શેર કરી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ટીમ ઈન્ડિયાની બહાર ચાલી રહેલા રાહુલ ચહરે જણાવ્યું કે તેણે તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી પૂરી કરવાની સાથે જ તે પોતાની જિંદગીના આ ચેપ્ટરને બંધ કરી રહ્યો છે.

ટીમ ઈન્ડિયા માટે 7



ઈન્ટરનેશનલ મેચમાં 10 વિકેટ લેનાર 26 વર્ષના લેગસ્પિનર રાહુલ ચહરે શુક્રવાર 20 ફેબ્રુઆરીના રોજ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટ પર ખુલાસો કર્યો કે છેલ્લા 15 મહિનાથી આ પ્રક્રિયા ચાલી રહી હતી. માત્ર 22 વર્ષની ઉંમરે લગ્નના બંધનમાં બંધાનારા રાહુલે પોતાના નિવેદનમાં કહ્યું કે તેણે નાની ઉંમરે જ લગ્ન કરી લીધા હતા અને તે સમય સુધી તેઓ પોતાનું મહત્વ અને પોતાના જીવનની પૂરી રીતે સમજ પણ ધરાવતો નહોતો. પરંતુ ત્યારબાદ તેને એવા પાઠ શીખવા મળ્યા જેની તેણે ક્યારેય અપેક્ષા નહોતી કરી. રાહુલ ચાહર અને ઈશાની જોહરે 9 માર્ચ 2022ના રોજ ગોવામાં લગ્ન કર્યા હતા. આમાં બંનેના પરિવારના સભ્યો જ સામેલ હતા. જેમાં રાહુલના પિતરાઈ ભાઈ અને ટીમ ઈન્ડિયાના સ્ટાર ફાસ્ટ બોલર દીપક ચહર પણ સામેલ હતો. આ લગ્નની ત્યારે ખૂબ ચર્ચા થઈ હતી કારણ કે રાહુલ તે સમયે IPLથી હિટ થયો હતો અને ટીમ ઈન્ડિયામાં પોતાની જગ્યા બનાવી રહ્યો હતો. સાથે જ તે સમયે પણ તેની નાની ઉંમરની ઘણી ચર્ચા થઈ હતી. હવે લગ્નની ચોથી વર્ષગાંઠ પહેલા જ તેમનો સંબંધ તૂટી ગયો છે. 'મારા જીવનના આ તબક્કાનો અંત આવ્યો'.

### 56 વર્ષ જૂની ભારતીય ફિલ્મનો USમાં દબદબો; પુરુષવાદી અહંકારને દર્શાવતી ફિલ્મ પર હોલીવુડના વિવેચકો આફરીન

# સત્યજિત રેની 'અરણ્યેર દિન રાત્રિ'ને 4Kમાં રિ-રિલીઝ

## કોલકાતાના શહેરી વાતાવરણમાં રહેલા ચાર મિત્રોની મસ્તી પાછળ છુપાયેલી પુરુષ સત્તા અને જાતિગત અહંકારની વાર્તા પર આધારિત 'અરણ્યેર દિન રાત્રિ' 1970માં જેટલી સુસંગત હતી, આજે પણ તેટલી જ સચોટ છે

અમેરિકામાં 1970ની બંગાળી ફિલ્મ 'અરણ્યેર દિન રાત્રિ'ને ડિજિટલ અવતારમાં ફરીથી રિલીઝ કરવામાં આવી છે. દિગ્ગજ ફિલ્મ નિર્માતા સત્યજિત રેની આ ફિલ્મને નવા 4K સ્વરૂપમાં મેનહટનના પ્રખ્યાત આર્ટ-હાઉસ સિનેમાઘર ફિલ્મ ફોરમમાં બે અઠવાડિયા માટે ફરીથી બતાવવામાં આવી રહી છે.

જૂની ફિલ્મોનું સંરક્ષણ કરતી સંસ્થા 'ધ ફિલ્મ ફાઉન્ડેશન', 'ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન' અને 'જાનસ ફિલ્મ્સ' દ્વારા સાથે મળીને તેને નવા સ્વરૂપમાં સજાવવામાં આવી છે. તેને ગયા વર્ષે ન્યૂયોર્ક ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવવામાં આવી હતી અને હવે સામાન્ય દર્શકો માટે તે ખુલ્લી છે.

'અરણ્યેર દિન રાત્રિ'માં અપર્ણા સેન, શર્મિલા ટાગોર, સિમિ ગરેવાલ, સૌમિત્ર ચેટર્જી, સમિત ભાન્જા, દિબ્યેન્દુ ચેટર્જી, શુભેન્દુ ચટોપાધ્યાય સહિતના કલાકારો મુખ્ય ભૂમિકામાં હતાં. 'અરણ્યેર દિન રાત્રિ'માં અપર્ણા સેન, શર્મિલા ટાગોર, સિમિ ગરેવાલ, સૌમિત્ર ચેટર્જી, સમિત ભાન્જા, દિબ્યેન્દુ ચેટર્જી, શુભેન્દુ ચટોપાધ્યાય સહિતના કલાકારો મુખ્ય ભૂમિકામાં હતાં.








કલકત્તાના ચાર મિત્રોની પુરુષ સત્તા અને જાતિગત અહંકારની વાર્તાકોલકાતાના શહેરી વાતાવરણમાં રહેલા ચાર મિત્રોની મસ્તી પાછળ છુપાયેલી પુરુષ સત્તા અને જાતિગત અહંકારની વાર્તા પર આધારિત 'અરણ્યેર દિન રાત્રિ' 1970માં જેટલી સુસંગત હતી, આજે પણ તેટલી જ સચોટ છે. ફિલ્મમાં કોલકાતા (ત્યારે કલકત્તા) ના ઉચ્ચ જાતિના ભણેલા-ગણેલા, અંગ્રેજી બોલતા અપરિણીત યુવકો- અસીમ, સંજય, હરિ અને શેખરની વાર્તા છે, જેઓ શહેરના ઘોંઘાટથી દૂર ઝારખંડમાં પલામુના જંગલોની યાત્રા પર જાય છે. અહીં તેમનો સામનો સંથાલ વિસ્તારમાં આદિવાસી સમાજ અને ગામડાઓ સાથે થાય છે. તેઓ બુકિંગ વગર સરકારી ગેસ્ટ હાઉસ પર પહોંચીને ચોકીદારને લાંચ આપીને રૂમ હડપી લે છે અને હસીને અંગ્રેજીમાં કહે છે- 'ભ્રષ્ટાચાર માટે ભગવાનનો આભાર.'

'સત્યજીત રેને વિશ્વ સિનેમાના જાદુઈ ચિત્રકાર શા માટે કહે છે, આ ફિલ્મ તેનો જવાબ છે' હોલીવુડ ફિલ્મ વિવેચક જે. હોબરમેન કહે છે, 'આ ફિલ્મ માત્ર એક યાત્રાની વાર્તા નથી, પરંતુ તે બંગાળના મધ્યમ વર્ગનું એવું ચિત્રણ છે, જે પોતાની સુવિધાઓના ખોળમાં કેદ છે. તેનું નવું સંસ્કરણ આજની પેઢીને એ સમજવામાં મદદ કરશે કે, શા માટે સત્યજીત રેને વિશ્વ સિનેમાના જાદુઈ ચિત્રકાર કહેવામાં આવે છે.' 'અરણ્યેર દિનરાત્રિ'ને 1970માં બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં 'ગોલ્ડન બિયર' માટે નામાંકિત કરવામાં આવી હતી. આ ફિલ્મનું શૂટિંગ ઝારખંડના જંગલોમાં થયું હતું, જેને રેએ પોતાની જાદુઈ દૃષ્ટિથી 'મોહક જાદુઈ જંગલ' જેવું બનાવી દીધું હતું.રી-રીલીઝ સાથે એક રીતે પ્રશ્ન પણ પાછો ફર્યો છે- શું ભારતીય સિનેમાએ આજ સુધી રેની આ ફિલ્મની જેમ ઈમાનદારીથી પોતાના 'કમ્ફર્ટેબલ' મધ્યમ વર્ગ, પુરુષવાદી હઠધર્મીતા અને આદિવાસી સમુદાયો પ્રત્યેના દૃષ્ટિકોણને સ્ક્રીન પર પૂરી નિષ્ઠાથી રજૂ કર્યો છે? ન્યૂયોર્ક, લોસ એન્જલસ અને અન્ય શહેરોના શોની બહાર યુવા દર્શકો જે રીતે ફિલ્મના રાજકારણ અને લિંગભેદ પર ચર્ચા કરતા દેખાઈ રહ્યા છે, તે દર્શાવે છે કે 1970ની આ યાત્રા માત્ર ચાર મિત્રોની પિકનિક નથી, આપણી સામાજિક સ્મૃતિની પણ એક જરૂરી વાપસી છે. નવી ચમક સાથે પાછી ફરેલી આ ક્લાસિકલ ફિલ્મનો જાદુ 56 વર્ષ પછી પણ કાયમ છે.

### લોકોનાં મેણાંથી કંટાળીને મૃણાલ ઠાકુરે આત્મહત્યાના

# બોડી શેમિંગ-રિજેક્શનને 'પેકઅપ' કહી સંઘર્ષને 'બ્રેક' આપ્યો!

દુનિયાથી બોલિવૂડ સુધી પોતાની દમદાર એક્ટિંગ અને કાબેલિયતના જોરે એક અલગ ઓળખ બનાવી ચૂકેલી એક્ટ્રેસ મૃણાલ ઠાકુર માટે આ સફર સરળ નહોતી. કરિયરના શરૂઆતના તબક્કામાં તેને નિરાશાજનક અને નકારાત્મક અનુભવોનો સામનો કરવો પડ્યો હતો. તેના લુકને જોઈને કહેવામાં આવતું હતું કે તે હિરોઈન બની શકે નહીં. આવી કોમેન્ટ્સ સાંભળીને મૃણાલ ઘરે આવીને ખૂબ રડતી હતી. ઘણીવાર તો તેણે ટ્રેન નીચે કૂદીને આત્મહત્યા કરવાનું પણ વિચાર્યું હતું. આવા સમયે મૃણાલના ઘરના સભ્યોએ તેને ખૂબ સપોર્ટ આપ્યો. એક્ટ્રેસે સખત મહેનત અને સમર્પણથી પોતાના સંઘર્ષનો સામનો કર્યો. તેની મહેનત રંગ લાવી અને આજે તે એક સફળ એક્ટ્રેસ છે. આજની સક્સેસ સ્ટોરીમાં આવો જાણીએ એક્ટ્રેસ મૃણાલ ઠાકુરના કરિયર અને લાઈફ સાથે જોડાયેલી આવી જ કેટલીક ખાસ વાતો. મૃણાલ ઠાકુરનો જન્મ 1 ઓગસ્ટ 1992ના રોજ મહારાષ્ટ્રના ધુળેમાં થયો હતો. તેના પિતા ઉદય ઠાકુર બેંકમાં કાર્યરત હતા, જેમની નોકરી ટ્રાન્સફરેબલ હતી. પોસ્ટિંગના કારણે પરિવાર ધુળેથી મુંબઈ શિફ્ટ થયો. માતા વંદના ઠાકુર ગૃહિણી છે. પરિવારમાં તેમના એક મોટા ભાઈ ધવલ ઠાકુર અને એક મોટી બહેન લોચન ઠાકુર છે. બહેન મેકઅપ આર્ટિસ્ટ તરીકે જાણીતી છે, જ્યારે તેનો ભાઈ ધવલ ઠાકુર એન્જિનિયર છે અને એક્ટર તરીકે કામ કરે છે, ખાસ કરીને જિયો હોટસ્ટારની વેબસિરીઝ 'ઠુકરા કે મેરા પ્યાર'થી તેને ઓળખ મળી. પિતાની બેંક નોકરીને કારણે પરિવારે મુંબઈમાં કાયમી ધોરણે રહેવાનું શરૂ કર્યું. આ જ બદલાવ મૃણાલના જીવનનો મહત્ત્વનો વળાંક સાબિત થયો, કારણ કે આગળનો અભ્યાસ અને કારકિર્દીની દિશા મુંબઈથી જ નક્કી થઈ.

મૃણાલે પોતાનું શાળાકીય શિક્ષણ મુંબઈમાં પૂરું કર્યું. ત્યાર બાદ તેમણે મુંબઈની KC કોલેજમાંથી માસ મીડિયામાં ગ્રેજ્યુએશન શરૂ કર્યું. જોકે એક્ટિંગમાં વધતી વ્યસ્તતાને કારણે તે પોતાની ડિગ્રી પૂરી કરી શકી નહીં. કોલેજ દરમિયાન જ તેમને ઓડિશન અને ટીવીની દુનિયાનો અનુભવ મળવા લાગ્યો હતો.

મૃણાલ કહે છે, 'થ્રી ઈડિયટ્સ'એ તેની કારકિર્દી બદલી નાખી. નહીં તો આજે તે એક્ટ્રેસ નહીં, પણ કોઈ ક્લિનિકમાં ડેન્ટિસ્ટ હોત. મૃણાલ કહે છે, 'થ્રી ઈડિયટ્સ'એ તેની કારકિર્દી બદલી નાખી. નહીં તો આજે તે એક્ટ્રેસ નહીં, પણ કોઈ ક્લિનિકમાં ડેન્ટિસ્ટ હોત. મૃણાલનાં માતા-પિતા ઈચ્છતાં હતાં કે તે ડેન્ટિસ્ટ બને. તેણે પ્રવેશ પરીક્ષા પણ પાસ કરી લીધી હતી, પરંતુ તેનું મન પત્રકારત્વ તરફ ઢળ્યું. મુંબઈ આતંકી હુમલાઓના રિપોર્ટિંગથી પ્રેરિત થઈને તે ક્રાઈમ રિપોર્ટર બનવા માગતી હતી. પિતાની પરવાનગીથી તેણે જર્નલિઝમમાં એડમિશન લીધું, પણ કિસ્મત તેને કેમેરા સામે લઈ આવી. કોલેજ દરમિયાન મજાક-મજાકમાં આપેલા એક ઓડિશને મૃણાલની જિંદગી બદલી નાખી. તેને 2012માં સ્ટાર પ્લસના ટીવી શો 'મુઝસે કુછ કહેતી... યે ખામોશિયાં'માં કામ કરવાનો મોકો મળ્યો. આ જ તેમનો પહેલો મોટો બ્રેક હતો, જેણે અભિનયના સફરની ઔપચારિક શરૂઆત કરી દીધી.ટીવી પછી તેણે મરાઠી ફિલ્મો તરફ વળ્યા. તેની પહેલી મરાઠી ફિલ્મ 'Hello Nandan' હતી. આ ફિલ્મથી તેણે મોટા પડદા પર પગ મૂક્યો અને પ્રાદેશિક સિનેમામાં પોતાની ઓળખ બનાવવાની શરૂઆત કરી.શરૂઆતમાં પરિવારને એક્ટિંગ કરિયરને લઈને ચિંતા હતી, કારણ કે અભ્યાસ પ્રભાવિત થઈ રહ્યો હતો. જ્યારે કામ અને અભ્યાસ સાથે સંભાળવું મુશ્કેલ બન્યું, ત્યારે પિતાએ તેને એક સ્પષ્ટ દિશા પસંદ કરવાની સલાહ આપી. પરિવારના સમર્થને જ મૃણાલને પોતાના નિર્ણય પર અડગ રહેવાની તાકાત આપી. 'કુમકુમ ભાગ્ય' ઝી ટીવી પર ટેલિકાસ્ટ થયું હતું. ફોટોમાં પોતાની કો-એક્ટર શ્રુતિ ઝા સાથે મૃણાલ ટીવી શો 'કુમકુમ ભાગ્ય'માં 'બુલબુલ'ના કિરદારે મૃણાલને ઘરે-ઘરે ઓળખ અપાવી. આ ભૂમિકા પછી તે દર્શકો વચ્ચે 'બુલબુલ'ના નામથી પ્રખ્યાત થઈ ગઈ અને તેના કરિયરને નવી ઊંચાઈ મળી. જોકે કરિયરની શરૂઆતમાં મૃણાલને લુક્સ અને ફિગરને લઈને મેણાં-ટોણાં સાંભળવા પડ્યાં હતાં. તેને ગામડાની છોકરી કહીને બોલાવવામાં આવી હતી.



### પતિ આદિત્ય ધરના ખોબલે ખોબલે વખાણ કર્યાં

# 'ધુરંધર 2 અસાધારણથી પણ ચડિયાતી છે':યામી ગૌતમે રિલીઝ પહેલા જ ફિલ્મનો રિવ્યૂ આપ્યો

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર' સુપરહિટ સાબિત થઈ, ત્યારથી જ દર્શકોને ફિલ્મના બીજા ભાગની આતુરતાથી રાહ છે, જે 19 માર્ચે રિલીઝ થશે. આ દરમિયાન ફિલ્મના ડિરેક્ટર આદિત્ય ધરની પત્ની અને એક્ટ્રેસ યામી ગૌતમે ફિલ્મને લઈને ઉત્સાહ વધુ વધારી દીધો, જ્યારે તેણે જણાવ્યું કે, તે 'ધુરંધર 2' જોઈ ચૂકી છે.સાથેની વાતચીતમાં યામી ગૌતમે કહ્યું, 'મારા પતિએ 'ઉરી' જેવી ઘણી શ્રેષ્ઠ ફિલ્મો બનાવી છે. તાજેતરમાં તેમણે 'ધુરંધર' બનાવી છે. 'ધુરંધર' જેવી ફિલ્મ બનાવવા માટે તેમનામાં અદભુત જુસ્સો છે, નહીં તો આ શક્ય ન બનત.'

જ્યારે એક્ટ્રેસને પૂછવામાં આવ્યું કે, 'શું તેમની કોઈ ફિલ્મ 19 માર્ચે રિલીઝ થઈ રહી છે?' તો તેણે જવાબ આપ્યો, 'જુઓ, 'ધુરંધર' સંબંધિત કોઈ પણ માહિતી આદિત્ય જ આપશે. બાકી બધાની જેમ મારે પણ તે દિવસે સિનેમા હોલમાં એક જરૂરી એપોઈન્ટમેન્ટ છે, તો તમારા બધા સાથે ત્યાં જ મુલાકાત થશે.'

યામી ગૌતમે આગળ જણાવ્યું કે, તેણે 'ધુરંધર 2' જોઈ લીધી છે. એક્ટ્રેસે કહ્યું, 'મેં 'ધુરંધર 2' જોઈ લીધી છે. આ અસાધારણથી પણ ચડિયાતી છે. હું ખૂબ ભાવુક થઈ ગઈ હતી. તે દિવસે મારે ફ્લાઈટ પકડવાની હતી, તેથી હું આદિત્યને કંઈ કહી શકી નહીં. પછી પણ હું કંઈ કરી શકી નહીં. મારે સ્ક્રિપ્ટ વાંચવી હતી, પણ વાંચી શકી નહીં, કંઈક જોવું હતું, પણ જોઈ પણ શકી નહીં. 'ધુરંધર 2' દર્શકો માટે એક એવો અનુભવ હશે, જેને તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં.'નોંધનીય છે કે, 'ધુરંધર 2' 19 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનો ક્લેશ યશની ફિલ્મ 'ટોક્સિક' સાથે થશે. ફિલ્મમાં રણવીર સિંહ લીડ રોલમાં છે. તેમની સાથે આર માધવન,



અર્જુન રામપાલ અને સંજય દત્ત જેવા કલાકારો પણ જોવા મળશે. યામી ગૌતમે આગળ જણાવ્યું કે, તેણે 'ધુરંધર 2' જોઈ લીધી છે. એક્ટ્રેસે કહ્યું, 'મેં 'ધુરંધર 2' જોઈ લીધી છે. આ અસાધારણથી પણ ચડિયાતી છે. હું ખૂબ ભાવુક થઈ ગઈ હતી. તે દિવસે મારે ફ્લાઈટ પકડવાની હતી, તેથી હું આદિત્યને કંઈ કહી શકી નહીં. પછી પણ હું કંઈ કરી શકી નહીં. મારે સ્ક્રિપ્ટ વાંચવી હતી, પણ વાંચી શકી નહીં, કંઈક જોવું હતું, પણ જોઈ પણ શકી નહીં. 'ધુરંધર 2' દર્શકો માટે એક એવો અનુભવ હશે, જેને તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં.'

નોંધનીય છે કે, 'ધુરંધર 2' 19 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનો ક્લેશ યશની ફિલ્મ 'ટોક્સિક' સાથે થશે. ફિલ્મમાં રણવીર સિંહ લીડ રોલમાં છે. તેમની સાથે આર માધવન, અર્જુન રામપાલ અને સંજય દત્ત જેવા કલાકારો પણ જોવા મળશે.

### 'બાળક માટે લગ્ન કરવાની જરૂર નથી'

# ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહે એગ્સ ફ્રીઝ કરાવ્યા, કહ્યું- 'મારી શરતો પર માતા બનવા માગું છું'




સલમાન ખાનની ફિલ્મ 'જય હો'થી બોલિવૂડમાં ડેબ્યુ કરનારી ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહ હાલમાં તેના જીવનમાં લીધેલા એક મોટા નિર્ણયને લઈને ચર્ચામાં છે. ડેઝીએ જણાવ્યું કે, તેણે પોતાના એગ્સ ફ્રીઝ કરાવી લીધા છે. 41 વર્ષીય એક્ટ્રેસે કહ્યું કે, પરિવાર શરૂ કરવા માટે લગ્ન જરૂરી નથી અને તે પોતાની શરતો પર માતા બનવા માંગે છે.

ડેઝી શાહે તાજેતરમાં 'ફિલ્મીજ્ઞાન' (એન્ટરટેઇનમેન્ટ વેબસાઇટ)ને આપેલા એક ઇન્ટરવ્યુમાં પોતાની પર્સનલ લાઇફ અને નિર્ણયો વિશે વાત કરી. તેણે જણાવ્યું કે, તેણે પોતાના એગ્સ ફ્રીઝ કરાવવાનો નિર્ણય એટલા માટે કર્યો, જેથી ભવિષ્યમાં તેની પાસે વિકલ્પો ખુલ્લા રહે.

ઈન્ટરવ્યુ દરમિયાન, તેને પ્રેમ અને પૈસામાંથી કોઈ એકને પસંદ કરવા માટે કહેવામાં આવ્યું, તો ડેઝીએ જવાબ આપ્યો કે, તેને બંને, એટલે કે પૈસાની સાથે પ્રેમ જોઈએ. તેનું માનવું છે કે, કોઈપણ સંબંધમાં ઈમોશનલ કનેક્શન અને ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી બંને જરૂરી છે. તેણે એમ પણ કહ્યું કે, તે એવા પાર્ટનરને પસંદ કરશે, જે ફાઇનાન્શિયલી ઈન્ડિપેન્ડન્ટ અને સિક્યોર હોય. લગ્નને લઈને ડેઝીએ કહ્યું કે, આજકાલ રોજ કપલ્સના અલગ થવાના કે 'બ્લુ ડ્રમ' જેવા કિસ્સાઓના સમાચાર સામે આવે છે, જે ડરામણા છે. જોકે, તેણે સ્પષ્ટ કર્યું કે તેણે આ વિશે વધારે વિચાર્યું નથી કે, આ સમાચારોએ તેની વિચારસરણીને કેટલી બદલી છે. લગ્નના પ્લાન વિશે તેણે કહ્યું કે, આ નિર્ણય તેણે ઉપરવાળા પર છોડી દીધો છે. ડેઝીએ 2019માં ગુજરાતી ફિલ્મ 'ગુજરાત 11' કરી હતી. 2023માં તેણે ટીવી શો 'ખતરોં કે ખિલાડી 13'માં ભાગ લીધો હતો. મધરહુડ પર તેણે સ્પષ્ટ કહ્યું કે, 'બાળક માટે લગ્ન જરૂરી નથી. એગ્સ ફ્રીઝ કરાવ્યા પછી હું જ્યારે ઈચ્છું, ત્યારે માતા બનવાનો નિર્ણય લઈ શકું છું.'

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, ડેઝી શાહ છેલ્લે વેબ સિરીઝ 'રેડ રૂમ'માં જોવા મળી હતી. તે હવે શ્રેયસ તલપડે સાથે પલાશ મુછાલ દ્વારા ડિરેક્ટેડ ફિલ્મમાં જોવા મળશે.

### એક્ટરને વિલનના રોલમાં જોઈ ચાહકોમાં ઉત્સાહ

# મોંમાં સિગાર અને હાથમાં તલવાર:' સ્પિરિટ'માં વિવેક ઓબેરોયનો ગ્રિટી અવતાર

સાઉથ સુપરસ્ટાર પ્રભાસની આગામી ફિલ્મ 'સ્પિરિટ'માંથી બોલિવૂડ એક્ટર વિવેક ઓબેરોયનો પહેલો લુક રિવીલ કરવામાં આવ્યો છે, જેણે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. આ દમદાર પોસ્ટર શેર થતાં જ સોશિયલ મીડિયા પર ચાહકોની પ્રતિક્રિયાઓનો ધસારો જોવા મળ્યો, જેમાં ઘણા લોકો ફિલ્મને 1000 કરોડ ક્લબ સુધી પહોંચતી જોવાની વાત કહી રહ્યા છે.ફિલ્મના મેકર્સે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર વિવેકના પાત્રનું પોસ્ટર શેર કર્યું, જેમાં તે એક દમદાર અને સ્ટાઈલિશ લુકમાં દેખાઈ રહ્યો છે. લાંબો કોટ, મોંમાં સિગાર અને હાથમાં તલવાર સાથે વિવેકનો આ અવતાર ખૂબ જ ગ્રિટ્ટી અને ઈન્ટેન્સ લાગે છે, જે દર્શકોમાં એક અલગ જ ઉત્સાહ ભરી રહ્યો છે.આ પોસ્ટરમાં નવોદિત એક્ટ્રેસ ઐશ્વર્યા દેસાઈનો પણ એન્ટ્રી-લેવલ લુક બતાવવામાં આવ્યો છે. તે એક સસ્પેન્સ ફ્લેવરવાળા દ્રશ્યમાં જોવા મળી રહી છે, જેને જોઈને ઘણા લોકો ફિલ્મના વાર્તામાં તેના પાત્રની ભૂમિકા વિશે અનુમાન લગાવવા લાગ્યા છે. 'સ્પિરિટ'ના ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા છે, જેનો અગાઉનો પ્રોજેક્ટ 'એનિમલ' બોક્સ ઓફિસ પર જબરદસ્ત હિટ રહ્યો હતો. આ જ કારણ છે કે, આ ફિલ્મ સાથે જોડાયેલી દરેક અપડેટને ચાહકો અને વિવેચકો બંને ખૂબ જ આતુરતાથી જોઈ રહ્યા છે. ઈન્ડસ્ટ્રીમાં એવું માનવામાં આવે છે કે, આ ફિલ્મમાં પ્રભાસ સાથે વિવેક ઓબેરોયનો વિલન જેવો કિરદાર દર્શકો માટે એક નવો ઉત્સાહ લઈને આવશે.ફિલ્મમાંથી દીપિકા પાદુકોણની હકાલપટ્ટી બાદ પ્રભાસ અને તૃપ્તિ ડિમરીનો લુક રિવીલ કરવામાં આવ્યો હતો. ફિલ્મમાંથી દીપિકા પાદુકોણની હકાલપટ્ટી બાદ પ્રભાસ અને તૃપ્તિ ડિમરીનો લુક રિવીલ કરવામાં આવ્યો હતો.

ફિલ્મમાં પ્રભાસ ઉપરાંત તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 5 માર્ચ 2027ના રોજ મોટા પડદા પર રિલીઝ થવા માટે તૈયાર છે. એવું માનવામાં આવે છે કે, આ ફિલ્મ આઠ ભાષાઓમાં રિલીઝ થશે, જેનાથી તેની વૈશ્વિક બજાર પર વધુ અસર થશે.સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિક્રિયા જોવા મળી રહી છે. ઘણા યુઝર્સે તેને વિવેકનો જબરદસ્ત કમબેક ગણાવ્યો છે અને હેડલાઈન્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નવી ઊંચાઈઓ સર કરી શકે છે. ફિલ્મમાં પ્રભાસ ઉપરાંત તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 5 માર્ચ 2027ના રોજ મોટા પડદા પર રિલીઝ થવા માટે તૈયાર છે. એવું માનવામાં આવે છે કે, આ ફિલ્મ આઠ ભાષાઓમાં રિલીઝ થશે, જેનાથી તેની વૈશ્વિક બજાર પર વધુ અસર થશે. સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિક્રિયા જોવા મળી રહી છે. ઘણા યુઝર્સે તેને વિવેકનો જબરદસ્ત કમબેક ગણાવ્યો છે અને હેડલાઈન્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નવી ઊંચાઈઓ સર કરી શકે છે.

